
વર્ષ ૯ઃ ઑગસ્ટ-સપ્ટેમ્બરઃ શ્રાવણ-ભાદરવોઃ અંક

6-X
૨૯/૪૭૨
શ્રી જૈન પાઠશાળા
[illegible] - તળાજા
[illegible] (સૌરાષ્ટ્ર)



શ્રી શત્રુંજય ગિરિરાજની તળેટીમાં પ્લોટનું નૂતન જિનમંદિર
[ શ્રી મનસુખભાઈ જીવાભાઈના સૌજન્યથી ]

પેજ
320 — શ્રી વીરવિજયજીની જીવનઝરમર
352 — પ્રભાસપાટણ (સર્વ પરિચય)

# કલ્યાણ

: સંપાદક :
સોમચંદ ડી. શાહ

વર્ષ ૯, શ્રાવણ–ભાદરવો; ઓગષ્ટ-સપ્ટેમ્બર અંક ૬–૭

# વિષય દર્શન


| લેખ. | લેખકનું નામ | પેજ. |
|---|---|---|
| પધારો પર્વાધિરાજ | શ્રી. | ૨૬૩ |
| પ્રગતિના પંથે | શ્રી શાંતિલાલ મણીલાલ શાહ | ૨૬૫ |
| કાયા તારી માયા | શ્રી રમણીકલાલ પી. દોશી | ૨૬૬ |
| રામ–વનવાસ | પૂ. પં. શ્રી કનકવિજયજી મ. | ૨૬૮ |
| શંકા–સમાધાન | પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. | ૨૭૧ |
| મા–બાપની જવાબદારી | શ્રી કુસુમબેન શાહ | ૨૭૩ |
| દહીંના ગુણ–અવગુણ | પૂ. મુ, શ્રી નિત્યાનંદવિજયજી મ. | ૨૭૬ |
| સાચું ભણતર | શ્રી કીશોરકાંત દ. ગાંધી | ૨૭૯ |
| મહાસાગરનાં મોતી | પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિજી મ. | ૨૮૨ |
| અમીઝરણાં | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. | ૨૮૫ |
| કાલવૈશિક | શ્રી મનવંતરાય મ. શાહ | ૨૮૮ |
| હૃદયપલ્ટો | શ્રી એન. બી. શાહ | ૨૯૨ |
| અનાથ કોણ ? | શ્રી કીર્તિકુમાર હાલચંદ વોરા | ૨૯૪ |
| ટ્રસ્ટ એક્ટ | શ્રી કેશરીચંદ ને. વકીલ | ૨૯૬ |
| બાળકોની માવજત | શ્રી લીલચંદ સી. શાહ | ૨૯૮ |
| આપણી લોકશાહી | શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી | ૩૦૦ |
| જીવનમાં શ્રદ્ધા | પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. | ૩૦૪ |
| અનાથી મુનિ | પૂ. મુ. શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. | ૩૦૬ |
| સુવર્ણ વાક્યો | શ્રી આગમોદ્ધારક | ૩૦૮ |
| સાહિત્યનાં ક્ષીર–નીર | શ્રી ચંદ્ર | ૩૦૯ |
| સુખ-દુઃખનાં કારણો | પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મ. | ૩૧૨ |
| ભવજલ તરશું ભાઈ! | શ્રી સુંદરલાલ ચુનીલાલ M. A. | ૩૧૫ |
| પર્યુષણ પર્વ | શ્રી મફતલાલ સંઘવી | ૩૧૭ |
| જીવન ઝરમર | શ્રી સેવંતિલાલ જૈન | ૩૨૦ |
| એ શું કરે ? | સં૦ પ્રશાંત | ૩૨૨ |
| સમજાય તો સારૂં | શ્રી ઉજમશી જુઠાલાલ શાહ | ૩૨૭ |
| સાચો મિત્ર | પૂ. મુ. શ્રી કીર્તિવિજયજી મ. | ૩૨૯ |
| નવી નજરે | શ્રી સંજય | ૩૩૦ |
| જગડુશાહ | શ્રી ફુલચંદભાઈ મહુવાકર | ૩૩૩ |
| બાલજગત | જુદા જુદા લેખકો | ૩૩૬ |
| આત્મમંડળની યોજના | કાર્યાલય તરફથી | ૩૪૩ |
| નમ્ર નિવેદન | જિર્ણોદ્ધાર કમિટિ | ૩૫૨ |
| ચાતુર્માસિક સ્થળો | સંગૃહિત | ૩૬૦ |


## —: બાકી રહી જતા લેખો :—

બે અંક સાથે એટલે દશ ફર્મા આપવાનો નિયમ છતાં ૧૩ ફર્મા કરવા છતાં નીચે મુજબ લેખો વગેરે રહી જવા પામેલ છે. લેખ મોકલવા બદલ લેખકોના અમે આભારી છીએ, સીલીક રહેલા લેખોને આગામી અંકે પ્રથમ પસંદગી અપાશે.

| | |
|---|---|
| ૧ જેશીંગ ખોસો | શ્રી પન્નાલાલ જ. મશાલીઆ |
| ૨ કુલદીપક | શ્રી જયકીર્તિ |
| ૩ મધપૂડો | શ્રી મધુકર |
| ૪ અમે અને તમે | શ્રી પ્રશાંત |
| ૫ વિવેકનું મહત્ત્વ | શ્રી ચિત્રભાનુ |
| ૬ હું કોણ ? | ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ |
| ૭ ઝાંઝરીયા મુનિવર | પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ |

**હવે પછીનો અંક તા ૧૫–૧૦–૫૨ ના રોજ પ્રગટ થશે.**

વર્ષ ૯: ઓગસ્ટ-સપ્ટેમ્બર: શ્રાવણ-ભાદરવો: અંક ૬-૭.

# કલ્યાણ

## જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

## પધારો પર્વાધિરાજ!

પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વના પવિત્ર દિવસો આવી રહ્યા છે. માનવ જીવનને પવિત્ર તથા ધન્ય બનાવનારા આ મહામાંગલિક અવસરે આપણે ખૂબ જ જાગૃત બનીને આરાધનાની સન્મુખ બનવું જોઇએ. માનવજીવન એ સામાન્ય રીતે ધર્મને આરાધવા માટે મોશમરૂપ ગણાય છે, મોશમમાં જેમ વ્યાપાર કરનાર વ્યાપારીને ધંધામાં કસ સારો રહે છે. તે રીતે માનવદેહને પામેલાઓ આ દેહદ્વારા ધર્મની આરાધના સર્વાંગ સુંદર રીતે સાધી શકે છે.

સર્વશ્રેષ્ઠ ઉન્નત આચારો તથા વિચારો માટેની ઉમદા તક માનવજીવનમાં છે. માનવતા એ જ માનવનો ધર્મ છે, આ પ્રકારનો ધર્મ માનવને જીવન જીવતાં શીખવે છે, મરતી વખતે સમાધિ આપે છે, તથા ભવાંતરમાં શુભગતિનો કોલ દે છે, ધર્મનો સંબંધ આ કારણે જ સમસ્ત સંસારમાં જો કોઇની સાથે પરમાર્થભાવે હોય તો તે કેવળ આત્મા સાથે જ છે. શરીર, દ્રવ્ય કે કુટુંબ આદિની સાથે ધર્મનો વાસ્તવિક સંબંધ નથી જ. હા, શરીરાદિની અનુકૂળતા ધર્મની સાધનામાં સહાયક જરૂર બને, પણ ધર્મનો ઉપકાર તો કેવળ આત્મા પર થાય છે, એ ભૂલવું જોઇતું નથી.

આત્માનો સ્વભાવ એ જ ધર્મ છે, પણ આજે આત્મા પોતાના સ્વભાવને ભૂલીને બહાર ભટકતો થયો છે, માટે આત્માના તે સ્વભાવને પ્રગટ કરવા માટે શ્રી અરિહંત ભગવંતોએ ધર્મનાં જે જે આલંબનો ફરમાવ્યાં છે, તેની આરાધના એ પણ ધર્મની આરાધના ગણાય છે. આ બધાં આલંબનો આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટેનાં નિમિત્તો હોવાથી તે પણ શુદ્ધ ધર્મસ્વરૂપ છે.

આલંબનો જૈનશાસનમાં સંખ્યાતીત છે, જેને જે દ્વારા આત્મધર્મ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય, તે તેનાં આલંબન ગણાય છે, છતાં રાજમાર્ગ તરીકે દાન, શીલ, તપ, તથા ભાવના, અહિંસા, સંયમ તથા તપ, જ્ઞાન, ક્રિયા: આ બધા ધર્મની આરાધના માટેનાં ખાસ તેમજ શુદ્ધ આલંબનો છે, જેમ જેમ આ બધાં આત્મઉપકારક આલંબનોની આરાધના ભાવે એકચિત્તે થતી રહે છે, તેમ તેમ આત્મસ્વરૂપની પ્રાપ્તિ ભણી આત્મા પગલાં ભરે છે.

**માનવદેહ** પામ્યા પછી જેઓ સર્વકાલ ધર્મ કરવાનું સામર્થ્ય ધરાવતા નથી, આવા આત્માઓ પર્વના દિવસોમાં ધર્મ કરવા સ્હેજે ઉત્સુક બને છે, પર્વદિવસોમાં વાતાવરણ, વાત-ચીત, તથા હવા, પણ ધર્મ કરવા માટેના ઉત્સાહની પ્રેરક હોય છે. પર્વદિવસોમાં સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રધર્મની આરાધના કરવાદ્વારા આત્મા, નિજનાં પાપમળને ધોઇ, જીવનને નિર્મલ, નિષ્પાપ તથા ઉર્ધ્વમુખ બનાવવા માટે ઉદ્યમશીલ બને છે.

**પર્વાધિરાજ** શ્રી પર્યુષણા પર્વ, સર્વ પર્વોમાં શિરોમણિ છે, પર્વોનો મુકુટમણિ છે, બાર-બાર મહિનાથી સંસારમાં વિષય, કષાય, પ્રમાદ, મોહ આદિ પાપોનો ભાર આત્મા પર પડતો રહ્યો છે, આ ભારથી આત્માને મુક્ત કરવામાં પર્યુષણા પર્વની આરાધના સહાયક બને છે. પર્વાધિરાજની આરાધના, પવિત્રતા, શીતળતા શુદ્ધિ માટેનું આ ગંગાસ્નાન છે, બાર-બાર મહીનાના સઘળાયે પાપ મળોથી તેમજ વૈર-વિદ્વેષ કે રાગ-રીસના જે કાદવથી આત્મા ખરડાયો હોય, તેમાંથી શુધ્ધ થવા માટે પર્વાધિરાજની આરાધના અતિશય ઉપકારક છે.

**ક્ષમાપના** એ આ પર્વાધિરાજનો પ્રાણ છે, ભવો-ભવના વૈરોને ખમાવનાર જેને બાર મહિનામાં જે કોઇની સાથે કાંઇ પણ મમતના કારણે કદાગ્રહ, સ્વાર્થ, રાગ, દ્વેષ ઇત્યાદિના યોગે, બોલવા-ચાલવામાં, લેવા-મૂકવાના વ્યવહારમાં વૈરભાવ બંધાઇ ગયો હોય; તે વૈર, મનના મળો કે હૃદયના ભેદો ટાળી, સાત પેઢીના દુશ્મનની સાથે પણ હૃદયની સરળતા-પૂર્વક ક્ષમા માંગીને આત્માને હળવો બનાવવો જોઇએ, ક્ષમા માંગનાર મહાન છે, અને અંતરના આમળાઓને દૂર ટાળી ક્ષમા આપનાર પણ ખરેખર મહાન છે, ક્ષમાદ્વારા તે બન્ને આ રીતે સંસારસાગરને સહેલાઇથી તરી જવા સમર્થ બને છે.

**જીવનની** ક્ષણભંગુરતા, સંપત્તિની ચંચલતા તથા સંસારસંબંધોની અસારતાનું જેને સતત ભાન છે, આવો જાગ્રત આત્મા પર્વાધિરાજની આરાધના માટે જીવનમાં દરેક પ્રકારની તૈયારીઓ કરી રાખે છે. બાર મહિનાની પુણ્ય-પાપની પ્રવૃત્તિઓનું સરવૈયું કાઢી માનવ-જીવનને ઉજ્વળ બનાવનાર આરાધકભાવ જેના હૈયામાં વર્ષ દરમ્યાન સતતપણે જીવંત રહ્યો છે, એ આરાધક આત્મા પર્વાધિરાજને સન્માનવા સદા ઉત્સુક રહે છે, પર્વાધિરાજનો ચૈતન્ય સંદેશ જીવનમાં ઉતારવા તે હંમેશા તૈયાર રહે છે. પાષાણના ટુકડા પર ટાંકણાદ્વારા અદ્ભૂત શિલ્પને અમર કરી જનાર કોઇ મહાન શિલ્પીના જેવો આ પર્યુષણ મહાપર્વનો માંગલિક અવસર જીવનમાં અદ્ભૂત ચૈતન્યની પ્રેરણા આપી માનવજીવનને સફળ બનાવી જાય છે, એ રખે ભૂલતા !

**માટે** જાગો, ઓ માનવો ! પર્વશિરોમણિ પર્યુષણા મહાપર્વની આરાધના માટે જીવનને તૈયાર કરો ! ભાવના, શ્રદ્ધા તથા ભક્તિના મંગલ સ્વસ્તિકોની રંગોળી આત્મઆંગણે પૂરી, પર્વાધિરાજને સન્માનવા સજ્જ બનો ! ખૂબ જ ગંભીર, મધુર તથા મંજુલ સ્વરે હૃદયના ઉંડાણમાંથી પોકાર કરતા સ્વાગતસૂરોથી દિશાઓને પૂરી દો, અખંડ અક્ષતથી વધાવીને પર્વાધિરાજનું સ્વાગત **ભલે પધાર્યા પર્વાધિરાજ** કરો.

# પ્રગતિના પંથે પાંચ પગથીઆં

—: શ્રી શાંતિલાલ મણિલાલ શાહ :—

સહુકોઇ મતિસુઝયા માર્ગે પોતાની પ્રગતિને માટે મથી રહ્યા હોય છે. પોતાને જે જે નિયમો અને અનુષ્ઠાનોથી પ્રગતિ થઈ રહેલી અનુભવાતી હોય તે તે દ્રઢતાથી સેવતા રહેવું જોઇએ, કિન્તુ ઘણાઓ વ્રત–નિયમોરૂપ ગિરિવરો ઉપર સહેલાઇથી ચઢી શકતા નથી, અને ચઢેલાઓમાંથી કેટલાક લપસી કે ગબડી પણ જાય છે, પણ તેને દ્રઢતાથી વળગી રહી આત્મોન્નતિના શીખર ઉપર ચઢનારા વિરલા જ હોય છે.

અત્રે સાવ સહેલા લાગે એવા અને મહાન લાભ થાય તેવા પાંચ નિયમો દર્શાવ્યા છે, તે અચુક રીતિએ આરાધવાથી આત્માનું અપૂર્વ સત્ય ખીલી ઉઠશે અને જીવનમાં વિશેષ કાંઇ આરાધના નહિ કરનારને પણ જીવન સાફલ્યનો સંતોષ અનુભવાશે.

(૧) હંમેશાં દિવસમાં ત્રણવાર સવાર–બપોર–સાંજ ઈષ્ટદેવ શ્રી અરિહંત પરમાત્માનાં ભાવથી દર્શન કરવાં, એ પ્રથમ નિયમ.

૨. રોજ ઓછામાં ઓછો એક કલાક સદ્‌ગુરૂની ઉપાસના–સુશ્રૂષા અથવા ઉપદેશનું શ્રવણ કરવું, ઉત્તમ મહાત્માઓના સત્સંગથી જીવનમાંથી પાપ અને પાપવિચારોનો તાપ દૂર ભાગી જાય છે, અને આત્મા શીતલતા અનુભવે છે, એક કવિએ કહ્યું છે કે:–

**"જગતમાં ચંદન શીતલ છે, અને ચંદનથી ચંદ્રમા શીતલ છે, પણ ચંદન અને ચંદ્રથીએ સાધુનો સંગમ શીતલ છે."**

(૩) વિશુદ્ધ અને સ્થિર મનથી હંમેશાં શ્રી પંચ પરમેષ્ઠિ મહામંત્રનો ૧૦૮ વાર જાપ કરવો (એટલે કે, એકાગ્ર મને રોજ એક બાંધી નવકારવાલી ગણવી) શ્રી નવકાર મંત્રનો પ્રભાવ કોઇથી વર્ણવી શકાય તેમ નથી, તે તો કેવળ અનુભવી શકાય તેવો જ છે, સાધકને તેના પ્રભાવની પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે.

(૪) અલ્પ પ્રયાસે અતિ મહાન્ લાભ આપનાર એક અદ્‌ભૂત નિયમ 'મુઠ્ઠસી પચ્ચક્ખાણ' છે. "જ્યારે જ્યારે કાંઇ પણ ખાવાની જરૂર પડે ત્યારે ત્યારે મુઠ્ઠી વાળી નવકારમંત્ર ગણી પછી ખાવું કે પીવું, અને ત્યારબાદ તત્તજ બે હાથ જોડી ફરી પચ્ચક્ખાણ ધારી લેવું." આ નિયમને અચૂક રીતે પાળનાર આખા જીવનનો મોટો ભાગ તપોમય અને વિરતિયુક્ત બનાવી દે છે, જેમ નાનકડા અંકુશથી મોટો મદોમન્ત ગજરાજ વશ કરાય છે, તેમ આ સહેલામાં સહેલા નાનકડા પચ્ચક્ખાણથી અપ્રત્યાખ્યાનરૂપી મોટો હાથી વશ કરાય છે, અને ગમે તે પળે અણધાર્યું મૃત્યુ આવી લાગે તો પણ ચારે પ્રકારના આહારના પ્રત્યાખ્યાનપૂર્વક જ સમાધિ મરણ પ્રાપ્ત થાય છે.

(૫) પાંચમો નિયમ સહેલો તો છેજ પણ ચીવટથી સાધ્ય છે. તે ખાવા–પીવામાં લીધેલા વાસણોની શુદ્ધિ અંગેનો અને કફ મલ–મૂત્રાદિના ત્યાગ સંબંધનો છે. થાળી ધોઇ પીવાથી એક આયંબીલનો લાભ થાય છે, આપણે ખાવામાં કે પીવામાં કોઇ વાસણ-પાત્રનો ઉપયોગ કરીએ તેને લૂછીને એવુ સાફ કરી મૂકવું જોઇએ, કે તેમાં એઠા અન્ન-પાણીનો અંશ પણ રહેવા પામે નહિ. ખૂબ ચીવટથી આ નિયમ પાળનાર અસંખ્યાત

# "કાયા તારી માયા"

શ્રી રમણીકલાલ. પી દોશી.

મનુષ્યપણામાં જીવોને કાયા ઉપર મોહ કેટલો? તેની સારસંભાળ કેવી? મારી કાયાને એક ઊની આંચ પણ ન આવવી જોઇએ. હું પૈસે ટકે સાધન સમ્પન્ન માણસ છું, એટલે આ દેહને હુલાવવા-ફુલાવવામાં મારૂં સર્વસ્વ માનું, પણ એ વિચાર નથી. આવતો કે, આ દગાખોર કાયા એ પણ નાશવંત છે. આ કાયાનો ઉપયોગ કેવળ આત્મકલ્યાણની સાધના માટે જ છે. વીતરાગ ભગવંતે ભવ્ય જીવોના ઉધ્ધાર માટે બતાવેલી ઉત્તમ ધર્મ-કરણી કરવા માટે જ આ કાયાનો ઉપયોગ કરવાનો છે, તેની જગ્યાએ આ કાયાનો ઉપયોગ શેમાં થાય છે? મનુષ્ય જીવનનું ખોળીયું મળવું એ પણ દુર્લભ છે. કાયાની મમતા અનાર્યદેશના અનાર્યો, આર્યદેશમાં પણ



આર્યત્વને ભૂલીને નામના આર્યો ઘણી કરે છે પણ વિવેક મળે નહિ. એટલે કાયામાં સર્વસ્વ માનીને ઘણાએ ભવોમાં આ આત્માએ પોતાનું જીવન પૂર્ણ કર્યું, પણ હવે તો પંચેન્દ્રિય મનુષ્ય જીવનમાં તેમાંય જૈન કુળમાં ને દેવ, ગુરુના ઉત્તમ સંયોગોમાં આપણને ભાન થાય છે કે, "અહો! ભવ સમુદ્રને પાર પામવા માટે નાવ સમાન આ કાયાનો ઉપયોગ વીતરાગ ભગવંતે પ્રરૂપેલા ધર્મના સિદ્ધાંતો ઉપર અડગ શ્રદ્ધાથી, ધર્મકરણી, ત્યાગ-તપશ્ચર્યા વગેરેથી મૃત્યુના અંતસુધી કેવળ આત્મ કલ્યાણની સાધના માટે કરીશ, તો મારા આત્માને ભવોભવ સુધી આવાં ખોળીયાં ઊભાં કરવાની જરૂરીયાત રહેતી નથી. આત્મા પોતે સિધ્ધ-બુધ્ધ થઇને આત્મસુખમાં રમણ કરશે. મેઘકુમાર રાજકુમારને કાયા ઉપરનો મોહ તુટયો, સંયમમાર્ગ ગ્રહણ કર્યો, તેજ રાત્રીએ ચોથા પહોરે જ્યારે અન્ય મુનિઓ માત્રુ જતા હતા ત્યારે તેઓના પાદ ચરણો મેઘકુમાર મુનિએ જ્યાં સંથારો પાથર્યો હતો તેમને ઓળંગીને પસાર થતાં હતાં. મેઘકુમાર વિચાર કરવા લાગ્યા કે, જ્યારે હું રાજકુમાર

---

સમૂર્છિમ જીવોની નિરર્થક હિંસાના પાપથી બચી જાય છે. એજ રીતે કફ, મલ-મૂત્રાદિના વિસર્જનમાં પણ નિર્જીવભૂમિ ઉપર તે મલાદિ ત્યાગ કરવા ખૂબ ઉપયોગ રાખવો, ગટરોનો સંપર્ક તો ખરેખર નરકનું જ દ્વાર છે, શહેરી જીવનમાં આ વસ્તુ વધારે દુષ્કર છે, છતાં બને તેટલો ઉપયોગ રાખી વર્તવાથી નિર્દોષ જીવન જીવી શકાય છે.

આવું નિર્મળ જીવન જીવવાથી બીજા દોષો આવી શકતા નથી, અને મનુષ્ય જીંદગી અલ્પાંશે પણ સફળ થાય છે. દરેકે દરેક સાધર્મિક ભાઈ-બહેનોને અપીલ કરવામાં આવે છે, કે સાવ સહેલાઇથી પાળી શકાય તેવા આ નિયમો ચીવટથી પાળી તેનાથી થતા લાભો બીજાઓને જણાવી આ માર્ગે વાળવા પ્રયત્ન કરવો, એજ શ્રેયસ્કર છે.

હતો ત્યારે સૌ મને મેઘકુમારભાઇ, મેઘકુમારભાઇ કહેતા હતા, હવે અહીં તો મારો કોઇ ભાવ પણ પૂછતું નથી. પ્રાતઃકાળે ભગવાન મહાવીરસ્વામીની સંમત્તિ લઇને મારા સંસારી કપડાં પાછાં પહેરી લઇશ, આ વિચારમાં જ્યાં ભગવાન મહાવીરસ્વામીના સમવસરણમાં આવે છે, એટલે પ્રભુ પૂછે છે, કેમ મેઘકુમાર ! રાત્રે ઊંઘ બરાબર આવી નહી ને ? સંસારમાં પાછું જવાનું મન થાય છે ને? પણ યાદ કર તારો પૂર્વભવ ! એક સસલાની દયા ખાતર પૂર્વના તારા હાથીના ભવમાં પડછંદ કાયાની જરાપણ પરવા કર્યા સિવાય અઢી દિવસ સુધી એક પગે ઊભા રહીને સસલાને જીવિતદાન આપ્યું, જેના યોગે તને આવો ઊચ્ચ માનવભવ મળ્યો અને પાછો સંસારમાં પરિભ્રમણ કરવાનો વિચાર કરે છે ? મેઘકુમારને પશ્ચાતાપ થયો. બાર વર્ષ સુધી ઘોર તપશ્ચર્યા કરીને કાયાને સુકવી નાંખી આત્મકલ્યાણ સાધીને દેવલોકમાં ગયા, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં સંયમ માર્ગ ગ્રહણ કરીને મોક્ષે જશે. મેઘકુમારે કેવો પુરુષાર્થ આદર્યો અને કેવું પરિણામ લાવ્યા ? આ એજ કાયા છે, જેનાથી મોક્ષ સુધીના મહાસુખોને મેળવી શકીએ અને જેના વડે નરક સુધીનાં મહાન ભયંકર દુઃખોને પણ સર્જી શકીએ. એક સૂત્ર યાદ રાખવા જેવું છે, કે જેવી રીતે ખણુજની વ્યાધિવાળો ખણુતાં-ખણુતાં જે સુખને પામે છે અને તે પાછળથી દુઃખમાં પરીણમે છે તેવીજ રીતે આ કાયાનો વિષય સુખોમાં કે આહાર આદિમાં ઉપયોગ કરીએ, તો ક્ષણિક સુખ મળે પણ પછી તો છેવટે દુઃખને સર્જવાનું છે, માટે કાયાની મમતા મૂકીને કાયાનો ઉપયોગ કેવળ આત્મકલ્યાણની સાધના માટે કરીએ તો માનવ જીવન ધન્ય બને.

## ક્ષ ૦ મા ૦ પ ૦ ના

સાંવત્સરિક દિવસ એ ક્ષમાપનાનું મહાપર્વ છે. 'કલ્યાણ'નું સંપાદન કાર્ય સંભાળવામાં, પત્રવ્યવહાર કે બીજી કોઈ રીતે શુભેચ્છકો ગ્રાહકો અને સહાયકોના સહવાસમાં આવ્યા હોઇએ તે વખતે જાણુતાં-અજાણુતાં પણ કોઇનુંય મન દુભવ્યું હોય, તો તે બદલ અંતરથી આ પળે અમે ક્ષમા પ્રાર્થીએ છીએ. **સંપાદક**

---

## 'કલ્યાણ' માસિકની ફાઈલો

'કલ્યાણ' માસિકના જરૂર પુરતાજ અંકો છપાવીએ છીએ, એથી ફાઇલો વધારે સીલીકમાં રહેતી નથી. હાલ ૧ લા ૨ જા વર્ષની ફાઇલો મળતી નથી. ૩ જાથીટમા વર્ષની બાઇન્ડીંગ કરેલી ફાઇલો જુજ છે. દરેક ફાઇલના રૂા. ૬-૦-૦ પોષ્ટજ અલગ જરૂર હોય તેઓને વહેલાસર મંગાવી લેવા ભલામણ છે. લખો-

**કલ્યાણ પ્રકાશન મંદિર પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]

# 卐 રામ વનવાસ 卐

### પૂ. પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવર

[ ગતાંકથી ચાલુ ]

**પ્રવેશ ૫ મો :**

[ પૂર્વ પરિચય : મહારાજા દશરથ અયોધ્યાનું રાજ્ય રાણી કૈકેયીના વચનથી ભરતને આપવા તૈયાર થયા છે. રાજ્યાભિષેકનું કાર્ય પતાવી તેઓ સંયમ સ્વીકારવા ઉત્સુક છે. ભરત પોતાના વડિલ ભાઈઓની મર્યાદાના પાલનની ખાતર સ્વયં રાજ્યથી નિઃસ્પૃહ રહ્યા છે, અને રાજ્ય ગાદી સ્વીકારવાની સ્પષ્ટ ના પાડે છે, ભરત, દશરથ મહારાજાની પાસે આવ્યા છે. વંદન કરીને ઉભા છે. ]

**મહારાજા દશરથ** :–ભાઈ ભરત ! તારી માતાની સાથે હું વચનથી બંધાએલો હતો. આજે એ વચન ઋણથી મુક્ત થતાં મને કેટકેટલો આનંદ થાય છે ! એનું વર્ણન હું તારી આગળ કઇ રીતે કરૂં ? માટે તારી માતાની સુખની ખાતર તથા મારા વચન પાલનની ખાતર તારે અયોધ્યાનું રાજ્યસિંહાસન સ્વીકારવું પડશે. તારા જેવા સુવિનીત પુત્રે પિતાનાં વચન પાલન માટે હંમેશા સજ્જ રહેવું જોઇએ.

**ભરત** :–પિતાજી ! આપ અમારા શિરછત્ર છો, આપની આજ્ઞાના પાલનને માટે આપનો દાસ ભરત, પોતાનું માથું આપવા પણ સર્વદા તૈયાર છે. એ વિષે આપ નિઃશંક રહો, પણ સ્વામિન્ ! કેવળ પુત્ર મોહના કારણે અવિચારી બનીને મારી માતા કૈકેયીએ આપની પાસે મારા માટે રાજ્ય માંગ્યું અને આપે આપના વચનને પાળવા માટે મારી માતાની માંગણીનો સ્વીકાર કર્યો, એટલે આપ વચનમુક્ત બન્યા છો. પણ મારા જેવા–વડિલબંધુ રામની ચરણરજને માટે, અયોધ્યાનો રાજમુકુટ સ્વીકારવો કોઇ રીતે ઉચિત નથી જ, માટે પૂજ્ય પિતાજી ! આપ ફરી મને એ વિષે આગ્રહ નહિ કરતા. રાજ્ય સ્વીકારવા સિવાય આપશ્રીની સર્વ આજ્ઞાઓને માથે ચઢાવવા આપનો દાસાનુદાસ આ ભરત હંમેશા તૈયાર છે.

[ એટલામાં રામચંદ્રજી ત્યાં દશરથ મહારાજાની સેવામાં ઉપસ્થિત થાય છે. ભરત રાજ્ય સ્વીકારવા ના પાડે છે, એ જાણ્યા પછી તેઓ ભરતને કહે છે. ]



**રામ** :–( ભરતને ) ભાઈ ભરત ! તારા જેવા શાણા, શાંત તથા વિનીત ભાઇ પાસે હું જરૂર કંઇક આશા રાખી શકું ! તને આજ્ઞા કરવાનો વડિલ બંધુ તરીકે મને અધિકાર છે, એ તારે ભૂલવું જોઇતું નથી ભાઇ ! એક બાજુ પિતાજી પ્રવ્રજ્યા ગ્રહણ કરવા અતિઉત્સુક બન્યા છે. તેઓએ સંસારને ત્યજવા માટે બધી તૈયારીઓ કરી દીધી છે. છેલ્લે છેલ્લે તેઓનું વચન પાછું ઠેલાય, એ તું અને હું શિરછત્ર પિતાના સુવિનીત પુત્રો હોવા છતાં બને એ કોઇ રીતે ઉચિત નથી. માટે ભાઇ ભરત ! રાજ્ય સ્વીકારવામાં તને કોઇ પણ પ્રકારની સ્પૃહા નથી, એ હું સારી રીતે જાણું છું, છતાં આપણા ઉપકારી માતા–પિતાના વચનની ખાતર તારે અયોધ્યાનું રાજ્ય સ્વીકારવું જ જોઇએ. હું તારા વડિલબંધુ તરીકે તને આ જાતની ફરજ પાડું છું. આ વિષે કોઇપણ પ્રકારની આનાકાની એ તને કોઇ રીતે શોભે નહિ.

[વડિલબંધુ રામચંદ્રજીના આદેશને સાંભળી, ભરતની છાતી ભરાઇ જાય છે. આંખમાંથી આંસુ ટપકી પડે છે. તેઓ રામચંદ્રજીના ચરણોમાં નમી પડે છે.]

**ભરત** :– (ગદ્ગદ કંઠે વડિલબંધુ રામચંદ્રજીને) પ્રિય બંધુ! આપ ખરેખર કોઇ મહાન પુરૂષ છો. અયોધ્યાની રાજગાદી માટેનો આપનો અધિકાર કે હક્ક હોવા છતાં, સર્વ રીતે અયોધ્યાના રાજ્ય સિંહાસન માટે આપ લાયક હોવા છતાં. પરમોપકારી પિતાજી તથા માતા કૈકેયીના વચનની ખાતર આ સઘળું તૃણની જેમ આપ આજે ત્યજી દેવા તૈયાર થયા છો. ભાઇ! આપની મહત્તા કોઇ અજબ છે. આપનું વ્યક્તિત્ત્વ કોઇ અલૌકિક છે. ઇક્ષ્વાકુવંશના વારસોમાં જે પ્રકારનો અનુપમ ત્યાગ, અદ્ભૂત સ્વાર્થ બલિદાન તથા અનન્ય વિવેકિતા હોવાં જોઇએ, તે તે બધા ગુણો આપનામાં આજે હું મૂર્તિમંત થયેલા જોઇ શકું છું. પ્રિયતમ બંધુ! પૂજ્ય પિતાજીના પાછળ તેઓના સંયમ માર્ગે પ્રયાણ કરવાની મારી અભિલાષા પ્રથમથી જ હતી, તે આપ સારી રીતે જાણો છે. હાલ એ માર્ગે જવાની વાત તો જાણે વિસરાઈ ગઇ છે. માતા કૈકેયીના પુત્રમોહે રાજકુળમાં આજે નવું વાતાવરણ ઉભું કર્યું છે, એ આપ જોઇ શકો છો. પિતા દશરથ મહારાજાના પુત્ર તરીકે રાજ્ય સિંહાસનને ત્યજી દેતાં આપ જેમ ઇક્ષ્વાકુવંશની કીર્તિ તથા શિરછત્ર મહારાજા દશરથ જેવા પિતાની પ્રતિષ્ઠા શોભાવી રહ્યા છો, તો બંધુ! હું પણ તેજ પિતાનો પુત્ર છું, આપ જેવા વડિલબંધુનો નાનો ભાઈ છું. રાજ્ય સિંહાસનને પિતાના વચનની ખાતર ત્યજનાર વડિલ બંધુ રામચંદ્રજીનો લઘુબંધુ ભરત, માતાના મોહને વશ થઇ અયોધ્યાની રાજ્યગાદી પર બેસી, ઇક્ષ્વાકુવંશની ઉજવળ કીર્તિ તથા પિતા દશરથ મહારાજાની પ્રતિષ્ઠાને કલંક લગાડે એ શું આપને સારૂં લાગે છે? ના, એ કદિ નહિ જ બને ભાઈ! દશરથ મહારાજાના પુત્ર તથા તમારા લઘુબંધુ તરીકે ભરતનું નામ સંસારમાં ગૌરવપૂર્વક રહે, એ શું આપને ઇષ્ટ નથી?

[ભરત રાજ્ય સ્વીકારવા તૈયાર નથી. દશરથ મહારાજાએ કૈકેયીને આપેલું વચન આમ નિષ્ફળ બનતું જોઇ. પિતાજીના વચનની પ્રતિષ્ઠા કોઇ પણ રીતે રહેવી જોઇએ એ વિચારથી મનમાં કાંઇક નિશ્ચિત કરી રામચંદ્રજી, પિતાજીને હાથ જોડીને કહે છે.]

**રામચંદ્રજી** :–પિતાજી! હું સમજું છું કે, ભરત આજે વડિલબંધુ–મારી મર્યાદાનું પાલન કરવા ખાતર રાજ્ય સ્વીકારવાની સ્પષ્ટ ના પાડે છે, અને ભરત જ્યાંસુધી રાજ્ય ગ્રહણ નહિ કરે, ત્યાંસુધી આપનાં વચનનું પરિપાલન નહિ થાય. ઇક્ષ્વાકુ કુલના ક્ષત્રિય પુરૂષ શ્રેષ્ઠોનાં વચન એ પાષાણમાં કોતરેલી રેખા જેવાં છે. આપ આજે સંસાર ત્યજી આત્મકલ્યાણ સાધવા તૈયાર થયા છો. આપની જગત કલ્યાણકર માર્ગ સાધનામાં આજે આ બધાં વિઘ્નો ઉપસ્થિત થતાં જોઇ, પૂજ્ય સ્વામિન્! મારૂં હૃદય ભેદાઇ જાય છે. જો કોઇ રીતે ભાઇ ભરત રાજ્ય ગ્રહણ કરવા તૈયાર થાય તોજ આપ આપના માર્ગે નિર્વિઘ્નપણે પ્રયાણ આચરી શકો. માતા કૈકેયીના હૃદયને તોજ શાંત્વન મળે, અને તોજ આપનું વચન પણ પ્રમાણ રહે. પણ જ્યાંસુધી હું અયોધ્યાના રાજ્યમાં હોઉં, ત્યાંસુધી ભરત અયોધ્યાના રાજ્યને કોઇ રીતે ગ્રહણ નહિ કરે, માટે પિતાજી! આપ મને આદેશ આપો, હું આપના મંગલ આશિર્વાદથી વનમાં જઇ સુખપૂર્વક રહું. વનમાં જવાનો મેં દૃઢ નિશ્ચય કર્યો છે. મારા માર્ગનું કલ્યાણ હું આપની પાસે માગું છું.

[વજ્ર જેવા દૃઢ નિશ્ચયી રામચંદ્રજીએ મક્કમ શબ્દોમાં વિનયપૂર્વક મહારાજા દશરથને પોતાનો નિશ્ચય જણાવ્યો. આ સાંભળતાં રામ જેવા સાત્ત્વિક શિરોમણિ સુવિનીત પુત્ર પ્રત્યેના સ્નેહથી વાત્સલ્યઘેલું મહારાજા દશરથનું હૃદય વ્યગ્ર બન્યું. આઘાત લાગતાં તેઓ મૂર્ચ્છાવશ બનીને ધરતી પર ઢળી પડે છે. સેવકો ચંદન આદિના શીતપ્રયોગો કરવા મંડી પડ્યા. રામચંદ્રજી પિતાજીને પંખો વીંઝી રહ્યા છે. કાંઇક સ્વસ્થ થતાં, રામ ભણી સ્નેહાર્દ્ર દૃષ્ટિ કરતાં તેઓ બોલે છે.]

**મહારાજા દશરથ** :–પ્રિય રામ! પિતાનાં વચન પાલન ખાતર તું આજે વનમાં જવા તૈયાર થયો છે, એ હકીકત ભલભલા પત્થર હૈયાને પણ પીગળાવી નાંખે તેવી કરૂણ છે. તારા જેવો શાંત, વિવેકી તથા

અજિતશત્રુ પ્રિય પુત્ર, રાજ્ય મહેલોના વૈભવો, સંપત્તિના ઢગલાઓ તથા સત્તાનાં સૂત્રો ત્યજી આમ વનવગડાનાં દુઃખો સહવા પ્રસન્નચિત્તે તૈયાર થાય એ મારા જેવા તારા પિતાને અવશ્ય આઘાત ઉપજાવે, પણ ખરેખર આપણા કુલની પ્રણાલી, મર્યાદા, તથા વચન માટે પ્રાણાર્પણ કરવાની તારી એકનિષ્ઠતા. આ બધું જ્યારે મને યાદ આવે છે, ત્યારે લાગે છે કે, મારા પ્રિય રામને માટે આ વસ્તુ જ હોઇ શકે. વ્હાલા રામ! તારા આ અનુપમ ઔચિત્યથી ઇક્ષ્વાકુ કુલની પ્રતિષ્ઠા ખાતર તેં કરેલા આ મહાનત્યાગથી તથા પિતાના વચન પાલન માટે દીધેલા ભોગથી મારો આત્મા આજે ગર્વ અનુભવે છે. ભાઇ! તું વયમાં ન્હાનો હોવા છતાં તારા આ અનુપમ બલિદાનથી સંસારમાં તારી મહત્તા ઘેર ઘેર ગવાતી રહેશે. પ્રિય રામ! જીભ ઉપડતી નથી. શબ્દો મુખદ્વારા બહાર આવતા નથી. છતાં છાતીને વજ્ર જેવી કરીને હું હસતે મોઢે તને વિદાય આપું છું, અને ઈચ્છું છું કે, **શિવાસ્તે પન્થાન**: તારો માર્ગ કલ્યાણકર હો!

## કંટ્રોલ માતાકી આરતી

ધન્ય હો કંટ્રોલ માતા, તેરે કારણ સબ જગ દુઃખ પાતા.

ઇસ ભારત ભૂમિમે જબસે તુમ આઇ; મૈયા જબસે. તુમ આઇ,
ઘટી સભ્યતા બઢ ગઇ ચોરી, ઔર અન્યાઈ, ધન્ય હો. ૧

સ્વાર્થવશ નેતા કે રગરગમેં રાચી, મૈયા રગરગમેં,
સાધારણ જનતામે ઊથલપુથલ માચી. ધન્ય હો. ૨

ઘુસખોર કઈ ચોર શોરકર અપના ઘર ભરતે, મૈયા અપના.
ફૈલ ગઇ બેકારી, કઇ ભૂખે મરતે. ધન્ય હો. ૩

અંગપર નહી કપડા અન્ન નહી ખાને, મૈયા અન્ન,
કબ છુટકારા હોગા, ઇશ્વર હી જાને, ધન્ય હો. ૪

ચાવલ મીલે નહી સાબુત આટેમે ભૂંસી, મૈયા આટેમે,
કોન કૃપાસે હમપર જગમાતા રૂઠી, ધન્ય હો. ૫

જગકી સબ વસ્તુ પર, તેરીહી પ્રભુતાઇ, મૈયા તેરી.
શ્વાસ ઉપર નહી લગા, તબ તક કુછ નહી માઇ. ધન્ય હો. ૬

નેતાઓ કો છોડ જગતમે, કોઇ નહી ચાહતી, મૈયા કોઇ.
ઓ હત્યારી તુજકો મૌત નહી આતી, ધન્ય હો. ૭

દુર્ભાગ્યે ભારતકો કોઇ નહી રખવાલો. મૈયા કોઇ.
હાથ જોડ કહું તુજકો, કર મુખ અબ કાલો, ધન્ય હો. ૮

સલ્પાઈ કે પાસ હો રહી મદ માંહી આંધી, મૈયા મદ માંહી.
તેરી સબ બદમાસી દેખ રહ્યો ગાંધી, ધન્ય હો. ૯

**સમરથ**

# શંકા અને સમાધાન

સમાધાનકારઃ—પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.
[ પ્રશ્નકારઃ—શ્રી રમણલાલ કે. શાહ—વાપી. ]



**શં૦** તીર્થંકર અને સિદ્ધમાં શો ફેર છે?

**સ૦** જ્યારે તીર્થંકર ભગવંતોને અઘાતી ચાર કર્મો બાકી છે, ત્યારે સિદ્ધ ભગવંતોનાં તે ક્ષય થઇ ગયાં છે, અર્થાત્ સિદ્ધ ભગવંતોનાં આઠ કર્મો નાશ થયાં છે, તીર્થંકર ભગવંત સશરીરી છે, જ્યારે સિદ્ધ ભગવંત અશરીરી છે. તીર્થંકર ભગવંત ઉપદેશદ્વારા સંખ્યાતીત પ્રાણીઓને તારનારા હોય છે; જ્યારે સિદ્ધ ભગવંત તે કાર્યથી નિવૃત્ત છે.

**શં૦** સિદ્ધ ભગવાન કર્મો રહિત છે, તો તેઓને નવકાર મહામંત્રમાં પહેલા કેમ ગણ્યા નહિ?

**સ૦** નવકારમંત્રમાં અરિહંત ભગવંતને પહેલા રાખવાનું કારણ એ છે કે, તેમના શાસનને પામી સિદ્ધ થયા છે, તેમજ ઉપદેશદ્વારાએ અતિઉપકારી હોવાથી પ્રથમપદે અરિહંત આવે, સિદ્ધ ભગવંત ન આવે.

**શં૦** સાધુના પંચ મહાવ્રત કયા? તેમજ શ્રાવકનાં બાર વ્રત કયાં?

**સ૦** ૧ પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત. ૨ મૃષાવાદ વિરમણ મહાવ્રત. ૩ અદત્તાદાન વિરમણ મહાવ્રત. ૪ મૈથુન વિરમણ મહાવ્રત. ૫ પરિગ્રહ વિરમણ મહાવ્રત. આ સાધુના પાંચ મહાવ્રત છે, શ્રાવકોનાં બાર વ્રત આ મુજબ સમજવાં: ૧ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત. ૨ સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રત. ૩ સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રત. ૪ સ્થૂલ અથવા સર્વથી મૈથુન વિરમણવ્રત. ૫ સ્થૂલ પરિગ્રહ વિરમણવ્રત. ૬ દિગ્પરિમાણવ્રત. ૭ ભોગોપભોગ વિરમણવ્રત. ૮ અનર્થદંડ વિરમણવ્રત. ૯ સામાયિકવ્રત. ૧૦ દેશાવગાશિક વ્રત. ૧૧ પૌષધોપવાસ વ્રત. ૧૨ અતિથિસંવિભાગ વ્રત.

**શં૦** પ્રભુને નૈવેદ્ય તરીકે મૂકેલી વસ્તુ પ્રસાદ તરીકે કેમ વાપરી શકાતી નથી તો શું પૂજારીથી તેનો ઉપયોગ થઇ શકે ખરો?

**સ૦** પ્રભુજીની આગળ ચઢાવેલ નૈવેદ્ય આદિ દેવદ્રવ્ય થઇ ગયું એટલે શ્રાવકથી ખવાય નહિ, જૈનેતરો પણ મહાદેવને ચડાવેલું નિર્માલ્ય માની ખાવામાં મહાપાપ માને છે, જૈનશાસ્ત્રકારોએ નિર્ધ્વંસ પરિણામ ન થઈ જાય તે ખાતર શ્રાવકોને મનાઇ કરી છે.

**શં૦** વધુ તપશ્ચર્યાથી કાયાને હાનિ પહોંચે છે, તો શું તપશ્ચર્યા કરવાથી આત્માને દુભાવી દુઃખ આપવું એમાં પાપ નથી?

**સ૦** શાસ્ત્રકારોએ એવી તપશ્ચર્યા કરવાની આજ્ઞા કરી છે કે, પોતાની ક્રિયાકાંડ થઇ શકે, ઇન્દ્રિયો ગ્લાનિ ન પામે, કોઇ પણ ઇન્દ્રિય હણાય નહિ અને ત્યાગ સીઝાય નહિ, એટલે તેમાં આત્માને દુભવવા જેવું નથી.

**શં૦** પાપ ડગલે અને પગલે વધે છે જ્યારે પુણ્ય કેમ વધતું નથી?

**સ૦** પાપ એ પતનધર્મવાળું છે, અને પુણ્ય એ આરોહણધર્મવાળું છે. ગમે તેટલા ઉંચા સ્થાનથી પડી નીચે આવતાં વિલંબ થતો નથી, પણ ઉંચે ચડવું હોય તો અનુક્રમે બધા પગથીઆં ચઢીને ઉપર જતાં ઘણો વિલંબ થાય છે, તેમ મુશ્કેલી પણ પડે છે, તેવીજ રીતે પુણ્ય અને પાપના વિષયમાં સમજવું.

**શં૦** પુણ્ય શાથી બંધાય છે? અને પાપ શાથી બંધાય છે? પુણ્યથી જ માનવીનો ઉદય થાય છે, એમ કેવી રીતે જાણી શકાય?

**સ૦** સારાં કૃત્ય કરવાથી અને પવિત્ર ભાવનાથી પુણ્ય બંધાય છે, જ્યારે નરસાં કાર્ય કરવાથી અને અપવિત્ર ભાવનાથી પાપ બંધાય છે. દુનિયાનાં સુખ-સ્થાનોને ઉદય મનાતો હોય તો તે પુણ્યથી જ હોય, અને તે જાણવાને અનુમાન કારણ છે.

**શં૦** આપણા ધર્મની આજે પડતી દશા થતી જાય છે, તો પ્રગતિને પંથે લઇ જવા માટે શો ઉપાય જોઇએ?

**સ૦** આપણા ધર્મની પડતી દશા માનનાર ભીંત ભૂલે છે, આપણો ધર્મ એટલે વીતરાગ પ્રભુનો કહેલો ત્યાગમય ધર્મ, તે અંશમાં હોય તો પણ સોળે કળાએ ખીલેલ ધર્મ કરતાં લાખ્ખો ઘણી કિંમત છે, કારણ કે પિત્તળના ગમે તેટલા ઢગલાઓ હોય, પણ સોનાની એક–બે લગડીને તુલ્ય આવતા નથી, છતાંય અન્ય ધર્મોમાં તેવા પ્રચાર માટે જિનેશ્વર ભગવાન કથિત સાહિત્યનો બહોળો પ્રચાર કરવો જોઇએ.

**શં૦** કર્મોના પ્રકાર કેટલા અને કયા કયા? શું કર્મોથીજ માનવીની અધોગતિ થાય છે? કર્મની સિદ્ધિ શાથી માનવી જોઇએ? કર્મનો નાશ શાથી થઇ શકે?

**સ૦** કર્મો આઠ છે, ૧ જ્ઞાનાવરણીય. ૩ દર્શનાવરણીય ૩ વેદનીય. ૪ મોહનીય. ૫ આયુષ્ય. ૬ નામ. ૭ ગોત્ર ૮ અંતરાય. સંસાર એ અધોગતિ છે અને મોક્ષ એ ઉર્ધ્વગતિ છે, સંસાર એ કર્મથી છે, અને મોક્ષ કર્મના અભાવથી છે, માટે કર્મથી જ અધોગતિ માનવી એ બેદુચાર જેવી વાત છે, વળી એક સુખી, એક દુ:ખી, એક રાજા, એક રંક, એક સનેત્ર, એક અંધ. એક શ્યામ, એક વ્હાઇટ, એક બુદ્ધિશાળી, એક ફુલીસ, એક લાંબો, એક ટૂંકો, ઇત્યાદિ જગતની વિવિધ હાલતો કર્મની સિદ્ધિ કરી રહી છે. કારણ કે, કર્મ સિવાય આવી વિચિત્ર રચનાઓ બની શકતી નથી, ધર્મની આરાધનાથી કર્મોનો નાશ થાય છે.

**શં૦** 'કર્મમાં લખ્યું હશે એમ થશે' એ પ્રમાણે કેટલાક માનવીઓ માને છે, અને કહે છે, આ તો બધા કર્મની ગતિ છે, આમ આવી વાતથી માનવી ઢીલો બને છે, તો શું એ વાત સાચી હશે? અને સત્ય હોય તો કેવી રીતે?

**સ૦** 'કર્મમાં લખ્યું હશે એમ થશે' એમ કહેનારા અને માનનારા માનવીઓ 'લખ્યા' શબ્દનો ઉપયોગ કરે છે, તે ઠેકાણે 'બાંધ્યા' નો ઉપયોગ કરવો જોઇએ એટલે 'બાંધ્યા હશે એમ થશે' એ મુજબ બોલવું જોઇએ અને તે ખોટું નથી, કારણ કે, જેવાં જેવાં કર્મો બાંધીને જીવો આવ્યા હશે તેવાં તેવાં ફળો મેળવી રહ્યા છે, જેમકે રાજા, રંક, અમીર, ઉમરાવ, રોગી, શોગી, ભોગી આદિ. આ પ્રમાણેની વિચિત્ર રચના કર્મે ઉભી કરી છે, છતાંય એ માન્યતાથી જ ઢીલા થનાર અડધું અજ્ઞાન ધરાવે છે. કારણ કે, **'कत्थई जीवो बलइ कथ्थई बलवंति कम्माइं'** એ નિયમાનુસાર જીવ બળવાન બની કર્મોનો ક્ષય કરી શકે છે, માટે ઉધમવિહિન બનવું ન જોઇએ, એમ જ્ઞાન થાય ત્યારે તે સમ્યગ્જ્ઞાની કહેવાય.

**શં૦** છોડ પરથી પુષ્પ તોડી પ્રભુજીને ચઢાવવા એમાં પાપ નથી?

**સ૦** સ્વાભાવિક શુદ્ધ અને સ્વયં ઉતરેલાં ફૂલો મળે તે અતિ ઉત્તમ છે, પરંતુ શાસનપ્રભાવનાની ખાતર યુગપ્રધાન આચાર્યપ્રવર શ્રી વજ્રસ્વામીજીએ પણ ફૂલો ભેગાં કરાવી શાસનપ્રભાવના કરી છે, એટલે શ્રાવકથી પુષ્પો તોડીને પૂજા ન જ થાય એવો એકાન્ત નિયમ બાંધવો તે ઠીક નથી.

**શં૦** પ્રભુજીના મુખ આગળ લાઇટો રાખવી યોગ્ય છે? શું એ હિંસા નથી?

**સ૦** શાસ્ત્ર, પ્રભુજીની જમણી બાજુએ ઘીના દીવાનું વિધાન કરે છે.

**શં૦** જમાનાને અનુસરીને ધર્મનો પલટો થયો છે, એ વાત સાચી છે?

**સ૦** જમાનાને અનુસરીને ધર્મનો પલટો થયો છે, એ વાત તદ્દન ખોટી છે, અને તે નાસ્તિકોએ ચલાવી છે.

**શં૦** કેટલાક મનુષ્યો કહે છે કે, જગતનો કર્તા પ્રભુ છે, પ્રભુ તેને ઉત્પન્ન કરે છે, અને તેનો પ્રલય કરે છે, એમ માની શકાય કે નહિ?

**સ૦** જગતનો કર્તા પ્રભુ છે, પ્રભુ તેને ઉત્પન્ન કરે છે, અને તેનો પ્રલય કરે છે, એમ મનાય જ નહિ

# મા–બાપની જવાબદારી............શ્રી કુસુમબ્હેન શાહ:

નાના ઉમેશની આજે વર્ષગાંઠ હતી. એને માટે આજે નવું રેશમી ખમીસ ને પાટલૂન તથા બૂટ—મોજાં એના પિતાશ્રીએ આણ્યાં હતાં, લાંબા વખતની ઉમેશની એ ઇચ્છા આજે પૂર્ણ થઇ હતી. આજે સાંજે આ નવાં કપડાં પહેરી ફરવા જવાનો કાર્યક્રમ નક્કી થયો હતો. એ પ્રમાણે ઉમેશ એની માતાની મદદથી પાંચ વાગ્યે તૈયાર થઇ પિતાની રાહ જોવા લાગ્યો. આજે નવા બૂટ પહેરીને ચાલવામાં અને દાદર ઉતરવામાં ઉમેશને ખાસ રસ પડવા માંડયો. દાદર ઉતરવાને એણે જાતે શરુઆત કરવા માંડી. પરંતુ એની માતાએ એને ઉપરથી બૂમો પાડવા માંડી, ઊભો રહે, ઉમેશ, મારી આંગળી પકડી ઊતરજે, નહી તો પડી જવાશે ' ઉમેશે ભયને જાણ્યો ન હતો એટલે માતા આવી પહોંચે તે પહેલાં એણે તો સંભાળીને ઊતરવા માંડયું.

એકાદ પગથિયું ઊતર્યો હશે ને મા ધબધબ કરતી સાથે થઇ ગઈ ને જોરથી ઉમેશનો હાથ પકડી ધમકાવવા મંડી, 'સાંભળતો નથી તે કાંઈક હાથટાંટિયો ભાંગીશ ત્યારે ?' અને એકલા ઉતરવાથી શું શું થઇ જાય એનું કાલ્પનિક ચિત્ર દોરી અનેક વાતો કરી ઉમેશમાં પડી જવાશે, એ બીકનો સંચાર કર્યો. એની ગતિ તરત જ ધીરી પડી ગઇ. મા સાથે હતી તોયે એનો આત્મવિશ્વાસ ડગી ગયો ને એ પાછળ ફરી મા'ને બાઝી ઊભો રહ્યો. તે અર્થસૂચક રીતે માતા સામે જોઇને જાણે કહેવા લાગ્યો કે, મને ઊંચકી લ્યો નહીં તો હું પડી જઇશ. મા એમ સમજી કે ઉમેશ થાકી ગયો છે ને એને કેડે ઊંચકી દાદર ઊતરી ગઇ.

અજાણ્યે માતાએ એક કાયમી બીક બાળકમાં પેસાડી દીધી. દાદર ચઢતાં–ઊતરતાં, બસ–ટ્રામમાં, આગગાડીમાં કે મોટરમાંથી ચઢતાં–ઊતરતાં નાનાં બાળકોની કાળજી હંમેશા લેવાની હોય છે, પણ તે એનો આત્મવિશ્વાસ ડગાવી દઇને નહીં, એનામાં ભયનો સંચાર કરીને નહીં, પણ એની સાથે શરૂઆતમાં રહી કેવી રીતે જાતે કાળજી લેવી એ શીખવીને, એનાં જોખમોનો સામનો કેવી રીતે કરવો એ જાતે પ્રત્યક્ષ રીતે બતાવીને. આપણે ત્યાં તો આવી બીક ડગલે ને પગલે બતાવવામાં આવે છે. તોફાન કરતાં કે જીદ્દ કરતાં બાળકને બાવાનો હાઉ, સિપાઇની બીક, ઘરમાંથી ફેંકી દેવાની બીક, અંધારા ઓરડામાં મંકોડાની કોઠીમાં ગોંધી દેવાની બીક, વગેરે અનેક જાતની બીક વારંવાર બતાવવામાં આવે છે. આ બધું બાળકના જીવનને કેટલું ભયભીત બનાવે છે, એનો ખ્યાલ માતા–પિતાને બહુ ઓછો હોય છે. વળી મારની બીક તો બાળકને ડગલે ને પગલે હોય છે જ. અત્યારના શિક્ષિત ને સુધરેલા મનાતા સમાજમાં કે કુટુંબોમાં હજી આ બધી રીતરસમોને દેશવટો મળ્યો નથી. કેટલાંય કેળવાયેલાં મનાતાં માતા–પિતા ઉપરની બધી જ બીકો બાળકને બતાવતાં જોવામાં આવે છે. બાળક જોડેનો સાચો વ્યવહાર પોતે જાણતા નહીં હોવાથી બાળક જીદે ચડે ત્યારે માતા–પિતા અકળાઇ ઊઠે છે ને આવી ધમકીઓ આપી બાળકને વશ કરે છે. પરિણામે આપણી પ્રજા બીકણ–ડરપોક બને છે.

*

હું નાની હતી ત્યારે મારી પાડોશમાં રહેતાં એક દાદીમા છોકરાંઓને બાપની બહુ બીક બતાવતાં. છોકરાંઓ પણ તોફાની ખરાં. બાપ મારે ને દાદીમા ધમકાવે તેનું વેર છોકરાંઓ માને પજવીને વાળતાં. છોકરાંઓ તોફાન કરે કે એમના ઉદ્‌ગારો નીકળતા 'તારા બાપને તો આવવા દે, પછી તારો વરઘોડો કઢાવું છું. મારી મારીને છાલ નહીં ઉતારે તો જોજે.' કોઇક કોઇકવાર બાપ નેતરથી બાળકોને ફટકારતા ને મા કાંઇ નહીં બને તો છોકરાંઓને ઓરડામાં ગોંધતી. છોકરાંઓ શરૂ શરૂમાં તો ખૂબ રડતાં ને કકળાટ કરી મૂકતાં, પણ પછીથી તેઓ મારથી રીઢાં થઇ ગયાં.

---

કારણ કે પ્રભુની બનાવેલી દુનિયા હોય તો તેમાં એક પણ જીવ અપવિત્ર કાર્ય કરનારો ન હોય કારણ કે પ્રભુ તેવી શકિત ન મૂકે, કે તે પાપી બને, તેવી શકિત રચના વખતે પ્રભુ મૂકે તો તે પ્રભુ નિર્દોષ અને ન્યાયી રહી શકતો નથી, ચોર અને જારને તે કાર્ય કરતાં જે પાપ ન લાગે તેના કરતાં વધારે ઇશ્વરે એવી બુદ્ધિ આપી એટલે ઇશ્વરને લાગે, શુદ્ધ ઇશ્વર આવી ખટપટમાં પડતા નથી, તે માટે જૈન તત્ત્વાદર્શ, ચિકાગો પ્રશ્નોત્તર આદિ ગ્રંથો વાંચી લેવા હિતાવહ છે.

નેતરની સોટી, ઓરડામાં પુરાવું ને દાદીમાના અપશબ્દો સાંભળવા, એ તેમને માટે નિત્યક્રમ થઈ પડયો. પરિણામ એ આવ્યું કે શેરીમાં આ બાળકો રમતાં ત્યારે બીજાં બાળકોને વાતવાતમાં મારવા લાગ્યાં; લાગ જોઇ નાનાં ભાઈબહેનને પણ સતાવવા લાગ્યાં. વખતે આયા–નોકરને કે નિશાળમાં પણ બીજાને મારતાં.

શેરીમાંથી, નિશાળમાંથી, બધેથી બાળકોના મારકણાપણા માટે ફરિયાદો આવવા માંડી. શેરીનાં બાળકોનું તો બાપે કાંઇ કાને ધર્યું નહીં. પણ એક દિવસ નિશાળમાંથી વર્ગશિક્ષકની લાંબી ચિઠ્ઠી આવી એમાં શિક્ષકે એમનાં બાળકો બીજાને ક્રૂર માર મારીને કેવી રીતે પજવે છે, તેનો ખ્યાલ આપ્યો હતો ને બાળકોને યોગ્ય સલાહ આપવા વિનંતિ કરી હતી. ગઈ કાલે જ એક બાળકને ઓરડામાં ગોંધી એમના બાળકે કેવો માર્યો હતો એનો ખ્યાલ શિક્ષકે આપ્યો હતો. આ કૃત્ય બદલ બાળકોને શિક્ષક તરફથી મારની જ પ્રસાદી મળી હતી! ઘેર આવતાં બાપુને પણ ચિઠ્ઠી મળી ને એવા જ પ્રકારની પ્રસાદી બાળકોને મળી!

બાપને કે શિક્ષકને એ કેમ મારતાં થયાં, એ શોધવાની કયાં પડી હતી? બાળકો ખરાબ છે, મારકણાં છે, નિષ્ઠૂર છે, એ છાપ મા–બાપ અને શિક્ષકના મનમાં ઘર કરી ગઇ, પણ બાળકોને આવાં બનાવનાર સાચા ગુનેગારને કોણ દંડે? કોણ એમને સાચે રસ્તે દોરવે ને કહે કે બાળકોને આ ટેવ પાડવામાં એમનાં ઘરનું વાતાવરણ જ જવાબદાર હતું! નિર્દોષ બાળકો માર ખાય છે, કેમકે મોટાઓ સામે એ લડી શકતાં નથી. તેઓ તેમની આગળ દબાઇ જાય છે, પણ પોતાથી નબળાં હોય તેમનાં પર વેર વાળી સંતોષ મેળવે છે—જેમ ઉપરી અધિકારી ખીજવાય તો કોઇ બાઈ પટાવાળા પર ચીડ કાઢે છે, કોઇ ઘેર આવી પત્ની પર ખીજ ઉતારે છે, તો કોઇ બાળકો પર રોષ ઠાલવે છે. જીવનમાં માર એ જ બાળકોની બધી મુશ્કેલીઓનો સામનો કરવાના શસ્ત્ર તરીકે બતાવવામાં આવ્યું હોય તો એ પણ પછી એનો જ ઉપયોગ કરેને! જ્યારે બાળક ખરેખર મારકણું બને છે ત્યારે મા–બાપ અકળાય છે ને બાળકને સુધારવા સારુ પણ તેને મારે જ છે!

*

દીનુના ઘરમાં ટેલિફોનની ઘંટડી રણકી ને એ જવાબ આપવા દોડયો. 'હલ્લો, કોણ છો? હું દીનુ.' 'હં, બાપા છે કે? એમને બોલાવ.' 'એ જરા થોભજો, હું તપાસ કરું.' દીનુએ રિસીવર બાજુમાં મૂકયું ને તે પિતાને બોલાવવા ગયો. 'પિતાજી, દલીચંદકાકાનો ફોન છે, તમને બોલાવે છે.' પિતાજી છાપું ઉથલાવતા હતા. એમની દલીચંદકાકાને મળવાની ઇચ્છા નહીં હોય કે કોણ જાણે કેમ એમણે દીનુને કહ્યું, 'જા કહી દે કે બહાર ગયા છે ને કયારે આવશે એ ખબર નથી.'

નાનો દીનુ એક મિનિટ સુધી તો પિતાજી સામે જોઈ રહ્યો ને પછી તેણે ડરતાં–ડરતાં કહ્યું, 'પણ તમે ઘરમાં છો ને ના કહું?' 'હા! હા! ના કહી દે, એ નવરાને તો કાંઇ ધંધો નથી સવાર પડી કે ફોન કર્યો જ છે. એને માટે કોણ નવરું છે? જા, ઉભો શું રહ્યો છે? કહી દે.' દીનુએ મનની ગડમથલમાં 'પિતા નથી' એમ કહી રિસીવર મૂકી દીધું. જગતના આવા અસત્ય વ્યવહારનો પ્રથમ પદાર્થપાઠ એ ખુદ એના પિતા પાસેથી શીખ્યો!

દીનુ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ આવા અસત્ય બોલવાના પાઠો, એને ઘરમાંથી અનેકવિધ રીતે મળવા લાગ્યા ને દુનિયાની રીતરસમ જ એવી હશે એમ સમજી એણે પણ એવી જ ટેવો પાડવા માંડી. પિતાએ શીખવેલા પદાર્થપાઠ એમને જ વખત જતાં ભારે પડવા લાગ્યા. દીનુને એમણે વારંવાર જૂઠું બોલતાં પકડયો.

એક સવારે પિતાજી દીનુની પાછળ પડયા: 'દીનુ અહીં આવ.' 'શું છે. પિતાજી?' 'કાલે નિશાળે ગયો હતો?' 'હા જી.' ને તે બરાબર પાઠ ભણ્યો હતો? 'નિશાળેથી છૂટી કયાં ગયો હતો?' 'મિત્રો જોડે જરા બાગમાં ફરી ઘેર આવ્યો હતો.' 'કાલે તારો દોસ્ત નિશાળે હાજર હતો?' 'ના, એ નિશાળે નહોતો આવ્યો.' 'કાલે બાગમાં કોઈ મળેલું કે?' હા પરશુરામ કાકા મળેલા, તમને યાદ કરતા હતા.' 'હં ઠીક!' આ હડહડતા જૂઠાણાથી પિતાજીનો રોષ વધતો જતો હતો. એણે ઘાંટો પાડી કહ્યું: 'જો દીનુ, આજે તું જૂઠું બોલ્યો તો હું તને છોડવાનો નથી. કાલની સાચે સાચી બીના મને કહી દે.' દીનુ ચોંકયો છતાં સત્ય વાત એ

કહી શકયો નહીં. પિતાજીએ બહુ રોષ કર્યો ત્યારે એણે એટલું જ કહ્યું કે, 'રામા પટેલની વાડીમાં અમે ફરવા ગયા હતા.' પિતાજી બરાડી ઊઠયા, 'કેટલા વાગે ગયા હતા?' 'સાંજે'. હજી મને છેતરે છે! બોલ, સત્ય કહે છે કે નહીં?' એક ધોલ દીનુને પડી ગઇ. 'ઘેરથી નિશાળનું બહાનું કાઢીને તું ને તારો મિત્ર સીધા વાડીએ જ ગયા હતા ને!' દીનુ નીચું જોઇ રહ્યો! 'ને ત્યાં જઇ કેરીઓ ચોરી ખાધી, ખરું ને!' દીનુને આ પ્રસંગ માટે ખૂબ માર પડયો.

પિતાને એમ લાગ્યું કે, એનો મિત્ર રમેશ જ આવી ટેવો પાડવા માટે જવાબદાર છે. બીજા દિવસથી રમેશની સાથે ફરવાનો મનાઇ-હુકમ આપવામાં આવ્યો. પિતાની દીનુને સુધારવા માટે આંખ ઊઘાડી ને આવી ટેવ ઘર કરી જાય તો દીનુ કેટલો વંઠી જાય, એ પણ એમને સમજાયું, પણ દીનુને કેમ સુધારવો એ એમને સૂઝયું નહીં. દીનુને આવી કુટેવો પાડવા માટેના સાચા ગુનેગાર પોતે જ હતા, એ સત્ય એમને કોણ સમજાવે!

આવા તો અનેક કિસ્સાઓ આપણાં ઘરોમાં જાણ્યે-અજાણ્યે બને છે, પણ એની ઊંડી છાપ બાળકોનાં કુમળાં મગજમાં ઘર કરી જાય છે, એ બહુ થોડાં સમજે છે. બાળકનો જીવતો-જાગતો શિક્ષક ઘરમાં મોટેરાઓનું આચરણ છે. મોટેરાંઓ અસત્ય બોલે, ગાળો બોલે, બીડી પીએ, બાળક બીજાના ઘરમાંથી કાંઇ ઊઠાવી લાવે તો ચલાવી લે, સવારે આઠ વાગે ઉઠે, કસરત કરે નહીં; ને પછી એમ આશા રાખે કે પોતાનાં બાળકો પ્રામાણિક ને શુદ્ધ ચારિત્ર્યવાળાં બને એ કેમ સંભવે? બાળક તો આસપાસના વાતાવરણમાંથી જ ઘણું બધું શીખે છે. એ વાતાવરણ જેટલું શુધ્ધ હશે એટલા પ્રમાણમાં બાળકો ચારિત્ર્યવાન થશે. એમાં જેટલાં કલંકો હશે એના છાંટા બાળકને ઊડયા વગર રહેશે નહીં. ['નૂતન શિક્ષણ']

---

**એક** ગૃહસ્થે ઘેર ચાર મેમાનને જમવા નોંતર્યા અને એકજ લાઇનમાં ચારેને બેસાડયા બાદ પાકશાળામાંથી ચકચકિત થાળમાં કેટલાક લાડવા લાવી તેમાંથી કેટલાક પહેલા નંબરના જમનારને પીરસ્યા, વધ્યા તેને રસોડામાં લઇજઇ ડબ્બલ કરી લાવી પહેલાના જેટલાજ બીજાને પણ પીરસ્યા, તેમાંથી પણ વધ્યા તેટલાને લઇ જઇ ત્રણ ગણા કરી લાવી પહેલા જેટલાજ ત્રીજાને પીરસ્યા, વળી વધ્યા તેને લઇ જઇ ચારગણા કરી ચોથાને પહેલાના જેટલાજ પીરસતાં એકે લાડવો બાકી રહ્યો નહીં, તો પહેલી વખત લાવેલા કેટલા અને દરેક જણને કેટલા કેટલા પીરસ્યા— જવાબ—૪૧/૨૪

**બે** વૃક્ષ ઉપર બેઠેલાં બે પક્ષીઓનાં ટોળાંમાંનાં એકે કહ્યું કે, તમારામાંથી એક આવે તો અમે ડબ્બલ થઇએ ત્યારે જવાબમાં બીજા ટોળાએ કહ્યું કે, તમારામાંથી ૧ આવે તો અમે ત્રણગણાં થઇએ— જવાબ-૩/૫

**એક** ગામમાં ત્રણ બ્રાહ્મણ ફરતા ફરતા ગયા અને તેમને કોઇ યજમાન મળી જતાં તેણે તેમને પાકું સીધું આપ્યું. ત્રણેયે મળી લાડવા બનાવ્યા અને લાડવા ઠરતાં સુધી ત્રણેએ થાકખાવા ઉંઘવા માંડયું, તેમાંનો પહેલો એક જણ જાગ્યો અને લાડવાના ત્રણ ભાગ કરી વધેલો એક કુતરાને નાખી બે ભાગના પડયા રાખી ત્રીજા ભાગના ખાઇ ઉંઘી ગયો. બીજો જાગ્યો તેણે પણ તેજ રીતે ત્રણ ભાગ કરી વધેલો એક કુતરાને નાખી બે ભાગ પડયા રાખી એક ભાગ ખાઇ ઉંઘી ગયો પછી ત્રીજો જાગ્યો અને તે પણ તેજ રીતે કરી ઉંઘી ગયો પછી ત્રણે સાથે જાગ્યા ત્યારે બચેલા લાડવાના ત્રણ ભાગકરી એક કુતરાને નાખી ત્રણે જણ ખાઇ ગયા તો તે લાડવાની સંખ્યા કેટલી. જવાબ (૭૯)

# આ તે દહીંના ગુણ કે અવગુણ!

પૂ૦ મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

વસંતપુર નામના નગરમાં મહા ધનાઢય કનકચંદ્ર નામના શ્રેષ્ઠી વસતા હતા. તેમને ઇશ્વરલાલ નામનો એકનો એક પુત્ર હતો, તે બધી વાતમાં કુશળ હતો, પણ તેને બાલ્યકાળથી દહીં ખાવાનો બહુ શોખ હતો, તે એટલે સુધી કે દરરોજ બશેર દહીં સવાર-સાંજ ખાવા જોઇએ, તે વિના તેને ચાલેજ નહિ, આ હાનિકારક કુપથ્યથી તેનું શરીર ઘણુંજ કૃશ બની ગયું, અને દિવસે-દિવસે મહાન અસાધ્ય ક્ષય રોગની સન્મુખ જવા લાગ્યો, આથી તેના બાપને ઘણોજ સંતાપ થવા લાગ્યો. પુત્રને દહીંની કુટેવ છોડવા ઘણો સમજાવ્યો તોપણ તેણે કુટેવ છોડી નહિ, અને દહીં ખાધે રાખ્યું. સંખ્યાબંધ મિત્રો, ડોકટરો, અનુભવી વૈદ્યો વિગેરેએ પણ ઘણા પ્રયત્ન કર્યાં, તે પણ નિરર્થક થયા. ઘણા હકીમો વિગેરેની દવા પણ લાગુ પડે નહિ, કેમકે દહીં છોડે નહિ એટલે દવા ગુણ કરે નહિ.

કોઇ એક વખતે એક કુશળ વૈદ્ય તે ગામમાં આવ્યા હતા, તે વૈદ્યે આ શ્રેષ્ઠીપુત્રની વાત સાંભળી તે શેઠ પાસે આવ્યો અને કહ્યું, કે તમારા પુત્રને દહીંની કુટેવ છોડાવી નિરોગી કરી આપું. સારૂં થયા પછી એક હજાર સોનૈયા લેવાનું ઠરાવ્યું. એટલે કનકચંદ્રે પોતાનો પુત્ર વૈદ્યને સોંપ્યો.

ઇશ્વરલાલ, વૈદ્યને કહેવા લાગ્યો, કે કેમ વૈદ્યરાજ, મારૂં દહીં છોડાવા આવ્યા છો, કેમ? તે સાંભળી વૈદ્યરાજ બોલ્યા કે, "ભાઇ એ શું કહો છો? હું તો દહીંનો પુરો હિમાયતી છું અને હું દહીં ખાવાનો ઘણો શોખ ધરાવું છું અને દહીં ખાવામાં ઘણા ગુણો રહેલા છે, તે બધાતો અહીં કહી શકું તેમ નથી, તોપણ મોટા ચાર ગુણો છે, તે તમને હું જણાવું છું.

આટલી વાત સાંભળતાંજ વૈદ્યરાજ ઉપર પ્રતીતિપૂર્વક પ્રેમ કરવા લાગ્યો, તો પણ પાકી ખાત્રી કરવા તેમની પાસે દહીં મંગાવ્યું. વૈદ્યરાજને કુશળ રીતે કામ કરવાનું હતું એટલે બશેર દહીંને બદલે પા શેર વધારે લઇને આવ્યા અને શ્રેષ્ઠી પુત્રને આપ્યું. તે દહીંના વજન ઉપરથી વૈદ્ય ઉપર વિશ્વાસ આવ્યો, અને પોતાના ખરા હિતેચ્છુ જાણ્યા. કેટલાક દિવસ પછી શ્રેષ્ઠિપુત્રે વૈદ્યને પૂછયું, કે દહીંના ચાર ગુણો તે કયા? તે મને કૃપા કરીને જણાવો.

વૈદ્યરાજ બોલ્યા, અરે! ભાઇ, એના ગુણની શી વાત કહું? દહીં અતીવ ગુણકારી, સુખાકારી હીતકારી છે. આ હકીકત પોતાને સંપૂર્ણ અનુયાયી કરવાના હેતુથી કહી, પછી દહીંના ગુણો આ મુજબ કહ્યા.

(૧) દહીં ખાનારને કુતરૂં કદી પણ કરડે નહિ, આ મોટો ગુણ છે.

(૨) તેના ઘરમાં ચોર આવી શકે નહિ.

(૩) દહીં ખાનારનું કુવામાં પડીને મૃત્યુ કદી પણ થાય નહિ.

(૪) દહીં ખાનારને કોઇ દિવસ હજામત કરાવવી પડે નહિ.

શ્રેષ્ઠીપુત્ર આ સાંભળીને અજબ થઈ ગયો, અને પૂછવા લાગ્યો. સાહેબ! શી રીતે? ત્યારે વૈદ્ય બોલ્યા, સાંભળો! દહીં ખાનારને દહીંના શીતળ વિકારના પરિણામે તેના શરીરમાં હમેશાં શરદી રહે, હાથ-પગમાં સાંધિવા જણાય, શરીર કંપે, દમ ચડે, શ્વાસોશ્વાસ બહુ મંદ અને તે પણ માંડમાંડ લેવાય, શરીરમાં હમેશાં લગભગ ૧૦૨-૧૦૩ડીગ્રી સુધી તાવ રહે, અને તેથી નબળાઇ રહે, હંમેશાં લાકડીના ટેકેટેકે ચાલવું પડે. આથી પાસે લાકડી હોવાથી કુતરૂં પાસેજ આવે નહિ તો પછી કરડવાની શી વાત? તેથી કુતરૂ કરડે નહિ એ પહેલો ગુણ.

આખી રાત ખાંસી આવવાથી, રાત્રે ઉંઘ આવે નહિ, તેથી ચોરો ઘરમાં પ્રવેશી શકે નહિ, આ બીજો ગુણ.

વળી શરીરમાં શરદી રહેવાથી ઠંડા પાણીને પણ ન અડે તો પછી કૂવા પાસે જાય જ કયાંથી? કૂવામાં પડીને તેનું મરણ થાય નહિ, આ ત્રીજો ગુણ.

દહીં ખાવાથી માથાના સઘળા વાળ ખરી પડે અને તેથી હજામત કરાવવી ન પડે, આ ચોથો ગુણ.

શરીરમાં તાવ રહેવાથી શીયાળામાં તાપણી કરવી પડે નહિ, ઉનાળામાં કંપારી છુટતી હોવાથી પંખો લેવો ન પડે ઇત્યાદિ અનેક ગુણો દહીંમાં રહેલા છે, મને તો દહીં બહુ જ પ્યારૂ લાગે છે.

શ્રેષ્ઠીપુત્ર આ વાત સાંભળી મનમાં હેબતાઇ ગયો અને ત્રાસ પામતો બોલી ઉઠયો કે, "અરે ભલા ભાઈ, ઓલિયાના પીર, અલ્લાના વલ્લી, આ તો દહીંના ભયંકર દૂષણો, દારૂણ અવગુણો, અને મહાન ગેરફાયદાઓ છે, તેને તમે મોટા ગુણ કહો છો?


એટલે વૈદ્ય બોલ્યા કે, મને તો તેમાં કાંઇ નુકશાન દેખાતું નથી. અવગુણ દેખાતા હોય તો તમે જાણો.

એટલે શ્રેષ્ઠીપુત્ર બોલ્યો, કે વૈદ્યરાજ! તમે જેટલા આ શરીરના રોગો અતિ દહીં ખાવાના પરિણામે વર્ણવ્યા, તે સર્વેએ હું અત્યારે અનુભવ કરૂં છું, અને મને તો તે મહાવિટંબણારૂપ છે. તમારા કહેવા પ્રમાણે તે દહીંના વિકારો છે, એમ આજેજ મને સિદ્ધ થયું. તેને તમે ગુણ કેમ કહો છો?

આજે પણ ઘણા લોકો જોવામાં આવે છે, કે પોતે જે કાર્ય કરી રહેલ છે, તે ગુણ માને છે. તેમને સમજાવવામાં આવે કે ભાઇ! આ તમે જે કરી રહ્યા છો, તેનાથી પરિણામ ઘણુંજ ખરાબ આવશે, તોપણ પોતાના કાર્યવાહીમાં મશગુલ રહે છે. જ્યારે અનેક ઠોકરો વાગે છે, પુત્રો આદિ પોતાની સારસંભાળ પણ લે નહિ ત્યારે પૂર્વનાં વચનો યાદ આવે છે, કે જુવાનીના તોરમાં મેં તે વખતે મહાપુરૂષોનાં વચનો ન સાંભળ્યાં, આજે પ્રત્યક્ષ અનુભવી રહ્યો છું. આથી બીજાને હું ભલામણ કરૂં છું છે, કે આત્માનો ઉધ્ધાર સત્પુરૂષોના વચન ઉપર ચાલવાથી થાય છે.

ત્યારપછી વૈદ્યરાજ બોલ્યા, કે મને મારા ગુરૂએ દહીંના ફાયદા આ મુજબ બતાવ્યા હતા, તેથી હું તો દહીં ખાતો નથી પણ આ ગુણો યાદ રાખ્યા છે, અને તેથી દહીંને વખાણુ છું.

હવે શ્રેષ્ઠી પુત્રને દહીંનું નામ સાંભળવું આકરૂં થઈ પડયું. હવે તેનો ત્યાગ કેમ કરવો, તેની યુક્તિ વૈદ્યને આજીજીપૂર્વક પૂછવા લાગ્યો. વૈદ્યરાજે ખરો અવસર જાણી, તેને ધીમે ધીમે બશેર દહીં ઉપરથી પોણા બશેર, દોઢ શેર, સવાશેર શેર, એમ ઓછું કરાવતો હતો. કોઇ દિવસ વચમાં લાવે ન લાવે એમ ઓછું કરાવતાં દહીંની કુટેવ બીલકુલ છોડાવી દીધી, અને તેને દવા વિગેરેના પ્રયોગોથી સંપૂર્ણ નિરોગી બનાવ્યો. જ્યારે આપણી કુટેવો નુકશાનકારક લાગે છે, ત્યારે ગમેતેવી કુટેવો છોડતાં વાર લાગતી નથી તે મુજબ જ્યારે સંસાર ભયંકર દાવાનલ છે એમ સમજાય પછી ગમે તેટલી હજારો કે લાખોની મીલ્કતો હોય, સર્વવસ્તુ અનુકૂળ હોય તોપણ તેમાં ન મૂઝાતાં તીર્થંકર, ભગવંતો, ચક્રવર્તિઓ, મહારાજાઓ, શ્રીમંતો વિગેરેએ અપનાવેલ પરમ ભાગવતિ દીક્ષાના માર્ગે પ્રયાણ કરવા જરા પણ વિલંબ કરતો નથી.



# સાચું ભણતર

**શ્રી કિશોરકાંત દ. ગાંધી**

"કાકી, જરાપણ ગભરાવાની જરૂર નથી."

"શ્યામ, મારા શેખરને ટી. બી. તો નથી થયો ને?

"નહિ કાકી નહિ, ડૉ. દેશાઇ સિવાય બીજો કોઇપણ ડૉકટર, શેખરને ક્ષય છે એમ કહેતો મારા દવાના બધા બાટલા ફોડી નાંખી દવાખાનું બંધ કરી દઉં."

"શ્યામ, ત્યારે ડૉ. દેશાઇ સાહેબે કહ્યું તે સાવ ખોટું?"

"કાકી, શું કહું? મારો ધંધો પણ ડૉકટરનો છે અને દેશાઇનો ધંધો પણ ડૉકટરનો છે, એટલે એમના વિશે જો હું કહું તો દુનિયાને એમ લાગે કે, ધંધાની ઇર્ષ્યાને લીધે ખરાબ બોલે છે, પણ ખરી હકીકત એ છે કે, ડૉ. દેશાઇ પાસે કોઇપણ માણસ જાય અને કહે કે, મને થોડા દિવસ ઝીણો-ઝીણો તાવ આવે છે, તો તરતજ પોતે તે દરદી પાસેથી પૈસા કમાવા માટે 'તને ક્ષય છે' એમ કહી દે છે."

"શ્યામ, આવી રીતે ફક્ત પૈસા કમાવા માટે કોઇપણ દરદીને ગભરાવી મારવો, એ શું ડૉકટરોની ફરજ છે? મારા શેખરને દેશાઇ સાહેબે ટી. બી. કીધો ત્યારે મારી બધી હિંમત ભાંગી ગઇ, પણ પ્રભુએ મને તથા શેખરના બાપાને સવળી મતિ સુઝાડી તેથી અમે તને બોલાવ્યો."

"શાંતિકાકા, ત્યારે હવે હું જઇશ. દવા પટાવાળા સાથે મોકલાવી આપું છું. સાથે શેખર માટે ફળો પણ મોકલું છું. પટાવાળાની જરૂર પડશે માટે તેને અહિંજ રાખજો."

"શ્યામ, તારી વીઝીટ ફી અત્યારે આપી શકું તેમ નથી. શેખર સાજો થઇને નોકરીએ લાગશે એટલે જરૂર તે પૈસા ભરી દેશે."

"શાંતિકાકા, તમે આ શું બોલો છો? હું તમારા ઘેર ડૉકટર તરીકે નહિ પણ તમારા એક ઋણી તરિકે તમારા શેખરની ખબર કાઢવો આવ્યો છું. તમે મારા પર જે ઉપકાર કર્યો છે, તેનો બદલો હું કયારે વાળી શકીશ? તમે ન હોતતો હું કયાંય લોટ માગી ખાતો હોત. મારા પિતાની ઇચ્છા કયાં મને આગળ ભણાવવાની હતી? તમે મારી પડખે રહીને મને ભણાવવા માટે મારા પિતાની રજા મેળવી દીધી, અને જ્યાંસુધી હું ભણી ન રહું ત્યાં સુધી કોઇપણ વસ્તુ ઉધાર આપવાનું વચન આપ્યું, અને સાત વર્ષ સુધી તેમનાં જીવનની દરેક જરૂરિયાત પૂરી પાડી. વળી મને સ્કોલરશીપ અપાવી માટે હવેથી પૈસા બાબત કશું બોલશો નહિ. મને તમારા શેખરની જેમ બીજો પુત્ર માનજો."

આ પ્રમાણેની વાતચીત ઉનાળાની એક સવારે શહેરના એક ખૂણાની એક નાની ગલીના ખૂણે આવેલ એક મકાનમાં શહેરના જાણીતા અને દયાળુ ડૉ. શ્યામ, શાંતિભાઇ તથા તેમનાં પત્નિ ચંપાબેન વચ્ચે થઇ રહી હતી. સવારનો પહોર હતો. લોકો પોતાનાં કામે જઇ રહ્યાં હતાં. બૈરાંઓ પોતાનાં બાળકો સાથે શાકભાજી લેવા નીકળી પડયાં હતાં. વિદ્યાર્થીઓ નિશાળે જઇ રહ્યા હતા. બ્રાહ્મણો સ્નાન કરી આવતા હતા.

માનવીના જીવનમાં કોઇ એવી પળ આવી જાય છે. જે તેનો ભૂતકાળ સૂક્ષ્મ રીતે ખડો કરી દે છે. શાંતિલા-

હમું પણ એવું જ થયું. તેમને ભૂતકાળના દિવસો યાદ આવ્યા. મેટ્રીકની પરિક્ષામાં પાસ થયા પછી એક દિવસ શ્યામ તેમની દુકાને આવ્યો. તેઓ પોતે ચોપડાના હિસાબ ગણવામાં મશ્ગુલ હતા. થોડી વાર સુધી શ્યામ ચૂપ બેસી રહ્યો, એકાએક તેમની નજર ચોપડાના બહાર નીકળી, તેમણે શ્યામનું દયામણું મુખ જોયું અને આવવાનું કારણ પૂછ્યું. શ્યામ એકદમ જવાબ ન આપી શકયો. તેનું હૈયું ભરાઈ આવ્યું, તે રડી પડયો. તેમણે તેને શાંત પાડીને જાણી લીધું કે, શ્યામ આગળ ભણવા ઇચ્છે છે પણ તેના પિતા વજેશંકર ત્રિવેદી તેને ભણવાની ના પાડતા હતા. વજેશંકરની ઇચ્છા તેમનો દીકરો કોઇ નોકરીએ લાગી જાય અને પોતાનું પુરૂં કરે એવી હતી. સાથે સાથે તેઓ ભણાવવાનો ખર્ચ ઉપાડી શકે તેમ નહોતા. શાંતિલાલ બીજે દિવસે વજેશંકરને મળ્યા અને શ્યામને આગળ ભણવા દેવા સમજાવ્યા અને વચન આપ્યું કે, 'જ્યાં સુધી શ્યામ ભણે ત્યાંસુધી તેના ભણતરનો તેમજ તમારા ઘરનો બધો ખર્ચ પોતે આપશે અને તે બધા પૈસા શ્યામ રાજીખુશીથી ભરશે તો જ લેશે' વજેશંકરે મહામહેનતે સંમતિ આપી.

શ્યામ મુંબઇની મેડિકલ કોલેજમાં દાખલ થયો. આ બાજુ શ્યામ કોલેજમાં પ્રગતિ કરી રહ્યો હતો, ત્યારે આ બાજુ શેઠ પડતીના પંથે જઇ રહ્યા હતા. દેશમાં ઉપરાઉપરી દુકાળ પડતા હતા. ઉઘરાણીના પૈસા પતી શકતા નહોતા, શ્યામ મેડિકલ કોલેજના ત્રીજા વર્ષમાં હતો ત્યારે શેઠના ઘરમાં ચોરી થઇ અને બધું ધન ચોરાઇ ગયું. શ્યામને ખબર મળ્યા, તેના હૃદયે જબ્બર આઘાત અનુભવ્યો. શેઠે વચન આપ્યું હતું તેથી તેઓ જરૂર પડે ત્યારે શ્યામને પૈસા મોકલતા. એજ વર્ષમાં શ્યામને બીજા દુઃખદાયક સમાચાર મળ્યા. તેની માતા તથા પિતા એક એક માસના અંતરે મરણ પામ્યાં, આવી ગંભીર હાલતમાં પણ તે શાંતચિત્તથી અભ્યાસ કરતો હતો. તે છેલ્લા વર્ષમાં પાસ થઇને ઘેર આવ્યો ત્યારે શેઠને મળવા આવ્યો. શેઠની પરિસ્થિતિ જોઇને તેને બહુ દુઃખ થયું. શેઠની ઇચ્છાથી તેણે ત્યાંજ દવાખાનું ખોલ્યું. દવાખાનું શરૂ કર્યા પછી તે પોતાને ઘેર રહેતો હતો. તેની પત્ની રમા ઘણીજ ભલી સ્ત્રી હતી. તે પણ સુશિક્ષિત સંસ્કારી હતી. શ્યામનો ધંધો બરોબર ચાલતો નહોતો. કારણ કે હજુ તો આ શરૂઆતજ હતી. છતાં જે પૈસા દવાના અથવા વીઝીટ ફીના આવતા તેમાંથી બને તેટલી તે શેઠને મદદ કરતો, આગલા દેણા પેટે ભરતો.

આમ બે વર્ષ વહી ગયાં. શેઠનો પુત્ર શેખર અત્યારે મેટ્રીકમાં અભ્યાસ કરી રહ્યો હતો. શ્યામનો ધંધો બરાબર ચાલતો હતો. શ્યામ ગરીબોને બને તેટલી મદદ કરીને તેમના અંતરના આશીર્વાદ મેળવતો. શ્યામ, શેઠને પૈસા ભર્યે જતો હતો, પણ હજુ તે દેવું વળી શકે તેમ નહોતું. શ્યામ હંમેશા શેઠના ઘરની ખબર રાખતો, શ્યામની ઈચ્છા પોતાના પર શેઠે કરેલા ઉપકારનો બદલો વાળી આપવાની હતી. મેટ્રીકની પરીક્ષા નજીક અને નજીક આવી રહી હતી. શેખરને વિદ્યાર્થી જગતમાં ચમકવાના કોડ હતા. અને તે માટે સખ્ત પ્રયત્નો કરી રહ્યો હતો. અનેક રાતોના ઉજાગરા કર્યા પછી તે નજીકના ભાવનગર કેન્દ્રે પરીક્ષાના આગલા દિવસે જઈ પહોંચ્યો. તેને બધા ઉતરપત્રો સારી રીતે લખ્યા હતા. પોતે જરૂર પાસ થઈ જશે એવી તેની ખાત્રી હતી, પણ તેની ઇચ્છા આખા કેન્દ્રમાં પ્રથમ આવવાની હતી. પરીક્ષા દઇને તે ઘેર આવ્યો. શિયાળાની ઠંડીથી, અનેક રાતોના ઉજાગરાથી શેખરને ઝીણો ઝીણો તાવ આવવો શરૂ થયો, અને તેની છાતીમાં કફ થઇ ગયો. પહેલાં તો તેને તાવને દાદ દીધી નહિ પણ પછી તેને વધારે હેરાન થવું પડયું.

શેઠ તથા ચંપાબેન શેખરને લઇને ડૉ. દેશાઇને બતાવવા ગયાં, ડૉ. દેશાઇએ શેખરને ક્ષય છે એવું નિદાન કર્યું. શેઠ આ શબ્દો સાંભળીને કેવા ગભરાઇ ગયા હતા. તે વિચાર આવતાં તેમના શરીરમાં એક ધ્રુજારી આવી ગઈ. શેઠની વિચારધારા હજુ ચાલુજ હતી. શેઠ ડૉ. દેશાઇના આ શબ્દો સાંભળી ગભરાઇ ગયા. પણ તેમને તથા ચંપાબેને ડૉ. શ્યામને બોલાવવા વિચાર કર્યો ડૉ. શ્યામ પુનાથી આવી ગયા હતા. એટલે તેઓ ત્યાં આવ્યા. ડૉ. શ્યામે તેમને સાંત્વન આપ્યું. તેમજ ક્ષય નથી. એમ કહ્યું.

આ પ્રમાણે શેઠને પોતાનો આજસુધીનો ભૂતકાળ નજર સામે પસાર થઇ ગયો. થોડીવાર પછી બારણે કોઇના ટકોરા પડયા, શેઠે બારણું ખોલીને જોયું તો

બારણે ડૉ. શ્યામનો પટાવાળો તથા એક મજુર માથે ફળનો ટોપલો લઇને ઉભો હતો. શેઠે બંનેને અંદર લીધા. મજુર ટોપલો મૂકીને રવાનો થયો. પટાવાળાએ દવાઓ ચંપાબેનને આપી. શેઠને એક ચિઠ્ઠિ આપી. ચિઠ્ઠિમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

પૂ. કાકાશ્રી.

આ સાથે દવાઓ તથા ફળો મોકલું છું. પટાવાળાને ત્યાંજ રોકજો. હું સાંજે આવીશ. કોઇપણ ચીજની જરૂર હોય તો પટાવાળા સાથે કહેવરાવશો, ગભરાશો નહિ. સાંજે આવીશ ત્યારે જે ઇન્જેકશનોની જરૂર છે, તે હું લેતો આવીશ.

એજ આપનો-**શ્યામ**

શેઠે ચિઠ્ઠી વાંચી. ફરીને વાંચી. તેમની આંખમાં હર્ષના આંસુ આવ્યાં, તેમને લાગ્યું કે, "સારા માણુસ પર કરેલ ઉપકાર કદી નકામો જતો જ નથી."

ડૉ. શ્યામની કાળજીભરી સંભાળથી એકજ માસમાં શેખર તદ્દન સાજો થઇ ગયો. થોડા દિવસ પછી મેટ્રીકની પરીક્ષાનું પરિણામ બહાર પડયું. ભાવનગર કેન્દ્રમાં શેખર પ્રથમ આવ્યો હતો. તેની આશા પૂર્ણ થઇ હતી, પણ ડૉ. શ્યામની આશા હજુ પૂર્ણ થઇ નહોતી. તેમની ઇચ્છા શેખર ડૉકટર બને તેવી હતી. આજે શેખર મેડિકલ કોલેજમાં ડૉ. શ્યામના ખર્ચે અભ્યાસ કરે છે. હજુ ડૉ. શ્યામને પોતાનું દેવું વળ્યું હોય તેમ લાગતું નથી. જ્યારે શેખર વેકેશનમાં ઘેર આવે છે ત્યારે ડૉ. શ્યામ તેને વારંવાર નીચેના શબ્દો કહે છે.

"શેખર, ધ્યાન રાખજે. તને પણ કદાચ ડૉ. દેશાઇની માફક પૈસાનો ટી. બી. થાય નહિ. ભણતર સાચું તેજ કે, જેમાં સેવા, પરોપકાર તથા પરમાર્થ તાણા-વાણાની જેમ વણાયેલા હોય!

## જવાબ જોઇ લો!

**શરૂઆતમાં થાળમાં ૪૧ લાડુ લાવ્યો તેમાંથી ૨૪ પીરસ્યા ૧૭ વધ્યા તેને રસોડામાં લઇ જઇ બમણા ૩૪ કર્યા તેમાંથી બીજાને ૨૪ પીરસી વધેલા ૧૦ને ત્રણગણા કરી ત્રીજાને ૨૪ પીરસી વધેલા છ ને ચારગણા ચોવીસ કરી ચોથા મેમાનને પીરસી દીધા.**

એક ટોળામાં ૩ અને બીજામાં ૫

**કુલ લાડવા ૭૯ બનેલ તેમાંથી પહેલાએ ઉઠી ૨૬-૨૬ના ત્રણ ભાગ કરી એક કુતરાને નાખી ૨૬ ખાઈ ગયો બીજાએ વધેલા ૫૨'ના ત્રણ ભાગ ૧૭-૧૭ના કરી એક કુતરાને નાખી ૧૭ ખાઇ ગયો. ત્રીજાએ વધેલા ૩૪માંથી ૧૧-૧૧ના ત્રણભાગ કરી એક કુતરાને નાખી ૧૧ ખાઇ ગયો અને ત્રણેએ સાથે ઉઠી વધેલા ૨૨ના ૭-૭ના ત્રણ ભાગ ૧ કુતરાને નાખી ત્રણે ખાઇ ગયા.**

શ્રી લીલાવતી સી. શાહ-ખંભાત

## કેટલે દૂર?

**વકીલ:-એટલે તમે એમ કહો છો, કે રાતના બાર વાગે, એક માઇલ દૂરથી તમે મારા અસીલને ચોરી કરતા જોયો.**

**સાક્ષી:-હા જી.**

**વકીલ:-તો તમારી નજર કેટલે દૂર સુધી પહોંચે છે, એ બતાવશો જરા?**

**સાક્ષી:-કેટલે દૂર? એ તો શું બતાવું પણ જુઓને આ ચન્દ્ર અહીંથી કેટલા માઇલ દૂર છે? હું તે રાતના પણ બરાબર જોઈ શકું છું**

# મહાસાગરનાં મોતી

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ



હજારો, લાખો, કરોડો બલ્કે અબ્જોના ખરચે પણ આલોકના સુખ માટે જોઇતાં સાધનો વસાવવામાં આવે છે, પણ પરલોકમાં સુખપ્રાપ્તિ થાય એ માટે જરૂરી પણ ધર્મનાં સાધનો વસાવવામાં બેદરકારી અને કૃપણતા કરવામાં આવે તો પરલોકનાં કે સિદ્ધિનાં સુખોની પ્રાપ્તિ થાય જ કયાંથી ?

**મોટા**ઓના નામે ભલે તમે મનાવો, પૂજાવો, મજા ઉડાવો, પરંતુ જો તમારાં કામો ખોટાં હશે, તો આખરે તમો નીચે પડવાના છો, માટે ખોટાં કામોનો ત્યાગ કરીને સારાં કામો કરતાં શીખો.

**અ**તિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુષ્કાળ, જલ, અગ્નિ, ચોર, ધાડપાડુ, લુંટારા, રાજા આદિના ઉપદ્રવો એ પાપનાં પરિણામો છે. એનાથી બચવા માટે પાપ કરનારાઓ વધુ ને વધુ દુઃખી થાય એમાં નવાઇ નથી માટે દુઃખી ન થાવું હોય તો પાપથી પાછા હઠો.

**સૌ**ને સુખ ગમે છે ને કોઇ જીવને દુઃખ ગમતું નથી. સૌને જીવવું ગમે છે, કોઇને મરવું ગમતું નથી, તો પછી તમારા દુન્યવી સ્વાર્થ માટે બીજાઓને શું કામ પીડો છો. બીજાઓને પીડીને તમો કેવી રીતે સુખી થશો ? તમારે સુખી થવું હોયતો કરો આજથી પ્રતિજ્ઞા કે, કોઇને પણ પીડા કરવી નહિ. શકય હોય તો સૌના ભલામાં ઉભા રહેવું, પણ કોઇનાય બુરામાં ઉભા રહેવું નહિ.

**તમે** બીજાને હરાવવા માટે આકાશ–પાતાળ એક કરવા મથો છો, પણ તમે પોતે વિષય–કષાયથી ઉત્તમ જીંદગી હારી રહ્યા છો તેનું શું ?

**વ**રસાદ આદિના તોફાનથી તમે અકળાઇ જાવ છો પણ વિષય–કષાયના તોફાનથી તમો અકળાઓ છો ?

**કોઇ** સ્વજન મરી જાય ત્યારે તમે શોક કરો છો પણ ક્ષણે ક્ષણે તમારૂં મોત થઈ રહ્યું છે, તેનો શોક કરો છો ? મડદાને રોવું અને જીવતાનો વિચાર ન કરવો, એ કેવું ડહાપણ ? મરનારના દાખલાથી મારે પણ પણ મરવાનું છે, એમ વિચારીને પોતાના જીવનને અનાચારના માર્ગથી પાછું હઠાવીને સદાચારના માર્ગે વાળવું જોઇએ.

**ત**મે ગમે તે પ્રાંતમાં કે ગમે તે રાજ્યમાં વસતા હો પણ અમે જૈનશાસનનાજ છીએ અને જૈનશાસનજ અમારૂં શાસન છે, આ

શુભ ભાવના દરેકે દરેક જૈનોએ ભૂલવી જોઇએ નહિ.

તમારા સાંસારિક કોઇપણ કાર્યમાં જ્યારે તમે નિષ્ફળ થાવ છો, ત્યારે તમને મનમાં કેટલું લાગી આવે છે? મહેનત માથે પડી, પરંતુ વિના ધર્મે તમારો મહામૂલો માનવભવ આખો એળે જાય છે, નિષ્ફળ જાય છે, તેનું કાંઈ પણ મનમાં થાય છે ખરૂં?

તમે જ્યારે કોઇને મત આપો ત્યારે આટલો તો જરૂર વિચાર કરશો, કે મારા આ મત આપવામાં મારા આત્માનું અને પરનું વાસ્તવિક કેટલું કલ્યાણ રહેલું છે? જો કલ્યાણને બદલે અકલ્યાણ રહેલું હોય તો એવો મત આપતાં જરા થંભી જવું જરૂરી છે.

ધર્મના કાયદાઓને નહિ માનનારાઓએ ધર્મમાં દખલગિરિ ઉભી કરવી જોઇએ નહિ.

ધર્મ ઉપર કોઇનીયે સત્તા હોઇ શકતી નથી. સૌના ઉપર ધર્મની સત્તા સુખ આપનારી છે. ધર્મની સત્તાને નહિ સ્વીકારનારાઓને કર્મની સત્તાને આધિન બનીને દુર્ગતિના મહેમાન બનવું પડે છે.

પ્રાય સૌ કોઇ એમ ઇચ્છે, કે સૌ અમને પૂછો, અમને પૂછીને કામ કરો, અમારી આજ્ઞા વિના કોઇએ એક ડગ પણ ભરવું નહિ, પરંતુ એમ ઇચ્છવા કરતાં તમો તમારા આત્મામાં એવા ગુણો કેળવો, કે જેથી તમારી લાયકાત જોઇ સૌ કોઇ તમને પૂછવા આવે, તમે નહિ ઇચ્છો તો પણ પૂછવા આવશે.

પેઢીઓમાં માલ ગમે તેટલો ભરપુર હોય પણ તેથી શું? તેનાથી સદ્ગતિ થોડી જ છે? સદ્ગતિ તો જો તમારા આત્મામાં સદ્ગુણો રૂપી માલ હશે તોજ છે.

---

એક થેલામાં શ્રીફળ ભરેલાં હતાં, તેના બે ભાગ કરીએ, ત્રણ ભાગ કરીએ, ૪-૫-૬- ભાગ કરતાં દરેક ૧ શેષ વધતી હતી, જ્યારે સાત ભાગ કરતાં કંઈ વધ્યું નહીં તો તેમાંનાં શ્રીફળ કેટલાં? (૩૦૧)

ઘોડી રોજ ૨૫ ગાઉ ચાલે છે અને તેનું વછેરૂં આજે ૧ ગાઉ, બીજે દિવસે બે ગાઉ, ત્રીજે દિવસે ૩ ગાઉ એમ પ્રતિદિન ચાલમાં એકેક ગાઉ વધારતું જાય છે, તો ઘોડી અને વછેરૂં ભેગાં કેટલા દિવસે થાય? (૪૯)

ઘોડીની જેટલી ચાલ હોય તેનાથી ડબ્બલ કરી એક બાદ કરવો તે જવાબ આવશે. કારણ કે નકકી કરેલી ચાલનો દિવસ બંને માટે સરખો. આગળના જેટલા દિવસોમાં વછેરૂં ઓછું ચાલે છે, તેટલુંજ અંતર પછીના દિવસોમાં પુરૂં કરતું જાય, તેની આગળ-પાછળના દિવસો બંને તરફના ગણી, વચલો એક દિવસ ઉમેરવાથી જવાબ આવશે.

## તળાવમાં આગ

રમેશ:-તળાવમાં આગ લાગે તો માછલીઓ ક્યાં જાય?

મહેશ:-અરે, એતો પાસેના ઝાડ પર ચઢી જાય.

રમેશ:-વાહરે વાહ, માછલી, વાંદરું થોડી જ છે કે ઝાડ ઉપર ચઢી જાય.

મહેશ:-તો દોસ્ત, તળાવનું પાણી પેટ્રોલ થોડુંજ છે, કે એમાં આગ લાગી જાય.

# અમીઝરણાં

પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ.



પૌદ્ગલિક પદાર્થો આપણા નથી, એના ઉપરની મમતા આપણા આત્માને મલીન કરનાર છે.

વિષયનો વિરાગ એ ધર્મરૂપ પ્રાસાદનો પાયો છે, વિષયના વિરાગ વિના ધર્મરૂપ મહેલ ટકતો નથી, દાન પણ તો જ દેવાય, શીલ પણ તો જ પળે, તપ પણ તો જ થાય, અને ઉત્તમ ભાવના પણ તો જ આવે.

જે વિષયનો વિરાગી તે જ વીતરાગનો રાગી થાય.

જેમાં વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણાનુરાગ અને ક્રિયામાં અપ્રમાદ હોય તે જ ધર્મ શિવસુખનો ઉપાય છે.

વિષયાધીન જીવન એ એક રીતિએ નારકીનું જીવન છે.

વિષયમાં બરાબર લીન થઇ જાય તો શાસ્ત્રે નરક નિયત કરી છે.

બધી નિર્બળતાનું કારણ એ વિષયોની ગુલામી છે.

ખરેખર વિષયાંધ જીવોનું જીવન એ ફજેતીના ફાળકારૂપ છે.

વિષયસેવા એ મનુષ્યપણાનો ધર્મ નથી.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર એ રત્નત્રયી અને એ ત્રણની સાધના માટે દાન, શીલ, તપ અને ભાવ તે ધર્મ.

વિરતિ શ્રી જિનેશ્વરદેવના ઘરની અને અવિરતિ એ મોહના ઘરની.

જૈનશાસન કહે છે કે, શક્તિ પ્રમાણે સ્હામાનાં દુઃખ દૂર કરવાના પ્રયત્નો કરો, ન થાય તો દુઃખથી સ્હામાને રીબાતા જોઈ એને મારી ન નંખાય, પણ કર્મના વિપાકને ચિંતવતાં ઉદાસીનપણે રહેવાય.

હિંસક ક્રિયાઓ મનુષ્યને હેવાન બનાવે છે, અને મનુષ્યજીવનની કોમળતાનું નિકંદન વાળે છે.

શાણી સરકાર હોય, ધર્મી ન્યાયાસન હોય તો, બચ્ચાનાં ગુન્હા માટે પ્રથમ મા-બાપને પકડી પાંજરામાં ઉભા કરે.

બાળકોને શિક્ષણ એવું આપો કે, બાળક મરતાં-મરતાં એ આશીર્વાદ આપે.

જમાનાના નામે, દેશભક્તિના નામે, આચારને દૂર મૂકવાનું કહેનારા સાધુ નથી, ને તેમાં હા ભણનારા શ્રાવક નથી.

રાજ્ય એ ભવતરૂનું સંસારરૂપી વૃક્ષનું બીજ છે, એમ જેઓ નથી જાણતા તેઓ અધમ છે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા ભવસાગરમાં ન રમે.

સાધર્મી એટલે અઢાર પાપસ્થાનકનો વિરોધી.

સમ્યગ્દૃષ્ટિ આત્મા ભવસાગરમાં ન રમે.

સાધર્મિક એટલે અઢાર પાપસ્થાનકનો વિરોધી.

અઢારે પાપસ્થાનકના પક્ષકારમાં માર્ગાનુસારીના જેટલી યોગ્યતા પણ વાસ્તવિક રીતે નથી.

સિદ્ધરૂપ થયેલા આત્માને ક્રિયાની જરૂર નથી.

જમાનો કહે છે કે, ઇચ્છાનુસાર જે ભાવના જાગે તેને આધીન થવામાં ધર્મ. અનંતજ્ઞાનીએ ગુંથેલાં આ આગમ કહે છે કે, ઇચ્છાને આધીન થવામાં ધર્મ નથી, પણ શ્રી જિનેશ્વરની આજ્ઞાને આધીન થવામાં જ ધર્મ છે.

ભાવશત્રુ પર જિત મેળવવી તે જૈનનું કામ.

સર્વજ્ઞના દીકરાને ચમત્કારમાં આશ્ચર્ય ન હોય, ચમત્કારને નમસ્કાર કરનારા એ બીજા.

તત્ત્વ એ ચમત્કારમાં નથી, પણ શ્રી જિનેશ્વરદેવે કહેલા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રમાં છે.

વસ્તુસ્થિતિનો જાણકાર ચમત્કારને વળગી ન જાય.

અયોગ્ય આત્મા પાસે દેખાડેલો ચમત્કાર પણ ભૂંડો.

માતા–પિતાઓ, સંબંધીઓ આ સંસારમાં સુલભ છે, પણ સાધર્મિક દુર્લભ છે.

આરાધેલ આજ્ઞા તે મોક્ષ માટે થાય છે, અને વિરાધેલ આજ્ઞા ભવને માટે છે, વીતરાગની સેવા કરતાં એની આજ્ઞા પાળવી એ મોટી સેવા છે.

જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ, આ ત્રણેને માને, સેવે, પૂજે તે સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા. આ ત્રણનો પ્રચાર કરે તે સાધુ–સાધ્વી, એ ત્રણના પ્રચારમાં સહાય કરે તે શ્રાવક–શ્રાવિકા.

મોક્ષની ઇચ્છા એટલે સંસારની અનિચ્છા, અને સંસારની ઇચ્છા એટલે મોક્ષની ઇચ્છાનો અભાવ.

કોઇ પણ વસ્તુ એના સ્થાનમાં ગયા વિના, એને પરિચય કર્યા વિના એના ઉપર રસ જાગ્યા સિવાય સિદ્ધિ આવતી નથી.

સામાન્ય રીતે મદ્ય–માંસ એ ઉચ્ચ ખાનદાન આત્માઓ માટે ધૃણાકારક છે.

અર્થ–કામ એ સંસારરોગથી પીડાતા આત્મા માટે વિહિત કરાયેલા ધર્મરૂપી ઔષધની ખાનાખરાબી કરનાર ભયંકર કુપથ્યો છે.

'ત્યાગ' એ સુઘોષા છે, એ સુઘોષાના અવાજ વિના જૈનત્ત્વ કદિ પણ ખીલવાનું નથી, જો કોઈ આત્મા એ અવાજને ગૂંગળાવી નાંખવા માગતા હોય તો એ જૈન નથી, શાસન હિતેષી નથી, એ અવાજ ચોમેર ફેલાય, ઘૂમતો થાય, એકએક આત્માઓમાં ઓતપ્રોત બની જાય, તેમાં જ જૈનશાસનની પ્રભાવના છે.

શક્તિસંપન્ન આત્મા ભક્તિ કરવા જાય ત્યારે ભક્તિના સાધનની કિંમત કરે નહિ.

ખોટા ધ્યેયથી કરેલો સાચા સાધનનો સ્વીકાર પણ આત્માની વિટંબના કરે છે.

મિથ્યા વિદ્યા કરતાં અવિદ્યા સારી, અવિદ્યા જશે તો વિદ્યા આવશે, પણ મિથ્યા વિદ્યાવાળાને ઠેકાણે લાવવા મુશ્કેલ.

વૈરાગ્યના પંથે પડેલા, વૈરાગ્યના નામે ઓળખાતા સાધુ જો રાગના અખતરામાં લીન

થઇ જાય તો તે ભગવાન શ્રી મહાવીરદેવના શાસનમાં વિશ્વાસુ તરીકે રહી શકતા નથી.

જ્ઞાની બનો કાં જ્ઞાનીની પૂંઠે ચાલો.

રોટલાના ભીખારી હોય તે સાધુ નથી, સાધુ 'ધર્મલાભ' સિવાય બીજો આશિર્વાદ આપે નહિ.

માતા-પિતા, દુનિયાના સ્નેહી-સંબંધી, એ સર્વના સંબંધ કરતાં સાધર્મિનો સંબંધ ઉંચો છે.

શ્રી જૈનશાસનમાં સમ્યક્ત્વ એ ધર્મરૂપી પ્રાસાદનો પાયો છે.

સમ્યક્ત્વ એ મૂળ ગુણો અને ઉત્તર ગુણોનું નિધાન છે.

સમ્યક્ત્વ ન હોય તો સઘળી ક્રિયાઓ ધૂળ ઉપર લીંપણુ સરખી છે.

જૈનશાસનમાં કૃપણને સ્થાન છે, પણુ દાનની શી જરૂર છે? એમ કહેનારને સ્થાન નથી.

કૃપણની કૃપણતા એના આત્માને મારે, પણુ કૃપણતાની સ્તુતિ આખી દુનિયાને મારે.

શ્રી જૈનશાસનમાં કોઇ પણુ ક્રિયા સંસારમાં રહેવા, સંસારને વધારે ખીલવવા કે સંસારના રંગરાગ માટે વિહિત કરી નથી, મળી જાય એ વાત જૂદી છે.

## ❋ મનનના ૦ મણકા ❋

૧ ઉધમી જીભ એ આળસુ મગજનું પ્રતીક છે.
૨ ગાય કાળી હોવા છતાં તેનું દુધ તો સફેદ જ હોય છે.
૩ અન્યાયનું ધન ત્રણુ પેઢી સુધી પણુ નથી ટકતું.
૪ જે નજરે દેખાતું નથી તે નથી જ, એવું છાતી ઠોકીને કોણુ કહી શકે તેમ છે.
૫ કોલસાને ધોઇને એનો રંગ બદલી શકાતો નથી, તેને તો અગ્નિમાં બાળવો પડે છે.
૬ પાણી જોતાં જ જે તરસ નથી લાગતી તો રૂપ જોતાં જ શું કામ તેની પિપાસા જાગી ઉઠે!
૭ દુનિયામાં ભાગ્યેજ એવો કોઇ અપરાધ હશે કે, ઇચ્છીએ તો એની માફી ન આપી શકીએ.
૮ સારો સાથી મળે તે પર સફળતા અંકાતી નથી, આપણે સારા હોવું તેજ મુખ્ય વસ્તુ છે.
૯ વાટ સંકોરે દીવા ન બળે.
૧૦ ગુલાબનું સ્થાન કંટક વચ્ચે જ હોય છે.
૧૧ સ્ત્રી એટલે જગતની જનેતા, ગૃહની ગૃહરાણી અને સુખ-દુઃખની સહભાગીની.
૧૨ સ્ત્રી એટલે આળસને કોરાણે મૂકનાર, આખા ગૃહને જીવંત બનાવનાર ચેતન, ગૃહનું અજવાળું, ગૃહનો સુરજ, ગૃહલક્ષ્મી.
૧૩ ચારિત્ર્ય એ જીવનની સાચી મુડી છે.
૧૪ સુખના દિવસો ટૂંકા લાગે છે, દુઃખના દિવસો લાંબા થઇ પડે છે.
૧૫ કર્મયોગે પ્રાપ્ત થએલી સંપત્તિનો કલ્યાણુ અર્થે ઉપયોગ કરતા રહેવું.
૧૬ સુખ, સંસાર અને ડુંગર દૂરથી જ રળીઆમણાં લાગે છે.

—શ્રી શાંતિલાલ મ. દોશી-વાંકાનેર:

# શ્રી કાલવૈશિક

—: શ્રી મનવંતરાય મણિલાલ શાહ :—

'અરે! કોનો અત્યારે આ અમંગળ રવ આવી રહ્યો છે?' કુમાર કાલવૈશિક ભરનિંદ્રામાંથી જાગૃત થતાં બોલ્યો.

'કોણ એ મૃત્યુના પંજામાં પડવા કુમારના મનને અસ્વસ્થ કરી રહ્યું છે?' એકસામટા અનેક અનુચરો બોલી ઉઠયા.

કાજળઘેરી રાત્રી હતી, નીરવ શાંતિ હતી. કડકડતી ઠંડી પડતી હતી, નગરનાં લોકો નિદ્રાદેવીના ખોળે નિરાંત લેતા હતા. ઠંડીના કારણે રાજમહેલની બધી બારીઓ બંધ હતી, બનુસ અને કામળાથી વિંટળાએલો કાલવૈશિક દૂર બોલી રહેલા શિયાળના અવાજથી જાગી ઉઠયો.

'કોનો છે આ અવાજ?' કુમારનો ક્રોધ પ્રતિક્ષણ વધતો જતો હતો, અનુચરોએ કાન માંડયા.

'નાથ, એક શિયાળ દૂર બોલી રહ્યું હોય તેમ લાગે છે.' એક અનુચરે થોડી વાર પછી કહ્યું.

'આ શિયાળનો અવાજ છે?'

'હા નાથ.'

'શા માટે એ મારી મીઠી નિદ્રામાં ભંગ પાડે?' કુમાર નવાઇ ઉપજાવે તેવા શબ્દો બોલી રહ્યો હતો, રાત્રી વધતી જતી હતી, ઠંડીની અસર સર્વને સારી પેઠે જણાતી હતી. એક સેવકે માર્ગ કાઢવા કહ્યું.

'મહારાજ, એ બિચારૂં પશુ છે! તેને કયાંથી ખબર.........'

'ચૂપ રહો! મારે કાંઇ સાંભળવું નથી, જલદી જઇને તેને પગથી બાંધીને મારી પાસે હાજર કરો.' કુમારે ગર્જના કરી, તેને અંગેઅંગ ઝાળ વ્યાપી ગઇ હતી, તેના મિજાજે માઝા મૂકી હતી, તેની સત્તાના આફરાએ ભયંકર રૂપ લીધું હતું.

'જેવો હુકમ.' કહી સેવક કુમારના હુકમને આધીન થઇ ગયો.

૨

મથુરા નગરીનો ભૂપાલ જિતશત્રુ એક કાલા નામની વેશ્યા પર મોહિત થયો હતો, અને આથી તેણે તે વેશ્યાને પોતાના અંતઃપુરમાં સ્થાન આપ્યું હતું, કુમાર કાલવૈશિક તેમનો પુત્ર હતો.



'દેવ! આ રહ્યું એ નીચ પશુ!' કહી અનુચરે એક શિયાળને બાંધી હાજર કર્યું, અનુચર સમજી ગયો હતો કે, અત્યારે રાજાની આજ્ઞાનુસાર વર્તવામાં જ ફાયદો છે, માટે જ કુમારને ખુશ કરવા તેણે આ શબ્દો કહ્યા.

'લાવ, એ નાપાક મારી મીઠી નિંદરમાં ભંગ પડાવનાર પશુને.' કુમાર બોલ્યો.

બિચારૂં એ વનવગડામાં ફરતું નિર્દોષ શિયાળ પોતાની આ સ્થિતિ જોઇ કંપી ઉઠયું, પરંતુ કુમાર અત્યારે ભાન ભૂલ્યો હતો, પોતાના સુખમાં વિઘ્ન નાંખનાર એ મૃત્યુને જ યોગ્ય છે, તેમ તેનું માનવું હતું, અનુચરો સર્વ કુમારના આ મિથ્યાભિમાનને સમજતા હતા, પરંતુ પોતાના ઉદરપૂરણનો પ્રશ્ન તો તેમને ઉભો જ હતો. આથી જ તેઓ મૌન સેવતા હતા, કુમારે શિયાળને બાંધ્યું, એ નિર્દોષ શિયાળ પર કુમારે ઘા કરવા માંડયા, માર સહન નહિ થતાં બિચારૂં 'ખી...ખી' એવા શબ્દોમાં રૂદન કરતું હતું, પરંતુ એ કાળમિંઢ જેવા બની ગયેલા હૈયાવાળા કુમારને બિલકુલ દયા ન હતી. શિયાળને રૂદન કરતું જોઇ તેને વધુ આનંદ આવતો. તેણે જોરથી પ્રહારો કરવા માંડયા. શિયાળને મારીને કુમારે સંતોષ અનુભવ્યો. નિરપરાધી પ્રાણીનો જીવ લેવા છતાં આ કર્મ તેને યોગ્ય લાગ્યું. શિયાળ મરણ પામી વ્યંતરપણે ઉત્પન્ન થયું.

૩

'આજે તો બસ એમ થાય છે કે, આમ ચાલ્યા જ જઇએ' કાલવૈશિકે પોતાની ફરવા આવેલ પ્રિયતમાને કહ્યું.

'હા, આવો મંદ મંદ પવન વાતો હોય તો કોને આવા નંદનવનમાં આલ્હાદ ન થાય' સાથીએ કહ્યું.

'કોણ જાણે આજે તો ખૂબ જ મજા આવે છે.' કુમાર આનંદિત હતો.

'પણ નાથ! પાછા ફરતાં બપોર થઇ જશે.'

'કોઇ વાંધો નહિ, પાછા ફરતાં આપણે મારતે ઘોડે આવીશું' કુમારે આગળ જવા વિચાર દર્શાવ્યો.

કુમાર અત્યારે વનમાં ઘોડા પર મૃગયા ખેલવા નીકળ્યો હતો. સવારનો શીતળ પવન વાતો હતો. સહસ્રરશ્મિના કોમળ કીરણોનો સ્પર્શ અત્યારે અંગે-અંગમાં તાજગી સ્ફૂરાવતો હતો કુમાર આગળને આગળ ચાલ્યો. એક વૃક્ષની નીચે કોઇ પંચમહાવ્રતધારી મુનિમહારાજા બેઠા હતા. ફરતાં ફરતાં ત્યાં આવી પહોંચ્યા. કુમારે નમસ્કાર કર્યા.

'ધર્મલાભ' ગુરૂએ આશીર્વાદ આપ્યો.

'પ્રભુ શા માટે આ કષ્ટ સહન કરો છો?' કુમારે સાધુવેશ જોઈ પૂછ્યું.

'વત્સ, સંસાર સાગરનો પાર પામવા માટે.' ગુરૂએ ગંભીરતાથી કહ્યું.

'શું?...સંસાર સાગર...અને...વળી તેનો પાર!!'

'હા, મહાનુભાવ, જ્યાં અનંત સુખની છોળો ઉડતી હોય તે પવિત્ર ધામ.'

'અહિં કરતાં પણ ત્યાં વધારે સુખ?'

'હા, અનંતગણું' ગુરૂએ જવાબ આપ્યો.

'તે કઇ રીતે મેળવાય?' કુમારને કોઇ અગમ્ય વાત લાગી.

'સંસારનાં સુખો તજી દઈ, ટાઢ-તડકો સહન કરી, તપસ્યા કરી, જિતેન્દ્રિય બની જે સકલ કર્મનો ક્ષય કરે છે, તે જ આ સુખનો સાચો અધિકારી બને છે.' ગુરૂએ ધર્મોપદેશ આપવો શરૂ કર્યો. સંસારની અસારતા સમજાવી. ભવની ભીતિ દેખાડી. જન્મ-મરણનાં દુઃખનું આબેહુબ વર્ણન કર્યું. કુમારના કોમળ હૃદયમાં આ શબ્દો કોતરાયા. મહેલમાં વસતા આ કુમારને ગુરૂએ બતાવેલ સુખ પાસે પોતાનું સુખ તુચ્છ લાગ્યું. તે સુખ મેળવવાનો માર્ગ કઠણ તો લાગ્યો પરંતુ વૈરાગ્યનો રાહ તેને ગમી ગયો. ચારિત્ર લઇ કાલવૈશિક મુનિ બન્યા. યોગ્ય બન્યા પછી તેઓ એકલવિહારી થયા. પૂર્વ કર્મને લઇને તેમને અર્શ નામનો વ્યાધિ લાગુ પડયો. પરંતુ તે વ્યાધિને દૂર કરવા સાવધ ઔષધનું સેવન કરવાની તે પરમ-કૃપાળુની ઇચ્છા ન થઇ. કાંઇ ઔષધજ ન લેવું એવો અભિગ્રહ જ જાણે ન કર્યો હોય, તેમ મુનિ કાંઇ પણ ફિકર-ચિંતા કર્યા વગર લોકોનું કલ્યાણ કરવા ધરાતલ પર વિચરી રહ્યા હતા.

૪

'આજે તો મારા ભાઇ આવ્યા છે.' મુદ્દગશૈલ નગરના રાજાની પટરાણીએ પોતાના સ્વામિનાથને કહ્યું.

'કયા તારા ભાઈ?' રાજાએ સામાન્ય વાત હોય તેમ કહ્યું.

'મારા ભાઇ તો ખરા પણ સાંસારિક ભાઇ મુનિ કાલવૈશિક' રાણીએ કહ્યું.

'હેં!!!' રાજાને સાનંદાશ્ચર્ય થયું.

'હા, આજે સવારે પધાર્યા, તેમ ઉદ્યાનપાલ કહે છે.'

'તો આપણે તેમને વંદન કરવા જઇએ.'

'પરંતુ તેમને અર્શનો વ્યાધિ થયો છે.' રાણીએ માર્ગ કાઢવા કહ્યું.

'આપણા રાજવૈદ્યને કહીશું. તે સર્વ રોગ જાણવા સમર્થ છે.'

બન્ને, મુનિ કાલવૈશિકને વંદન કરવા ગયા. રાણીએ પોતાને ભાઇને ઔષધ લેવા ખૂબ આગ્રહ કર્યો. પરંતુ તે નિસ્પૃહી મુનિ પોતાના માર્ગમાં અચળ હતા. ઔષધ ન લેવું તે તેમની ભિષ્મપ્રતિજ્ઞા હતી. રાણી આગ્રહ કરવામાં નિષ્ફળ ગઇ. પોતાના ઘેર વહોરવા પધારવાની ગુરૂને વિનંતિ કરી, સમય થતાં ગુરૂ ગોચરીએ નીકળ્યા, રાજમહેલમાં પધાર્યા. રાણીએ ગુરૂને ભાવપૂર્વક ભોજન વહોરાવ્યું. 'ધર્મલાભ' આપી ગુરૂ સ્વસ્થાને ગયા.

'અરેરે ! મેં ઉપયોગ ન રાખ્યો, અને આ ભોજન વહોર્યું. પરંતુ તેમાં મારા અર્શના વ્યાધિનું ઔષધ નાખેલ છે. બહેનના ભાઇ પરના સ્નેહે આવું કાર્ય બન્યું. મારા એક વ્યાધિને દૂર કરવા ખાતર સંખ્યાતા જીવોનો આ ઔષધથી નાશ થઇ ગયો. મારાથી આ અયોગ્ય કાર્ય થઇ ગયું ' રાણીએ ભોજન સાથે ઔષધ મેળવેલું, તેમ મુનિને વાપરતી વખતે પ્રતિતિ થઇ. તેમને પ્રશ્ચાતાપ થયો, પરંતુ તેઓ આટલા વિચાર કરીને અટકયા નહિ, તેઓ તો આગળ વધ્યા.

'કેવળ મને ભોજનની ઇચ્છા થઇ માટે જ આ કાર્ય મારાથી થયું છે, માટે આજથી ભોજનનો સદંતર ત્યાગ કરૂં છું.' બસ ! ખલાસ ! પ્રતિજ્ઞા થઇ ચુકી. નિશ્ચય અફર હતો. મુનિ ચાલ્યા, નગરની બહાર આવ્યા. પર્વત પર ચડયા અને અનશન સ્વીકાર્યું રાજાને ખબર પડી. મુનિને ઉપદ્રવથી રક્ષવા સેવકો મોકલ્યા. મુનિએ તેઓને પાછા જવા કહ્યું, પરંતુ તે નિમકહલાલ નોકરો પાછા ન જ ગયા.

૫

પૂર્વે કાલવૈશિકથી કુમારાવસ્થામાં ઘાત કરાયેલું શિયાળ જે વ્યંત્તર થયું હતું, તેણે અવધિજ્ઞાનથી જાણ્યું. પોતાનું જુનું વૈર સાંભળી આવ્યું. આથી તેણે બચ્ચા સહિત શિયાળણી વિકુર્વી. પરંતુ સેવકોના પહેરા હેઠળ તેઓ કાંઇ પણ કરવા અસમર્થ હતા.

પરંતુ કરેલા કર્મો કદાપિકાલે કોઇને પણ છોડતાં નથી, માટે જ શાસ્ત્રકારો પોકારીને કહે છે, કે હે ચેતન ! જે કાંઇ કર તે ભવિષ્યનો વિચાર કરીને જ કર, કારણ કે તેનું શુભ વા અશુભ ફળ તારે જ ભોગવવાનું છે. નોકરો જ્યારે ગામમાં જતા ત્યારે આ શિયાળણી લાગ જોતી. કાઉસગ્ગમાં સ્થિર મુનિ પાસે પહોંચી જતી. જુનું વેર સંભારતી, અને 'ખી...ખી' શબ્દ સાથે મુનિને બટકાં ભરતી. પરંતુ મહર્ષિ આત્મધ્યાનમાં મસ્ત હતા. અર્શના વ્યાધિને અને આ વેદનાને તેઓ આત્મલક્ષે સહન કરતા હતા, આ જડ શરીર પરથી તેમનો મોહ છૂટયો હતો. પૂર્વે કરેલા કર્મો તેમને યાદ આવતાં હતાં. પૂરો પ્રશ્ચાતાપ થતો હતો. પોતાના આત્માને ધિકકાર આપતા હતા. શિયાળણીએ પંદર દિવસ ઉપસર્ગ કર્યો, છતાં મુનિજી મનથી પણ વિકૃતી પામ્યા ન હતા. આટલું દુઃખ પડયું છતાં તેમણે આર્ત અને રૌદ્ર ધ્યાન કર્યું ન હતું. કર્મ દુશ્મન સામે તેમની લડાઇ ચાલુ હતી. આત્મબળરૂપી શસ્ત્ર તેમની પાસે હતું. કર્મબલ થાકયું. પોતાની સર્વ સેના સાથે તે કાલવૈશિક મુનિના શરીરમાંથી નાઠું, અને રાહ જોઇ બેઠેલો કેવળજ્ઞાન રૂપી ધ્વજ તેમના હૃદયરાજ પર અજવાળું પાડી ફરકી રહ્યો, અને સિદ્ધિવધુએ મુનિ કાલવૈશિકના ગળામાં વરમાળા નાખી.

## ગુમ્બો કે શાબાશી ?

પ્રવીણ :–તેં મને ગુમ્બો કેમ માર્યો ?

નવીન :–તેં મને લાફો કેમ માર્યો ?

પ્રવીણ :–અરે યાર, મેં તને લાફો થોડોજ માર્યો તો; આતો તારા મોં પરથી મચ્છર ઉડાડવા ગયો ત્યાં તે જરા જોરથી વાગી ગયો.

નવીન :–તો મેંય તને ગુમ્બો થોડોજ માર્યો તો હું તો તને મચ્છર ઉડાડવા બદલે શાબાશી આપતો તો પણ હાથ જરા જોરથી પડી ગયો.

શિવમ્

## હિન્દી ભાષામાં એક અનોખું પ્રકાશન
## વિક્રમચરિત્ર [સચિત્ર]

૪૧૬ પેજ પાકું બાઇન્ડીંગ છતાં મૂલ્ય ૫-૦-૦

જેનો સંવત ચાલે છે એવા પરાક્રમી વીર વિક્રમથી કોણ અજાણ છે? એના રસપ્રદ જીવન ચરિત્રને વાંચવા માટે અચૂક આ પુસ્તક ખરીદો.

પ્રાપ્તિસ્થાન :

**શ્રી સુધિરચંદ્ર રમણુલાલ ફડીઆ**

પાંજરાપોળ ઉપાશ્રય સામે **અમદાવાદ**

તમારૂં અને તમારા બાળકોનું ભાગ્યકર્મ કેવું છે, તે જાણવા માટે મંગાવો:

## જૈન (જ્યોતિષ) નક્ષત્ર શાસ્ત્ર

કીંમત બે ભાગના બાર આના. પોષ્ટેજ અલગ.

**પ્રેમચંદ મ. મહેતા**

C/O. જશવંતલાલ એન્ડ કું.

૭૧૬/૩ સાકરબજાર **અમદાવાદ.**

સમેતશીખર વગેરેની યાત્રાએ જતાં આ પુસ્તકને સાથે રાખો.

## સમેતશીખર યાને જૈન તીર્થભૂમિઓ

[ ચિત્રોના આલ્બમ સાથે : કિંમત રૂા. ૨-૦-૦ ]

**શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ઠે. હેરીસ રોડ, ભાવનગર.**

## નૂતન પ્રકાશનો મંગાવો !

**પર્યુષણા સ્તવનાદિ :** ૩૨ પેજી ૨૭૨ પેજ મૂલ્ય ૧-૦-૦ ચૈત્યવંદન, પર્યુષણનાં સ્તવન, થોય, સજ્ઝાય વગેરેનો સંગ્રહ છે,

**નિધાન સ્તવનાદિ સંગ્રહ. :** ૧૬ પેજી ૧૩૬ પેજ મૂલ્ય ૧-૦-૦ ચૈત્યવંદનો, થોયો, સ્તવનો અને સંજ્ઝાયોનો સંગ્રહ.

**દેવવંદનમાળા :** મૌન એકાદશીની કથા. ગણુણું તથા દેવવંદન ચૈત્રીપુનમના, અને ચોમાસીના. મૂલ્ય ૧-૦-૦

**શ્રી મનોહર મહિમા પૂજા એમ પુસ્તિકા :** આધુનિક રાગનાં સ્તવનો મૂલ્ય ૦-૫-૦

બીજાં પુસ્તકો માટે નીચેના સ્થળે પૂછાવો.

**નાગરદાસ આગજીભાઈ**

ઠે, દોશીવાડાની પોળ **અમદાવાદ**

## જૈન સંસ્કૃતિ અને ચાંદીજડીત
### લાકડાની કારીગરી

**આપણાં** મંદિરોમાં ચાંદીના રથ, સિંહાસન, બાજોઠ, ભંડાર, પારણાં, માતાનાં સ્વપ્નાં, સમવસરણ, પાલખી, વગેરે ઘણી વસ્તુઓનું શાસ્ત્રીયને મોટું મહત્ત્વ છે.

અને એટલે જ સહુ કોઇ શાસ્ત્રીય અને કલાપૂર્ણ કારીગરી માટે હમારે ત્યાં પધારે છે.

તમે પણ તમારી મંદિર ઉપયોગી જરૂરીયાત માટે આજે જ પૂછાવો. સંતોષકારક જવાબ મળશે.

સૌ કોઈનું જાણીતું સ્થળ:-

**મીસ્ત્રી ચીમનલાલ અંબાલાલ એન્ડ કું.**

હીરાબાગ, ખત્તરગલી. સી. પી. ટેન્ક. **મુંબઇ. ૪**

# હૃદય પલટો

**શ્રી એન. બી. શાહ**

આજનાં સીનેમા–નાટકનાં ગીતો યુવાન સ્ત્રી–પુરૂષોનાં હૃદયોને કેવાં મોહઘેલાં પાગલ બનાવે છે ? એ તો આજે આપણે છાપાઓમાં આવતા અહેવાલો પરથી સારી રીતે જાણીએ છીએ, ત્યારે આ પ્રાચીન કથાનકનાં નટ–નટીના ગીતે એ સમયે સાધુ, રાજકુમાર, રાજકુંવરી અને રાજાના હૃદયમાં કેવો અજબ પલટો આણ્યો છે, એ હકીકતને રજુ કરતી આ વાર્તા સૌ–કોઇને વાંચવી ગમે એવી છે.

પ્રાચીન કાળમાં બનેલી આ વાત છે.

એક નટ અને નટડી, નાચ–ગાનમાં ઘણાં પ્રવીણ હતાં, તેઓ એક રાજાના નગરમાં આવી પહોંચ્યાં, તેમની ઇચ્છા હતી કે, જો રાજાના દરબારમાં નૃત્યનો જલસો ગોઠવાય તો પ્રતિષ્ઠા અને પૈસા મળે, પણ રાજા ઘણો કંજુસ હતો, એટલે રાજા પાસે નહિં જતાં તેના પ્રધાનની મુલાકાત લીધી, પ્રધાને જવાબ આપ્યો કે, “જો ભાઇ, તારી જોર પડતી માંગણી છે, તો રાજદરબારમાં તારા નાચ–ગાનનો જલસો ગોઠવું તો ખરો, પણ રાજા કે બીજાઓ તરફથી ઇનામ–બીનામ ન મળે તેનો જવાબદાર હું નથી.

‘કંઇ નહિં તો રાજસન્માન તો ગણાશે.’ એમ વિચારી વગર પૈસે પણ ખેલ કરવા નટે ખુશી બતાવી.

એક દિવસે રાજમહેલના વિશાળ ચોગાનમાં ખેલ શરૂ થયો, ભારે માનવમેદની જામી, નાચ–ગાન કરતાં–કરતાં રાત્રી ઘણી વીતી ગઇ. અંતે નટડી બહુ થાકી ગઇ. લોકો તરફથી જોઇતું પ્રોત્સાહન ન મળ્યું, આથી પણ તે કંટાળી ગઇ હતી, એટલે તેણીએ નટને ગીત ગાતાં–ગાતાં ઇશારો કર્યો.

**રાત ઘડીભર રહ ગઈ, પંજર થાકયો આય;**
**નટડી કહે સુણ નાયકા, મધુરી તાલ બજાય.**

**ભાવાર્થ:**–રાત હવે ઘડીભર બાકી છે, શરીર થાકી ગયું છે, તું ધીમા લયમાં વગાડ.



નટે પણ ગીતમાં જ પ્રત્યુત્તર વાળ્યો:–

**બહોત ગઇ થોડી રહી, થોડી બી અબ જાય;**
**થોડી દેર કે કારણે, તાલમેં ભંગ ન આય.**

**ભાવાર્થ:**–રાત તો બહુ વીતી ગઈ છે, હવે માત્ર થોડી બાકી છે, અને થોડા સમય માટે તાલમાં ભંગ આવે તે ઠીક નહિં.

જ્યાં નટે આ લીટીઓ ગાઇને પ્રત્યુત્તર વાળ્યો, ત્યાંજ એક ચમત્કાર થયો, પ્રેક્ષકગણમાં એક સાધુ હતો, તેણે પોતાની કિંમતી કામળી નટને બક્ષીસમાં આપી, રાજકુમારે પોતાના હાથે પહેરેલું સુવર્ણનું કડું કાઢીને બક્ષીસ આપી દીધું, અને રાજકુંવરીએ પોતાનો અમૂલ્ય હાર નટને બક્ષીસ આપ્યો. નટ અને નટડી ઘણાં ખુશી થઇ ગયાં, ખેલ પૂરો થયો.

ત્યારબાદ રાજાએ પેલા સાધુને બોલાવીને

પૂછ્યું; 'હે સાધુ ! આપે આપની કિંમતી કામળ શા માટે નટને આપી દીધી ?'

સાધુએ જવાબમાં કહ્યું કે, 'મહારાજ' સાચું કહું છું, મેં ત્રીસ વર્ષથી સંસારનો ત્યાગ કર્યો છે, પણ કોણ જાણે શાથી આજ આપનો વૈભવ જોઇ મારૂં મન ચલિત થયું, અને એમ થઈ આવ્યું કે, આ સાધુપણું છોડી દઇ સંસારી બની જાઉં અને સંસારનાં સુખોની મોજ માણી લઉં, ત્યાં આ નટે ગીત ગાયું.

બહોત ગઈ થોડી રહી, થોડી ભી અબ જાય;
થોડી દેર કે કારણે, તાલમેં ભંગ ન આય.

મને તરત જ ભાન થયું કે, હું લાંબા સમયથી સાધુપણું પાળી રહ્યો છું, હવે જીવનનો થોડો ભાગ જ બાકી કહેવાય, તો થોડા ટાઇમ માટે વ્રતનો ભંગ કરી શા માટે પાપ બાંધવું ? તે નટનું ગીત સુણવાથી જ મારામાં સદ્બુદ્ધિ જાગી, એથી જ મેં ખુશી થઇને નટને મારી કિંમતી કામળી બક્ષીસ આપી.'

રાજા, સાધુનો ઉપર મુજબનો જવાબ સાંભળી ઘણો ખુશ થયો અને પછી પોતાના કુમારને પૂછ્યું; 'હે કુમાર ! તેં શા માટે કડું ભેટ આપ્યું ?'

કુમારે કહ્યું; 'પિતાજી, જો મને માફી આપવાનું કબૂલ કરો, તો સાચી વાત જાહેર કરૂં' રાજાએ કુંવરની માંગણીનો સ્વીકાર કર્યો. એટલે કુમારે કહ્યું; 'આપની કીર્તિ એક મહાન કૃપણ તરીકે સારાય રાજ્યમાં પ્રખ્યાત છે. આપને એક દમડી ખર્ચવાનો પણ પ્રસંગ ઉભો થાય તો મરવા જેવું દુઃખ થાય છે, અને તેથી પ્રજામાં મારી રાજકુંવર તરીકેની આબરૂ હું જાળવી શકતો નથી. કારણ કે, આપ મારે યોગ્ય ખર્ચા માટેની રકમ વાપરવા માટે આપતા નથી, આવાં કારણોથી મેં નિશ્ચય કર્યો હતો કે, લાગ મળે પિતાજીનું ખૂન કરીને રાજા બની જાઉં, આવા દુષ્ટ વિચારોમાં હું દરરોજ લાગ જોતો હતો, પણ આજે તે નટનું ગીત સાંભળીને મારામાં સદ્બુદ્ધિ જાગી અને વિચારોમાં એકદમ પરિવર્તન થવા પામ્યું છે, મેં એ ગીત ઉપરથી એવો વિચાર કર્યો કે,—પિતાજીના આયુષ્યનો મોટો ભાગ વ્યતીત થયો છે, બાકીનો ભાગ જવા લાગ્યો છે, હવે કેટલા દિવસો તે કાઢવાના છે, હવે ફક્ત થોડા સમયને માટે હે જીવ ! તારે પિતૃહત્યાનું ઘોર પાપ શા માટે બાંધવું પડે ? આવી સુંદર શીખામણ તે નટના ગાયનદ્વારા મને મળી તેથી ખુશી થઇને મેં તેને કડું બક્ષીસ આપી દીધું.'


ત્યાર પછી કુંવરીને રાજાએ પૂછ્યું, 'તેં શા માટે તારો કિંમતી હાર નટને ભેટ આપી દીધો ?' કુંવરીએ ઉત્તર આપ્યો, 'હે પિતાજી ! આપની કંજુસાઇથી કોણ અજાણ્યું છે ? મારૂં યૌવન કરમાવા આવ્યું છતાં આપને મારા લગ્નમાં પહેરામણી ભારે આપવી પડે તેથી જ કોઇ રાજકુંવર સાથે હજુ સુધી મારૂં લગ્ન કર્યું નથી, આવી સ્થિતિમાં મેં એવો નિશ્ચય કરેલો કે, પ્રધાનજીના પુત્રની સાથે લાગ શોધીને ભાગી જાઉં, અને તેની સાથે સ્નેહલગ્ન કરી નાંખી મારી ઇચ્છા પૂરી કરૂં, પણ આ નટનું ગીત સાંભળીને મારા વિચારોમાં અજબ પરિવર્તન આવી ગયું. અને એ વિચાર હવે મેં છોડી દીધો, તેના ગીત ઉપરથી મને એવો સદ્બોધ મળ્યો કે, પિતાજી ઘરડા થયા છે. તે હવે લાંબા દિવસો કાઢવાના નથી, તેમના પછી ભાઇ રાજા બનશે અને તે મારાં લગ્ન ધામધૂમથી કરશે, માટે આટલો વખત હે જીવ ! તેં ધીરજ રાખી છે,

# અનાથ કોણ ?

—: શ્રી કીર્તિકુમાર હાલચંદ વોરા :—

અનાથ એટલે શું ? અનાથ કોનેકહેવાય ? શા માટે કહેવાય ?

જેને નથી નાથ, બાપ કે નથી કોઇ વડીલ, પોતે એકલો કોઇના આશ્રય વિના-રહે છે, (જીવે છે) એને અનાથ કહેવાય ? ના, ના એને અનાથ ન કહેવાય. પરંતુ સાચો અનાથ એનેજ કહેવાય, કે જેણે આત્મશ્રેય અર્થે કોઇ પણ આરાધના કરી નથી કે કોઇ પણ ધર્મકાર્ય કર્યું નથી, એવો જે જીવ પોતે પાપના પોટલા બાંધતા વૈભવવિલાસ, એશ-આરામમાં મશગુલ હોય છે. કાળના હાથમાં સપડાઇ જાય છે. એજ આત્માને અનાથ કહેવામાં આવે છે, કે જે બિચારો અનાથ ચાલ્યો ગયો, એકે નાનું સરખું પણ પુણ્યનું કાર્ય એણે નથી કર્યું, કે જે ભવ મુસાફરીમાં એને મદદ કર્તા થઈ પડે, એ માટે કહ્યું છે કે,



મરણ સમય ચેત્યો નહિ, ન કર્યો ઊંચો હાથ;
આરાધન અનશન વિના, ચાલ્યો જીવ અનાથ.

એટલેકે જેની છેલ્લી પળો ગણાઇ રહી છે, જેને લઈ જવા માટે કાળદુત બારણાં ખખડાવી રહ્યો છે, અર્થાત જેનું મૃત્યુ નજદિકજ આવી ગયું છે, એવો જે જીવ આ છેલ્લી ઘડી, અરે છેલ્લી પળ સુધી ચેત્યો નથી. જેણે નથી સુપાત્રે દાન દીધું, નથી ધર્મની કયારેય આરાધના કરી કે નથી નાનું સરખું એકેય તપ કર્યું. અરે કોઇ દિવસ આવાં શુભ કાર્યો કરવાની એણે ભાવના પણ ભાવી નથી, એવો આ જીવ પોતે નિરાશ્રિત સરખોજ આ ઘર છોડી, આ પુદ્ગલ છોડી, આ વૈભવ વિલાસ, સુખ સાહ્યબી કુટુંબ પરિવાર, સ્ત્રી-સંતાનો, માલ-મિલ્કત છોડી જઇ રહ્યો છે.

જેવી રીતે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારતને સ્વરાજ મળ્યું ત્યારે શ્રી જીણાએ ઝુંબેસ ઉપાડી, પાકીસ્તાન અલગ કરાવ્યું, ભારતના ભાગલા પડ્યા ત્યારે પાકીસ્તાનમાં

---

તો હવે થોડા વખત માટે શાને ઉતાવળ કરે છે ? અને કુળને કલંક લગાડવાનું કામ કરવાને તૈયાર થઇ છે ? આવી રીતનો જાણે મને કોઇ ગેબી અવાજ શીખામણ આપતો ન હોય ? એવું તે વખતે મને લાગ્યું, અને તેથી જ મેં તે નટને હાર બક્ષીસ આપી દીધો.'

આ પ્રમાણે સાધુનો, રાજકુમારનો અને રાજકુંવરીનો ખુલાસો સાંભળીને રાજાને પણ વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો, અને પોતાના પુત્રને રાજગાદી ઉપર બેસાડીને અરણ્યમાં જઈ ઇશ્વરનું ભજન કરવા લાગ્યો. ધન્ય છે તે સાધુને, રાજકુમારને અને રાજકુંવરીને, કે જેઓએ પતનની છેલ્લી ઘડીઓ આમ સુધારી લઇને મહાન પાપપંકમાં ખૂંચતા બચી ગયા."

રહેતાં કેટલાંય હિન્દુ કુંટુંબો માલ-મિલકત, ઘરબાર, અરે કોઇ કોઇતો સ્ત્રી, પુત્ર, પુત્રી, મા-બાપ વગેરે પરિવારને છોડીને હિન્દમાં આવવા નીકળ્યા હતા. તેમને તે વખતે પાકીસ્તાનની સરહદે તપાસ કરી જવા દેતા. તેમની પાસે એક દમડી પણ રહેવા નહોતા દેતા, એ વખતે એમની શું સ્થિતિ હશે? ભીખ માંગીને મળે તો ખાતા, નહિ તો લાંઘણ. આવા જે માણસો હિન્દમાં આવેલા છે, તેઓ નિરાશ્રીતો તરીકે ઓળખાય છે.

એવીજ રીતે આ જીવ આ કાયારૂપ ઘર છોડી જવાની તૈયારીમાં હશે તેની પાસે રસ્તામાં જોઇતું ભાતું અને પોતાના શ્રેય માટેનાં સાધનો નહિ હોય તો શું તે ઓછો હેરાન થશે? અને તો એ અનાથ (નિરાશ્રિત) જ કહેવાયને?

પરંતુ ભવભ્રમણની મુસાફરીએ જતા જીવને (આત્માને) ભાતું કેવું જોઇએ? શીરા, પુરી, લાડુ કે બરફીનું નહિ, એને તો જોઇએ દાન, શીલ, તપ અને ભાવનાનું ભાતું. દાન, શીલ, તપ અને ભાવના એ ધર્મના ચાર પ્રકાર છે. આ ધર્મના પ્રભાવે જ્યાં સુધી ભવ કરવા પડે ત્યાં સુધી જીવને મોક્ષ નગરમાં સહેલી રીતે જલદી પહોંચી શકે, રસ્તામાં હેરાન થવું ન પડે.

કોઈ કહેશે કે, ભાતું તો મૃત્યુ નજદીક આવશે ત્યારે લઈ લેશું અર્થાત્ ઘડપણ આવે ધર્મકાર્ય કરીશું.

પરંતુ આ વાત ઘણીજ ભૂલ ભરેલી છે. કારણ, આપણે આજે છીએ અને આવતી કાલે, અરે કલાક કે મીનીટ પછી આપણું શું થશે, એ આપણે ઓછુંજ જાણી શકીએ છીએ. આજની દુનિયામાં કાળજાં થથરાવી મૂકે એવા બનાવો દરરોજ બને છે, કોઈ દિવસ મોટર બસનાં ક્રૂર વીલ નીચે કોઇ યુવાનનું માથું પીસાઇ જાય છે, તો કોઇ દિવસે તોફાન થતાં બે-ત્રણનાં ખૂન થાય છે, તો કોઈ દિવસ રેલ્વે, હોનારત, તો કોઇ દિવસ એરોપ્લેન હોનારત, તો કોઇ દિવસ આગ લાગતાં બે-ચારનાં ભોગ લે છે, આવી રીતે નાના બાળ કે યુવાન માણસો જેમને મૃત્યુ શું છે, એની ખબર સુદ્ધાં નથી, એવા અકસ્માતથી મૃત્યુને આધીન થાય છે, માટે મૃત્યુ કયારે આવશે, એનો શું ભરોંસો?

શ્રી ગૌતમસ્વામી પાસે ૯ વર્ષની બાળવયમાં દીક્ષા અંગીકાર કરેલ બાળમુનિ શ્રી અતિમુક્તકુમાર એક દિવસ આહાર વહોરવા કોઇ શ્રેષ્ઠિને ત્યાં ગયા, ઘરમાં ફક્ત એકજ શ્રેષ્ઠિની નવયૌવના પુત્રવધુ હતી, તેણે બાળમુનિને જોયા, અને તે બાળમુનિને તેણે પ્રશ્ન કર્યો.

તેણે પૂછયું કે, 'મુનિવર! આટલી નાની વયમાં આપે દીક્ષા કેમ લીધી? ધર્મકાર્ય તો ઘડપણમાં કરાય ને?'

ત્યારે મુનિરાજે જવાબ આપ્યો; "હું જાણું છું, તે નથી જાણતો" તે માટે મેં આટલી નાની વયમાં દીક્ષા અંગીકાર કરી છે.

શ્રી અતિમુક્ત મુનિરાજે શ્રેષ્ઠિની પુત્રવધુ આવો ગૂઢ જવાબ ન સમજી શકવાથી તેને સમજાવતાં કહ્યું કે, "મૃત્યુ આવવાનું છે, તે હું જાણું છું, પરંતુ કયારે આવવાનું છે, તે નથી જાણતો, કદાચ આજે અને હાલ જ આવી જાય તો? ઘડપણ ઘડપણની જગ્યાએ જ રહે ને? યુવાની પણ ઉંઘી જાય, માટે હું તો દરરોજ ધારૂં છું કે, મારૂં મૃત્યુ કાલે નહિ આજે જ છે, અને મૃત્યુ સમયે હું અનાથ ન હોઉં, એ માટે જેટલો વખત છે એટલામાં આત્મશ્રેયને રસ્તે આગળ ધપી રહ્યો છું.'

# મુંબઇના "પબ્લીક ટ્રસ્ટ એકટ"ની ભયંકરતા

—: વકીલ કેસરીચંદ નેમચંદ શાહ: બી. એ. એલ. એલ. બી. :—



પબ્લીક ટ્રસ્ટોના વહીવટનું નિયમન કરવા તથા વધુ સારી જોગવાઈ કરવા, મોઘમ ને સંદિગ્ધ ભાષામાં કાયદો કરવાનો હેતુ જણાવી સરકારે રક્ષણ કરવાનો ડોળ કરેલો છે. આ કાયદો સુગરકોટેડ (Sugar-Coated) ઝેર જેવો છે, એ ઝેર ખબર પડે નહિ એવી રીતે શરીરમાં ધીમે ધીમે પ્રસરે, શરીરના ધીમે ધીમે આંતરડાં બગાડી શરીરની પાયમાલી કરી શરીરને ભયમાં મૂકે છે, તેવી જ રીતે આ કાયદો ધર્મની ભાવનાઓને નષ્ટ કરી ધર્મને ભયમાં મૂકે છે.

૨. ટ્રસ્ટ એકટ ભલે ઉપરથી હિસાબની ચોખવટનો હેતુ આગળ ધરે, પણ ખરો હેતુ આવકનું સાધન ઉભું કરવાનો છે. 'રજીસ્ટ્રેશન ફી'ના નામે સરકારે લાખ રૂપીઆ ઉપરાંતની રકમ તો ધર્મની મૂડીમાંથી લઈ લીધી અને દરવર્ષે આવક ઉપર બે ટકાની રકમ લેશે, આ તો ધર્મ પર નવીન ટેકસ છે, એ ધર્મ-વિરૂધ્ધ નહિ તો બીજુ શું ? આવો બેહુદો ને જુલ્મી ટેકસ તો બસો વર્ષના પરદેશી અંગ્રેજ રાજ્યશાસનમાં પણ નહોતો, ધર્મ પર ટેકસ નાંખી કઈ ધર્મહીન સરકાર વધુ વખત જીવી શકશે ? આજે બે ટકાનો ટેકસ છે, કાલે ત્રણ ટકા થશે, પછી પાંચ થશે. વેચાણવેરો પહેલાં આવ્યો, ત્યારે વિરોધ કર્યો હતો છતાં ઠોકી બેસાડયો, ત્યારે હવે અનેકવિધ વેચાણવેરો ( Multipal Sale Tax) આવ્યો. સરકાર તો એક વખત નાખેલો ટેકસ વધારવામાં સમજી છે, ઘટાડવામાં નહિ. આનો પણ પ્રચંડ વિરોધ છે, છતાં કોણ સાંભળે છે ? જ્યારથી ટ્રસ્ટ એકટ ધારાસભામાં ખરડારૂપે આવ્યો ત્યારથી વિરોધ થયો છે, છતાં સરકાર કયાં સાંભળે છે ? બહેરા આગળ શંખ ફૂંકવા જેવું છે. આજે તો સરકાર કુતરા, ઉંદર, તીડ વિગેરેને મારી નંખાવે છે, કરોડો રૂપીયા માછલાં મારવા પાછળ ખર્ચે છે, આ તો નરી ભારોભાર હિંસા છે, અધર્મ છે.

૩. ધર્મની આવક પર બે ટકાનો ટેકસ નાંખવાનો સરકારને શો હક્ક છે ? ધાર્મિક લક્ષ્મીનો ઉપયોગ સરકારખર્ચ માટે નથી. એ તો હિંદના બંધારણની કલમ (૨૬) ની વિરૂદ્ધ છે. ટ્રસ્ટ એકટમાં "ટેકસ" શબ્દ જાણી-બુઝીને નહિ વાપરતાં, "વહીવટ ફાળો"

---

આ જવાબથી શ્રેષ્ઠિની પુત્રવધુ ઘણી જ આશ્ચર્ય પામી અને તેણીએ, વૈરાગ્યવાસિત બની ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

તેવી જ રીતે આપણે પણ સમજવાનું છે કે, આપણું મૃત્યુ આજે જ આવશે, માટે મૃત્યુ પહેલાં ચેતી જવું જોઇએ, અને શ્રી જિનેશ્વરદેવના ધર્મની આરાધનાદ્વારા પરલોકનું ભાથું બાંધવું જોઇએ.

( Contribution ) એ શબ્દ વાપર્યો છે તેમ છતાં આ " વહીવટ ફાળો " એ ટેકસ છે, એવો મદ્રાસ હાઇકોર્ટનો છેવટનો ફેંસલો આવ્યો છે, મદ્રાસમાં ટ્રસ્ટ એકટ છે, એનું નામ "હિન્દુ રીલીજીયસ એન્ડ ચેરીટેબલ એન્ડાઉમેન્ટ એકટ" (Hindu religious and charitable endowment act) છે, ને ત્યાં પાંચ ટકાનો ટેકસ છે તે ગેરકાયદેસર છે, એવું ઠર્યું છે; આથી મુંબઇ સરકાર પણ મૂંઝવણમાં પડી છે, મુંબઇ સરકાર સામે ટ્રસ્ટ એકટના કાયદેસરપણાને પડકારતો રીટ્ કેસ મુંબઇ હાઇકોર્ટમાં દાખલ થયો છે, અને વડા ન્યાયમૂર્તિ તથા ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે મુંબઈ સરકાર, ચેરીટી કમિશ્નર અને વડોદરા વિભાગના મદદનીશ ચેરીટી કમિશ્નર સામે નોટીસો કાઢી છે. એ કેસ કરનાર ભાગ્યશાળી ધર્મવીર વેજલપુર જૈન સંઘ દહેરાસરના વહીવટ કરનાર શ્રીયુત્ રતિલાલ પાનાચંદભાઈ છે, અરજીમાં એમણે મુખ્ય ત્રણ મુદ્દાઓ કાઢ્યા છે. આ કાયદો (૧) બંધારણ વિરૂદ્ધ છે. (૨) ધાર્મિક હક્કો પર ત્રાપ મારનારો છે, (૩) ગેરકાયદેસર છે.

૪. જૈનશાસ્ત્રો મુજબ જૈનોની ધાર્મિક મિલ્કતોના ટ્રસ્ટી જૈન જ થઈ શકે છે, જૈનેત્તરને ટ્રસ્ટી થવાનો શો અધિકાર છે ? ચેરીટી કમિશ્નરને ટ્રસ્ટી નીમવાની જે જોગવાઇ કાયદામાં કરવામાં આવી છે, તે જૈનધર્મ વિરૂધ્ધ છે, હિંદના બંધારણ વિરૂદ્ધ છે. આ તો ધાર્મિક વહિવટમાં મોટી ડખલગીરીરૂપ છે, અંતરાયરૂપ છે. જૈનધર્મની મિલ્કતો ઉપર જૈનસંઘની સત્તા છે, એ સત્તા નષ્ટ થઇ સરકારની સત્તા આવે છે, આવી મોટી સત્તાની ફેરફારી થાય છે, ને સરકાર સત્તા છીનવી લે છે, ત્યારે શું આપણે હાથ-પગ જોડી મૂંગા બેસી રહેવું કેમ પાલવે ? જૈનસંઘોએ જાગૃત થવું જોઇએ. જૈનોની પ્રખર ગણાતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી શા માટે વિરોધ કરતી નથી ? એના પ્રખર પ્રભાવશાળી પ્રમુખે સરકારની શેમાં શા માટે તણાઈ જવું પડે ? આજે એ વિરોધના સુર પૂરજોરથી કાઢે, જૈનસંઘોને માર્ગદર્શક બને, વિરોધનો સક્રીય કાર્યક્રમ ઘડી કાઢે, તેમ છતાં સરકાર ના માને તો ટેસ્ટ કેસ, રીટ કેસ, ડેકલેરેશન કેસ આદિ રસ્તાઓ છે. આજે એક જ સંસ્થા- જૈન સંસ્કૃતિ રક્ષક સભા પ્રચંડ વિરોધ વ્યવસ્થિત રીતે ગજાવી રહેલ છે, પણ એક હાથે તાળી પડતી નથી. "ઝાઝા હાથ રળીયામણા" એ કહેવત મુજબ સમગ્ર જૈનસમાજનું, જૈનાચાર્યોનું સંગઠ્ઠન ને સંપ કરી વિરોધ કરવો જોઇએ, ઝાઝી કીડીઓ સાપને પણ ખેંચી લાવે છે, આવી પ્રચંડ શક્તિ મોટા સમુદાયની છે.

૫. શ્રી શંકરાચાર્યજીનો પણ સ્પષ્ટ વિરોધ છે, ધર્મના સિદ્ધાંતો, રીતરીવાજો, ધર્મની પ્રણાલિકાઓને ગંભીર ભયરૂપ છે, એવું સ્પષ્ટપણે એમણે જાહેર કર્યું છે.

---

## ટંકાર—

બરફ વેચનાર પાણીના પૈસા બનાવે છે.
બરફ લેનાર પૈસાનું પાણી કરે છે.

સજ્જન સદાચારથી જીવે છે.
સદાચાર સજ્જનથી જીવે છે.

શ્રીમંતના ચરણમાં માથું પડે છે.
ગરીબના માથામાં ચરણ પડે છે.

ત્રિપ્ર.

# બાળકોની માવજત

શ્રી લીલચંદ ચુનીલાલ શાહ

આજે આપણા સમાજમાં બાળકોની શારીરિક તથા માનસિક માવજત માટે મા-બાપોનું લક્ષ્ય ઓછું છે. શ્રીમંતો હોય તે નોકરોદ્વારા બાળકોને ઉછેરે છે. જ્યારે સામાન્ય વર્ગ પોત-પોતાના વ્યવસાયમાં એટલો ગૂંથાઈ જાય છે કે, બાળકોની કાંઇ કાળજી લઈ શકતો નથી. પરિણામે બાળકો ભાવિ જીવનમાં આધ્યાત્મિક વિકાસ, સંસ્કાર, શારીરિક યા માનસિક સ્વસ્થતા આદિમાં પ્રગતિ કરી શકતા નથી, આથી બાળકોની માવજતને અંગે ઉપયોગી સૂચનાઓ લેખક અહિ રજૂ કરે છે. આપણે ઇચ્છીશું, કે લેખક આ વિષયને સ્પર્શતા લેખો લખતા રહે.

બાળક જ્યારે હાથ-પગ પછાડે છે, આળોટે છે, મારે છે, ત્યારે આપણે કહીએ છીએ કે, બાળક હઠ કરે છે. હઠ એક પ્રકારની માંદગી છે. જ્યારે તાવ આવે છે, માથું દુખે, પેટમાં દુખે ત્યારે આપણે તેની સાથે પ્રેમથી વર્તીએ છીએ, એને દવા આપીએ છીએ. એ શારીરિક રોગ છે, અને એના ઉપચાર તરતજ કરાવીએ છીએ. હઠ એક પ્રકારનો માનસિક રોગ છે, અને બાળકને એનાથી બચાવવો હોય તો એનો પણ ઉપચાર કરવો જોઇએ. આપણે મોટેરાંઓ એને રોગ તરીકે સમજતા નથી, એટલે એની સાથે એ રોગ વધે છે. હઠનું કારણ શોધી કાઢી, એનાથી બાળકને બચાવવા પ્રયત્ન કરવો જોઇએ. જો આપણે એની કાળજી નહિ લઇએ તો બાળકની માનસિક શક્તિ ક્ષીણ થતી જાય છે, અને હઠ કરવાની તે વ્યક્તિને ટેવ પડી જાય છે, અને એની ખરાબ અસર જીવન સુધી રહે છે, અને એમાંથી માનસિક વિકૃત્તિ થવાનો સંભવ રહે છે.

હઠરૂપી રોગ ઉપર ઉપચાર કરતાં પહેલાં તે કયા પ્રકારની હઠ છે, એ શોધી કાઢવું વધારે મહત્વનું છે. કારણ, ઘણીવાર બાળક ખરેખર હઠ નથી કરતું પરંતુ કોઈ બીજા કારણોથી એ રડતું, આળોટતું વગેરે પ્રકારનું વર્તન કરતું હોય છે, અરે ખરેખર હઠ નથી પણ એ હઠનો આભાસ છે. એમાં પણ પ્રકાર છે.

જ્યારે બાળક અતિશય થાકી જાય છે, ત્યારે આરામ કરવો જોઈએ, એવું એને સમજાતું નથી, એટલે એ રડે છે, ધાંટા પાડે છે, આળોટે છે વગેરે કરે છે, ત્યારે આપણે જોઇ ચીઢવીએ છીએ તો તે વધારે ચીઢાય છે એટલે એના શરીરની સાથે જ્ઞાનતંતુ પણ થાકી જાય છે. તો અહિં બાળક હઠ નથી કરતું, પરંતુ એ ખૂબ થાકી ગયું છે, એટલે એવી રીતે વર્તે છે, તો તે સમયે મોટેરાએ ખૂબ શાંત તથા સ્વસ્થ રહેવું જોઇએ. એમની સાથે વધુ વાતચીત તથા ચર્ચા કરવી નહિ, પણ તેને ઉંઘાડવાનો પ્રયત્ન કરવો જોઇએ. આ હઠ નથી પરંતુ હઠનો આભાસ માત્ર છે, પછી ઘણીવાર બાળકને શરીરે અસુખ હોય અથવા અસ્વસ્થ હોય ત્યારે પણ રડે છે, આળોટે છે, હાથપગ પછાડે છે, આપણે સામે ગુસ્સે થયા વગર એને શરીરે, કપાળે, હાથ મૂકી જોવો. અથવા એને પૂછવું કે, 'પેટમાં દુઃખે છે? માથું દુખે છે? આવી રીતે શારીરિક અવસ્થતાને કારણે બાળક ઉપર પ્રમાણે વર્તતું હોય છે.' તો એનું શારીરિક દુઃખ જાણીને તેનો ઉપચાર કરવો જોઈએ. આમાં દવા તથા અન્ય ઉપચારોમાં મોટેરાંએ કડક થવું ઘટે તો પણ થવું.

બાળકને આપણે હુકમ કરીએ છીએ, ત્યારે કેટલીક વાર આપણી ભાષા એ સમજી શકતું નથી. એથી એ હુકમો પાળવાની ના પાડે છે, ત્યારે આપણે જેને હઠીલું કહીએ છીએ. તો એની વયના પ્રમાણમાં એ સમજી શકે અને એની રમતમાં ભંગ ના પડે, એ રીતે એનાથી થઇ શકે તેટલું કામ સોંપીશું તો તે આનંદથી કરશે અને હુકમ આપતી વખતે હુકમ સત્તાના સ્વરૂપમાં ન હોવો જોઈએ.

ઘણીવાર બાળક બીક અથવા શરમને લઇને કામ કરવાની ના પાડે છે. બીક વસ્તુ પરત્વેની, કામ પરત્વેની, અને વ્યક્તિ પરત્વેની હોઈ શકે. એ બીક આપણે જ એમના મનમાં ઘણીવાર ઉભી કરેલી હોય છે, તો એ બીક દુર કરવાથી બાળકના વર્તનમાં ફેરફાર થઇ શકે છે. બાળકને ચપ્પુની, કાતરની, સિપાઇની, ભોંયરાની

વગેરેની બીક આપણે ઉભી કરેલી હોય છે, ત્યારે આપણે મોટેરાએ ગુસ્સે થવું જોઇએ નહિ. એવીજ રીતે કુદરતી રીતે બાળક શરમાળ હોય, એને બહુ લોકોની વચ્ચે બોલવાની, કામ કરવાની, શરમ લાગતી હોય તો તે શરમ દૂર કરવી જોઇએ.

ઘણીવાર એની પ્રબળ ઇચ્છા વિરૂદ્ધ એને કામ કરવાનું કહીએ છીએ, ત્યારે એની એ ઇચ્છા એટલી જોરદાર હોય છે, કે એને અટકાવવાની એનામાં શકિત હોતી નથી, એટલે એ સામું થાય છે, ત્યારે આપણે એને હઠીલું કહીએ છીએ. દાખલા તરીકે ઘરમાં બરફીના થાળ પડયા હોય અને એને બરફી ખૂબજ ભાવતી હોય અને બા હુકમ છોડે કે એક કટકો પણ ખાવાનો નથી, તો બાળક એ ખાવાની પ્રબળ ઇચ્છા રોકી શકતું નથી અને બરફી ખાય છે. ત્યારે આપણું કહ્યું માનતું નથી, એવું આપણે કહીએ છીએ.

જેવી રીતે તીવ્ર ઇચ્છા હોય છે, એવી જ રીતે તીવ્ર અનિચ્છા પણ હોય છે. એટલે ન જ કરવાની પ્રબળ ઇચ્છાનો સામનો બાળક કરી શકતું નથી, તો એની ઇચ્છાને માન આપી એ વાત જતી કરવી જોઇએ. નહિ તો એની સાથે સમજપૂર્વક વર્તવાથી એ એ દૂર કરી શકાય તેવી હોય તો દૂર કરવી. આપણો હુકમ એણે માનવો જ જોઇએ. એ ન કેમ માને ? એમ આપણે ઇચ્છીશું તો બાળક સુધરી શકતું નથી.

હઠ કરવાથી બાળકની ઇચ્છા શકિત વેડફાઇ જાય છે, એટલે એનામાં માનસિક શક્તિ જરૂર ઓછી થાય છે, તેથી બાળક આચારમાં, વિચારમાં એમ દરેક રીતે મોટેરાંને આધીન થઇ જાય છે. આમાં બાળકનો માનસિક વિકાસ થતો નથી, અને એક વ્યકિત તરીકે જીવનમાં ખાસ કંઇ જ કાર્ય કરી શકતું નથી. પરંતુ જે વ્યક્તિની ઇચ્છાશકિત જોરદાર હશે, તે પોતાની ઇચ્છાથી કંઇ નવું કરવા જરૂર પ્રયત્ન કરશે. એવી વ્યક્તિનો માનસિક વિકાસ સારી રીતે થઇ શકે છે અને વ્યક્તિ તરીકે એના જીવનમાં કંઇક કર્તવ્ય કરી શકે છે.

જો આપણે બાળકનો માનસિક વિકાસ ઇચ્છતા હોઇએ તો એની ઇચ્છાશક્તિને મારી ના નાખવી, પરંતુ એનો વિકાસ થાય એવા પ્રયત્નો કરવા જોઇએ.

બાળક હઠ કરે છે. ત્યારે એની વિચાર કરવાની શક્તિ મરી જાય છે, એને બીજુ કોઇ જાતનું ભાન હોતું નથી, પરંતુ પોતાનું ધાર્યું કરાવવું એજ એની હઠ હોય છે, એમાં આપણે ધાક, ધમકી, મારથી તે દૂર કરવા પ્રયત્ન કરીશું તો એ રોગ વધે છે, અને હઠ કરવાની ટેવ પડે છે, અને એ ટેવ જીવન સુધી સાથે રહે છે, તો એ રોગ ધાક, બીક, ધમકી કે મારથી દૂર નથી થતો પરંતુ એ રોગનું મૂળ શોધી કાઢી એ મૂળ દુર કરવું જોઇએ. એની હઠનું મૂળ ઘણીવાર આપણા વર્તનમાં હોય છે, તેથી આપણું વર્તન સુધારવાથી અને આપણે એને સમજવાનો પ્રયત્ન કરીશું તો બાળક હઠના રોગથી મુક્ત થઈ શકશે.

હઠનાં મૂળ નીચેના આપેલાં આપણાં વર્તનમાં હોઇ શકે.

(૧) મોટેરાંઓ બાળકનું વ્યકિતત્વ દાબવા પ્રયત્ન કરે, એના ઉપર અત્યાચાર કરે, બાળક તેનો સામનો કરવા હઠ કરે છે.

(૨) આપણે મોટેરાંઓ સર્વ સત્તા વાપરી બાળક સાથે વર્તીએ છીએ. પોતે જે કહે તેજ સાંભળવું, પોતે જેમ કરે તેમજ કરવું વગેરે દરેક કાર્યમાં, આચારમાં અને વિચારમાં એના ઉપર સત્તા ચલાવવામાં આવે તો બાળકને આ ગમતું નથી. એના પ્રતિકારમાં બાળક હઠ કરે છે.

(૩) આપણી બોલવાની રીતમાં ડગલે ને પગલે તુચ્છકાર, તિરસ્કાર, ધિક્કાર વગેરે હોય છે. બાળક તે સહન નથી કરી શકતું, એટલે એના પ્રતિકારમાં પણ બાળક હઠ કરે છે.

(૪) ઘણીવાર બાળકને ઘરમાં યોગ્ય સ્થાન ન મળવાથી તે હઠ કરે છે. પોતાને મા વહાલ-લાડ નથી કરતી. કદાચ કુદરતી રીતે એ કદરૂપો હોય, ખોડ ખાંપણવાળો, મંદ હોય એવા બાળક તરફ આપણે લક્ષ આપતા નથી અને બીજા સુંદર, હોશિયાર, ભાઇ અથવા બહેનને વધારે પડતું મહત્વ આપવાથી બાળક એવું કરે છે.

(૫) ઘણીવાર વેર વાળવા માટે પણ બાળક હઠ કરે છે. બાળક નાનું એ મોટેરાંની વિરૂદ્ધ કંઇ કરી શકતું નથી પરંતુ વેરની ભાવના એમના પ્રત્યે ઘણાં વર્તનો દ્વારા ઉભી થાય છે.

# આપણી લોકશાહી ?

: શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદી :



જ્યારથી આર્યદેશમાં લોકશાહીનો નવો યુગ શરૂ થયો, ત્યારથી રાજાશાહી વ્યવસ્થાનો મૃત્યુઘંટ વાગી ચૂકયો, પણ લોકશાહી રાજ્ય-વ્યવસ્થાના અનુભવે એક વાત સાબીત થઇ ચૂકી કે, જે સુખ અને શાંતિ રાજાઓના વખતમાં હતાં તે આજે નથી.

લોકશાહીની શરૂઆતમાં પ્રજાને એમ સમજાવવામાં આવતું હતું કે, રાજાઓ એક-હથ્થુ વહીવટ કરે છે.

વાત સાચી હતી, પણ એનો અર્થ એવો નહોતો કે, એમને પ્રજાની ફીકર નહોતી. આજે લોકશાહીમાં જે વહીવટ ચાલી રહ્યો છે, તે તો રાજાશાહીને પણ ટપી જાય એવો છે. પ્રજાના કરોડો રૂપીયા ખવાઇ ગયા, છતાં એવા માણસોનો વાળ પણ વાંકો નથી થતો.

વહીવટ હંમેશાં એકહથ્થુ હોય તો વધારે સારી રીતે તંત્ર નભી શકે છે, જ્યારે બેહથ્થુ વહીવટ હંમેશાં ચુંથાયા કરે છે, એ વાત આપણા રોજીંદા અનુભવથી સમજાય તેવી નથી ?

રાજાશાહી વખતે લૂંટારાને પકડવા માટે રાજાઓ અથવા રાજપુત્રો તલવાર હાથમાં લઇને નીકળી પડતા, અને જીવતો કે મરેલો પણ લૂંટારો ન પકડાય તો તેમને પોતાનું મૃત્યુ પસંદ પડતું હતું, જ્યારે લોકશાહી તંત્રમાં લૂંટારાની સ્થિતિ કેવી છે, એ સમજવા માટે વર્તમાનપત્રોના અહેવાલો મોજુદ છે.

રાજાશાહીમાં ન્યાય સસ્તો હતો, ન્યાય પણ શબ્દોના આધારે નહિ પણ માનવતાને લક્ષ્યમાં રાખીને થતો હતો, અને રાજ્યકર્માચારી જો ગુન્હો કરે તો તેને પ્રજા કરતાં પણ વધુ શિક્ષા થતી હતી, જ્યારે લોકશાહીમાં કાયદાના રક્ષકો જ તેનું પાલન નથી કરતા. સાયકલ ઉપર બે સ્વારી કરવી, વિના બત્તીએ વાહનો હાંકવાં, એકમાર્ગી રસ્તાની વિરૂદ્ધ

---

(૬) ઘણીવાર આપણે એને સારો કરવા, યોગ્ય વર્તન કરવા માટે સૂચનાઓ હંમેશ કરીએ છીએ. ડગલે ને પગલે સૂચનો મળે છે, આમ નહી કર, આમ બેસ, આમ ખા, આમ પહેર. ત્યારે સતત સૂચનોના પ્રતિકારમાં બાળક હઠ કરે છે.

(૭) કોઇ મોટેરાંઓ ખૂબજ નરમ સ્વભાવનાં હોય, અથવા કોઇ મા-બાપ વધારે પડતાં કડક હોય ત્યારે પણ બાળક હઠ કરે છે.

કયા કારણસર બાળક હઠ કરે છે, તે જાણી એ કારણ દૂર કરવું જોઇએ. સાથે આપણા વર્તનમાં પણ અમુક ફેરફાર કરવાની જરૂર રહે છે. આપણે ખૂબ શાંત રહેવું જોઇએ, માનસિક રીતે સ્વસ્થ રહેવું જોઇએ. બાળકની સાથે ચર્ચામાં ન ઉતરતાં જેટલું જરૂરતું હોય તેટલું જ બોલવું, તોજ બાળકની હઠ દુર થઇ શકશે.

દિશામાં વાહનો લઇ જવાં, વિગેરે ગુન્હાહીત કાર્યો કાયદાના પાલનહારો મોજથી કરી શકે છે.

રાજાશાહીમાં કાયદાઓ હતા; પણ તે ગુંડાતત્ત્વોને દબાવવા માટે અને સજ્જનોને રક્ષવા માટે હતા, જ્યારે લોકશાહીના કાયદાઓથી ગુંડાઓને મોજ છે, ને સજ્જનોનું મોત છે.

મુંબઈમાં એક વેપારીના કાટલાં તપાસવામાં આવતાં ઈન્સ્પેકટરને માલુમ પડયું કે, આ માપથી વજન ઓછું નથી થતું, પણ ગ્રાહકોને એક રૂપીયાભાર માલ વધુ જાય છે, આ રીતે જોતાં નુકશાન થતું હોય તો માલધણીને થતું હતું, છતાં તેના ઉપર કેસ ચાલતાં તે વેપારીનો દંડ થયો, જ્યારે ખાતરની આયાત કરીને તેમાં લાખ્ખો રૂપીયા ખાઈ જનાર અમલદાર રાજીનામું આપીને છુટો થઇ ગયો, આવી રૂપાળી ને રસીલી છે લોકશાહી.

રાજાશાહીમાં રાજાઓને એ ખ્યાલ હતો કે, "મારી પ્રજા." લોકશાહીમાં લગભગ ઘણાનો ખ્યાલ એવો કે, "આપણે ત્રણ કે પાંચ વર્ષના મહેમાન છીએ" અથવા બીજી રીતે કહીએ તો રાજાઓ ઘરધણીના હિસાબે વહીવટ કરતા, જ્યારે લોકશાહીમાં ભાડુઆત જેવી રીતે પારકા ઘરનો વહીવટ કરે ને સારસંભાળ રાખે તેવી રીતે વહીવટ ચાલે છે.

રાજાશાહી વખતે થતાં યુદ્ધોમાં પણ નીતિ જળવાઇ રહેતી, આજે તો લોકશાહીના નામે અણુબોમ્બ હાઇડ્રોજન વિગેરેથી નિર્દય રીતે માનવીની કતલ થાય છે.

કહેવાય છે કે, રાજાઓ લખલૂટ ખર્ચ પોતાના મોજશોખમાં કરી નાંખતા હતા, પણ અવસર આવે એ રાજાઓ પ્રજાની માટે પોતાના દેહનું બલીદાન પણ દઈ દેતા હતા, અકબર, જહાંગીર, શ્રેણીક, વિક્રમ આદિ હિંદુ રાજાઓ ને મુસ્લીમ બાદશાહોના ઇતિહાસો આજે પણ એ વાતની સાક્ષી પૂરે છે.

આમ છતાં આજે રાજાશાહી આથમી ગઇ છે, હવે એનો ઉદય થવાનો સંભવ નથી, અનુભવે એમ દેખાયું કે, આજની લોકશાહી કરતાં કાલની રાજાશાહી વધુ સારી હતી, પણ એ તો "રાંડયા પછીના ડહાપણ" જેવી દશા છે.

## કોંગ્રેસનો રાજ્યવહીવટ

કોંગ્રેસ પોતાના વહીવટ દરમ્યાન ઘણી વગોવાઇ ગઈ, છતાં તેની જીત થઇ, કારણ કે પક્ષ તરીકે એના જેટલી સંગીનતા બીજા પક્ષોમાં નથી.

ચુંટણી દરમ્યાન વિરોધપક્ષે કોંગ્રેસ વહીવટની ઘણી ટીકાઓ કરી, જેના જવાબમાં જણાવવામાં આવતું કે, 'મોટા વહીવટમાં નાણાની ગોલમાલ થાય તો કોંગ્રેસ શું કરે ?

વાત ખરી છે, પણ પ્રશ્ન એટલોજ છે, કે એવા માણસો સામે કાયદેસર પગલાં કેમ ભરવામાં આવ્યાં નથી ?

કોંગ્રેસ પક્ષે બીજી બચવાની દલીલ એવી હતી કે, અંગ્રેજો ગયા ત્યારે આ દેશનું તળીયું સાફ કરી ગયા હતા ને અમારો રાજ્યવહીવટનો અનુભવ નવો હતો.

આ વાત પણ સાચી માની લઇએ તો પ્રશ્ન એ ઉઠે છે, કે આ દેશના ખેડુતને અનાજનો ભાવ વધુ ન આપવો અને અમેરીકાના પરદેશી બજારમાં વધુ ભાવ આપવો, એ વ્યાજબી નથી, એવી અનુભવી માણસોની દલીલ પણ કેમ સ્વીકારવામાં ન આવી ? આવી તો બીજી પણ અનેક વાતો છે.

બીજું, અંગ્રેજો હિંદ છોડી ગયા ત્યારે આપણી સ્થિતિ ચીન જેવી નાજુક તો નહોતી જ. ચાંગ કાઇ શેકે ચીનને આપણા દેશથી પણ વધુ મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકયો હતો, આમ છતાં માત્ર ત્રણુજ વર્ષના ગાળામાં તેના વહિવટદારોએ જે પ્રગતિ કરી છે તે હિંદ માટે પદાર્થપાઠ રૂપ છે. ભારતીય એલચી સરદાર પાણીકર અને બીજી ચીનવિરોધી વ્યકિતઓને પણ એમના વહીવટ માટે માન ઉત્પન્ન થયું છે, છતાં ત્યાં સામ્યવાદ નથી, સમાજવાદ નથી, મુડીવાદ નથી, એકજ વાદ પ્રવર્તે છે, કે “બધા મળીને વહીવટ કરો ને જનતાને સ્વાવલંબી બનાવો” આ સૂત્રને મુખ્ય કરવાથી ત્યાંની પ્રજામાં ચૈતન્ય પ્રગટયું છે, એટલુંજ નહિં પણ પોતાના પડોશી એશીયાઇ દેશોને અનાજ વિગેરે પણ આપી શકે એવી સદ્ધર સ્થિતિ એમણે સર્જી છે, જ્યારે આપણે ત્યાં પાંચ વર્ષના ગાળામાં જે પ્રગતિ સાધવાની વાત કરવામાં આવે છે તેનાથી આમ જનતાની મુશીબતો, કાળા-બજાર, અનીતિ, મોંઘવારી, પ્રજાને પેટ ભરવા પુરતું કામ વિગેરે પ્રશ્નો અણઉકેલ્યા રહ્યા છે. પ્રજાને કોઈ વાદથી નિસ્બત નથી હોતી તેને તો પોતાનું જીવન સારી રીતે કેમ જીવાય, એ પ્રશ્નનો ઉકેલ કરનાર વાદજ વધુ પસંદ હોય છે, એટલેજ અકબર, જહાંગીર જેવા મુસ્લીમ બાદશાહો પ્રજાના દરેક વર્ગને પ્રિય હતા. એવી લોકપ્રિયતા હવેના પાંચ વર્ષના ગાળામાં જો કોંગ્રેસ સિદ્ધ કરી શકે તો સારી વાત છે.

## ❋ પ્રભુ ! તુજ શાસન અતિ ભલું ! ❋

પ્રખર વિદ્વાન પંડિત પ્રવર શ્રી વીરવિજયજી મહારાજ દિવ્ય ચક્ષુથી આ ભુમિતળ પરવર્તતા અનેક ઇતર ધર્મશાસનો તરફ દૃષ્ટિપાત કરી કહે છે કે, હે પ્રભુ ! તુજ-તમારૂં શાસન અતિ-અત્યંત ભલું છે. કારણુ કે, જેમાં દેવ તરીકેઃ- જગતના બંધુ, રાગ-દ્વેષ તથા અજ્ઞાનથી રહિત એવા શ્રી અરિહંત ભગવાન છે, તથા તારા શાસનમાં ગુરૂ તરીકે કંચન-કામિનીના ત્યાગી એવા નિર્ગ્રંથ મુનિવરે, કે જેઓ સદાય જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધનામાં રક્ત રહે છે, તેઓને પૂજ્યભાવે નમતા અનેક ભવોનાં પાપો વિલય પામે છે તેવા ગુરૂદેવો, અને ધર્મ કેવો ! કે અહિંસાયુક્ત. દાન, શિયળ, તપ અને ભાવનારૂપી પવિત્ર ઝરણાંઓથી તમ-તિમીર દૂર કરનાર એવો પવિત્ર ધર્મ છે, કે જેનું આરાધન કરવાથી ભવભ્રમણના ફેરા ટળી જાય, છતાં મિથ્યાત્વી અને અભવ્ય જીવો તેને શ્રદ્ધાલુપણે ઓળખી શકતા નથી. કારણુ કે, એક બિચારો આંધળો છે, જ્યારે બીજો કાણો છે.

—શ્રી વાડીલાલ રામજી શાહ-નોંઘણવદર.

# જીવનમાં શ્રદ્ધાની જરૂર:

પૂ. આચાર્યદેવ શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ.



સંસારનો અંત એટલે કર્મનો અંત. સંસારનો અંત તો થતો જ નથી, પણ એક જીવની અપેક્ષાયે એની સંસારી સંજ્ઞાનો અંત થયો, એટલે સંસારનો અંત થયો એ ઔપચારિક પ્રયોગ છે. એક દુકાનદારે વ્યાપાર બંધ કર્યો એટલે બજારનો અંત નથી આવતો પણ દુકાનનો અંત આવ્યો એમ કહેવાય.

એવી જ રીતે એક જીવાત્માએ સાંસારિક પ્રક્રિયા સમાપ્ત કરી, પોતે પોતાની કર્મવ્યવસાયની પેઢી ઉઠાવી લીધી, એટલે સંસારનો અંત કર્યો, એ અભિરૂઢ શાબ્દિક પ્રયોગ પ્રચલિત છે. જૈનશાસનના સંસ્થાપક વીતરાગદેવો છે, અને સર્વજ્ઞ હોય છે એટલે પ્રત્યેક પદાર્થોનું વિવરણ યથાતથ્ય હોય છે. મોડા-વ્હેલા સૌકોઇને જૈનસિદ્ધાંતોના માર્ગ પર આવવું જ પડે છે, ધૂળ ધોયાયોને રેતીકણો શોધતાં સુવર્ણ હાથમાં આવે છે, તેમ અન્ય દર્શનોનો ઉંડો અભ્યાસ કરતાં ધીમેધીમે સર્વજ્ઞ કથિત ત્રિકાલાબાધિત સિદ્ધાંત આપો આપ હાથમાં આવી જાય છે, અને એ આવ્યા બાદ જેમ અમૃતપાન પછી અન્યની ઝંખના ઝોક ખાય છે, તેમ જૈન સિદ્ધાંતોની માન્યતા પ્રગટ થયા પછી અન્ય દર્શનોની લૂખી વાતો પર તે વ્યક્તિને વિરક્તિભાવ પ્રગટે છે.

જીવ, અજીવ, પુણ્ય-પાપ વિગેરે તત્વોને જાણવા-માનવા મથવું એ તો સત્ય સંશોધનનો અખતરો છે, જ્યારે જીવ-અજીવ વિગેરે તત્વો પર શ્રધ્ધા બેસી જાય તો પછી તેના વિકાસની જ જરૂર રહે છે. આત્મા છે, ગયા ભવથી અહીં આવેલો છે, ગત-જન્મનાં કરેલાં શુભ-અશુભ કર્મને અનુસાર સુખ-દુઃખની પરંપરા અનુભવે છે, આ ભવમાં જેવી પરિણામની પ્રવૃત્તિ છે, તેવાં જ ફલો આગામી ભવમાં ભોગવવાં પડે છે, ઉદય આવેલાં કર્મોને ભોગવ્યા વિના સત્તાધીશો કે મહર્ધિકોનો પણ છુટકો થતો નથી.

દુનિયામાં એવું કોઇ પરિબલ નથી, કે જે ઉદયમાં આવેલાં કર્મોને હઠાવી કે ભગાડી શકે ! હા, ધીર-સુજ્ઞ વ્યક્તિઓ કર્મોનો ઉદય આવતાં સહિષ્ણુતા રાખીને શુભ-ભાવથી વેદે છે. જુનાં કર્મો વેદે છે અને નવાં કર્મો ન આવે તેની કાળજી રાખે છે અને ધીમે ધીમે નિર્મલતા પેદા કરે છે.

આ સઘળી માન્યતાઓ શ્વાસની જેમ એકમેક દૈનિક કાર્યક્રમ જેવી સુદૃઢ બેસી જાય તો આત્મ-વિકાસ સધાય છે.

એક વૃક્ષની ઘટના કરતાં ઉપનયમાં એવી કલ્પના કરે છે કે, ભૂમિ તો બધેય છે, પણ જ્યાં બીજાધાન થાય તેજ ભૂમિ પર અંકુરા ફુટે છે. હાં, બીજ પણ નંખાય અને જમીન પણ હોય છતાંય જલ-સિંચન ન હોય તો પણ બીજાધાન પણ નકામું જાય. જલ-સિંચન હોવા છતાંય તાપ-પવન-અને અન્ય પાલન ન હોય તો પણ નકામું જાય છે. સર્વ સંયોગોની અનુકૂલતા હોય તો એક વૃક્ષનો ઉદ્ભવ થાય છે, ઉદ્ભવ થયા પછી પણ દવ-હિમ અથવા અન્ય વિરોધી વાતાવરણો ઉભા થતાં તે વૃક્ષ વિનાશને પામે છે.

જીવાત્મા અનેક સંયોગોમાં વિવિધ-પરિણામોને પામે છે અને શુભ-અશુભ પરિણામની પરિસ્થિતિનો ઉદય આવતાં અનેક કર્મોનો બંધ કરે છે. કર્મનો બંધ થયા પછી-તેની સ્થિતિ પરિપકવ થતાં ઉદય આવે છે કર્મનો ઉદય એવો કારમો આવે છે કે, જ્ઞાની-ધ્યાની પણ કાં ન હો ! આ સઘળુંય નાટક નિર્માણ કરનાર કર્મ છે.

કર્મ અને આત્મા બન્નેય દુધમાં ઘી, પુષ્પમાં સૌરભ, તલમાં તેલની જેમ ઓત-પ્રોત થયેલાં છે, પણ પ્રયોગથી ઘી, અત્તર-તેલ જુદાં પડે છે તેમ અમુક પ્રકારની ધર્મક્રિયાઓ, આરાધનાઓ, તપશ્ચર્યાઓ, કરવાથી આત્મા અને કર્મનો મેળ છુટી જાય છે. અને આત્મ-શુધ્ધ-સ્વરૂપનો અનુભવ કરતો થઈ જાય છે. અશુભ-કર્મ બંધાયા બાદ જેમ જેમ પરિણુતિ બગડે તેમ તેમ તે કર્મ તીવ્ર-તમ ઉચ્ચ-નિકાચના કરે છે, પછી નિકાચિત થયેલું કર્મ-જીવાત્માને વેદવું જ પડે છે, એટલે કર્મબંધના સમયે ચેતતા રહેવું, બંધાયા પછી પણ તીવ્ર ન બને તે માટે પશ્ચાતાપ કરવો, એ જીવાત્માની સમજ્યા પછીની જાગૃતિ છે.

કર્મથી આત્માને મુક્ત કરવાની સાધનિકા જૈન-શાસનની શ્રધ્ધાજ છે. આત્માને શ્રદ્ધા શાથી પ્રગટે ? શ્રદ્ધા પ્રગટયા પછી આત્માની કેવી સુભાવનાઓ હોય ? શ્રદ્ધા જન્મ્યા પછી આત્મા શેમાં રમે ? અનંત કાલમાં ન મળેલું આ ભવમાં મલતાં આત્મા કેવો જાગૃતિમાં હોય ? એ હવે વિચારીયે.

આત્માને ઓળખે તે સઘળું જાણે છે, આત્માનો એક અંશ જુએ તે સઘળાય અંશને જુએ છે, એક આત્માને જુએ છે, તે સઘળાય આત્માને જુએ છે, કોઇ કહે કે, હું મારા આત્માને દેખું છું પણ બીજાનો આત્મા નથી દેખતો ? તેને શાસ્ત્રકારો મિથ્યાભાસ કહે છે. મને મારા આત્માની ઝાંખી થાય છે, એવું કહેનાર પણ દંભી હોય છે, કારણ કે સર્વજ્ઞ જ આત્માને દેખે, જાણે અને અસર્વજ્ઞ આત્માને નથી દેખતો કે નથી જાણતો. સાગરના પાણીનું એક બિંદુ જોનારો સાગરને કેમ ન દેખે ! સાગરને દેખનારો એક બિંદુને કેમ ન જુએ ? આત્માનો કોઇ પણ એવો ગુણ નથી કે જેથી ચર્મ ઇંદ્રિયોથી ગમ્ય થાય ! આત્માજ આત્માને જોઇ-જાણી શકે. આત્મ ગુણોમાં શબ્દ નથી કે કર્ણથી સંભળાય, ગંધ નથી કે નાકથી સુંઘાય, રસ નથી કે જીભથી ચખાય, રૂપ નથી કે ચક્ષુથી દેખાય, સ્પર્શ નથી કે કરથી સ્પર્શાય, કોઈ ચિન્હ નથી કે અટકળ થાય, તો "आत्मैव वेत्ति ह्यात्मानम्" બસ આજ સુવર્ણ વાકયજ શ્રધ્ધેય છે.

---

**હવે પછીનો અંક તા. ૧૫-૧૦-૫૨ ના રોજ પ્રગટ થશે.**

# શ્રી અનાથી મુનિ

**પૂ. મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ**

દેવાધિદેવ મહાવીર પ્રભુના સમયની આ વાત છે.

'શ્રેણિક જાતે તું અનાથ, મારા નાથ બનવાની ઘેલી વાત કરમા!' અનાથી મુનિના આ શબ્દો ક્યારના?

જ્યારે રાજગૃહિના ઉપવનમાં ઉઘાડે માથે અને ઉઘાડે પગે સૂર્યના ભયંકર તાપમાં કાઉસગ્ગ ધ્યાને રહેલા એ યુવાન સાધુને જોઇ, પ્રજાવત્સલ મગધનરેશ દયાથી વિહ્વળ બની બોલેલા, 'શા માટે આ સંયમની ઘોર સાધના? યુવાની શાને આ કષ્ટમય જીવનમાં વ્યતિત કરો છો? શું તમારી પાસે પૈસા નથી? તો અઢળક ધન આપુ, શું સંસારનાં સુખો માટે સ્ત્રીઓ નથી? નથી તો દેવલોકની દેવાંગનાઓની હરીફાઇ કરે તેવી સ્ત્રીઓ પરણાવું, શું તમારે કોઈ નાથ નથી? તો હું મગધનો સમ્રાટ તમારો નાથ બનું,' પરંતુ આ મહામુનિ કાઉસગ્ગ પારી ઉપરના શબ્દો કહે છે, ત્યાં તો શ્રેણિકનાં ભવાં ઉંચા ચઢી ગયાં. શું હું અનાથ? બની શકે નહિ. હું મગધનો મહાસમ્રાટ, મારે શું કમીના છે?'

"શું ઘેલો થાય છે રાજન્, આખું જગત અનાથ છે, જો એક વખતે કૌશમ્બી નિવાસી હું, વૈભવવિલાસમાં મહાલનારો શરીરમાં ભયંકર દાહની પીડાનો ભોગ બન્યો. ફુલની શૈયામાં ગલોટિયાં ખાઉં પણ ચેન ન પડે. અહર્નિશ બળી જતો, "ઓમા........" ઓ.... મા...."ના પોકાર કરતાં વ્હાલસોયી મા," લાવ પોતું મૂકું ભાઈ, લાવ ચંદન ચોપડું વાટીને' પણ શ્રેણિક, કાંઇ નહિ, કર્મના કારમા ઉદયો જાગી ગયા, પછી જગતની કોઇ ચીજ તેને બચાવી શકે નહિ.

"વૈદ્યો તેડયા, ઔષધો આપ્યાં, ચંદનના લેપ કર્યા, પણ તેથી શું? પોતાના રોપેલાં વિષ કર્મો, તેનાં ફળ ચાખ્યા વિના ચાલી શકેજ નહિ. મહાપીડામાં સબડતો હું પોકારો કરતો મોટા વૈદ્યોને બોલાવો, "બોલાવ્યા!" "મોતીના લેપ કરો" બધું કર્યું. પણ તેથી શું? તું ને હું શ્રેણિક, સરખા છીએ. તુંયે જગતનો પામર પ્રાણી ને હું પણ જગતનો પામર પ્રાણી."

"સ્વજનો વ્હાલી-વ્હાલી વાતો કરીને આંસુ પાડે, પણ તેથી મને શું સુખ? દાહની જાલિમ પીડા તો મારે એકલાનેજ સહન કરવી રહી. પિતા તો એટલા પ્રેમાળ હતા, કે એ કહેતા કે, મારા પુત્રનું દુઃખ ટાળો તો સર્વસ્વ આપી દેવા તૈયાર છું. પત્ની તો ભૂખી ને તરસી પાસે ને પાસે બેસી રહેતી. કુટુંબ સ્વાર્થી નહોતું મલ્યું! પણ તેથી શું? મારા દુઃખનો અંશ પણ ઓછો નહોતો થતો. હું તો અનાથપણે કારમી પીડામાં રિબાતો હતો"

મુનિ મનમાં સમજે છે કે, આ અજ્ઞાન શું આપી શકશે? જે આપવાની વાત કરે છે, એના પર એનો કેટલો બધો વિશ્વાસ! ને જે સાચું વિશ્વાસનું પાત્ર છે, એનાથી તો બિચારો સાવ અજ્ઞાન લાગે છે.

'રાજન! ભાઇ-બ્હેનો બધાં જે કરવું પડે તે કરવા તૈયાર, પણ તેથી મને શું? પત્ની ચોધાર આંસુઓથી મારી છાતી ભરી નાંખે, ખાન-પાન ભૂલી, શૃંગાર ને સજાવટ ભૂલી ચોવીસે કલાક મારી પાસે બેસી રહેતી,

પણ મારૂં દુઃખ કંઇ ઓછું નહોતી કરી શકતી, એજ મારી અનાથતા હતી. માથે નાથ હોય તો સોસાવાનું હોય ? છતા પૈસે, છતાં સ્નેહીએ, છતા સેવકે ગુલામી હોય ? એવી મારી કપરી અનાથતા હતી, કે એ બધું જ નકામું."

શ્રેણિક તો ટસી-ટસીને આ મહાવિરાગની મહાપવિત્ર વાણી સાંભળતો જ ગયો. તેની આંખો અનાથીમુનિ પર અનિમેષ રીતે મંડાઇ ગઇ.

"કુટુંબ તો ઘણું અચ્છુ મલ્યું હતું, પણ તેથી મારે શું ? મારે તો પલંગમાં પડયા પડયા સડયા કરવાનું. વૈદ્ય ને ડોકટર શું કરે ? મલમપટ્ટા લગાવે, પણ જ્યાં અંદર જ ફદફદી ઉઠયું હોય ત્યાં શું કરે ? શ્રેણિક, શું મસ્તાન થઇને ફૂલી રહ્યો છે, અંતઃપૂરનાં ટોળાં છે માટે ? હાથીઓની જમાત છે તેથી ? અરે, તારી કાયા તારી નથી, ફાંફાં મારી રહ્યો છે ! ગોરડી એટલે ગોરી ને ગુણની ભંડાર એવી અબળા નાર મારે પત્ની હતી, જે એના ગુણથી, રૂપથી મન હરી લે એવી હતી, પણ મેં તો 'કોરડી' વેદના સહી. અંતરની શાંતિ આપનાર કોઇ મળતું નહિ. કોના પર માની રહ્યો છે, કે હું નાથ છું ? મને સમજાયું કે વીતરાગના ધર્મ શિવાય મુક્તિનો કોઇ સાથ નથી. બીજી કોઇ ઓથ નથી, તો ફાંફાં મારવા નકામાં છે, એટલે સંકલ્પ કર્યો કે, "જો હું સ્વસ્થ થઇ જાઉં એની બીજી પળે સંયમ લઉં." જડનાં આકર્ષણ હતાં પણ જડની ગુલામી નહોતી ! એટલે તરત ચાલી નિકળ્યા અને નજીકમાંજ આચાર્ય ભગવંત પાસે જઇ ચારિત્ર અંગીકાર કર્યું. મગધનરેશ શ્રેણિકને મિથ્યાત્વ ઓકાવી જિનધર્મ પર સાચી શ્રદ્ધા કરાવનાર આ અનાથીમુનિ.

શ્રેણિક ક્ષાયિક સમકિતી તો પછી બન્યા, ધર્મ પામનારા પણ પછી, પહેલાં તો ગર્ભિણી હરણીના શિકાર પર મગરૂર બનનારા હતા ! "શિકાર તો આમ થાય, એક સાથે બે જીવ" આવાં ઘોર પાપ પર મગરૂરી કરનારા પાછા બૌદ્ધના અનુયાયી હતા, એવાને પણ આ અનાથી મુનિ ચમકારામાં ખડો કરી દે છે ! એટલે તો શ્રેણિક ઝુકી પડયો, "આજે તો તું સનાથ થઇ ગયો છે, એટલે તો તું મારા જેવા અનાથને પડકાર કરે છે !" શ્રેણિકના કેવા ઉદ્ગાર !

જગતમાં આવી અનાથ સ્થિતિ ! સનાથ બનવાનો કોઇ ઉપાય ? હા, વીતરાગના વચનથી સનાથ બની શકાય, આંતરશક્તિ પર સનાથ બનવાનો ભેખ આદર્યો હોય ત્યાં સનાથ બની શકાય, નાથ તો મારો આત્મા છે ! નિસ્પૃહતા અને ઉદાસીનતા આ આંતરશક્તિઓ એ નાથ છે, એના પર વિશ્વાસ રાખ ! પરમાત્મ ભાવની રમણતામાં આત્મા ચઢે તો પરમાત્મા નહિ, તો પણ પરમાત્માનો અનુયાયી તો બની જ જાય.

અનાથીમુનિ વિશ્વને અનાથતાના પાઠ ભણાવતા, મોક્ષ પ્રતિ કૂચ કરતા, અનંત મુસાફરીનો અંત કરી અનંત સુખની ખોજ કરી, અનંત સુખમય સ્થાને બીરાજમાન થયા, ને એમના એ શ્રેણિકે પ્રભુ પાસે દોડી જઇ પ્રભુ થવાનો હક્ક લીધો.

: કલ્યાણ : વર્ષે લગભગ ૬૦૦ પેજનું વાંચન છતાં લવાજમ : કલ્યાણ :

હિંદ માટે ૫-૦-૦ છુટક નકલ ૦-૮-૦ હિંદ બહાર ૬-૦-૦

# સાહિત્યનાં ક્ષીર નીર

શ્રી ચંદ્ર:

જે જે ગ્રંથવિક્રેતાઓ કે પ્રકાશકો પોતાનાં પુસ્તકો અવલોકનાર્થે મોકલાવે છે, તે પુસ્તકોની આ હેડીંગ નીચે અવસરે યથોચિત સમાલોચના લેવાય છે. પુસ્તકો મોકલવામાં આવે તેના ઉપર સમાલોચનાર્થે કે એવું બીજું કાંઇ લખીને પુસ્તકો મોકલવા નમ્ર વિનંતિ છે, સં૦

**આવશ્યક મુક્તાવલિ :** સંગ્રાહક પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ. પ્રકાશક: શાહ ચંદુલાલ જમનદાસ–છાણી. ક્રાઉન સોળ પેજી ૪૧૪ પેજ પુસ્તકને ૧૭ વિભાગમાં વહેંચાયું છે. રોજનાં ઉપયોગી સૂત્રો, ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, સજ્ઝાયો, સ્નાત્રપૂજા, આરાધના સંગ્રહ, વિવિધ તપોની વિધિ, ગહુંલીઓ, બાર વ્રતોનું સ્વરૂપ, ચાર પ્રકરણ વગેરે, ટૂંકમાં શ્રાવકને ઉપયોગી ઘણું ઘણું આવી જાય છે. સંગ્રહ ઘણોજ ઉપયોગી ચૂંટાયો છે. એટલે એક પુસ્તક અનેક પુસ્તકોની ગરજ સારે એમ છે. સંગ્રાહક અને પ્રકાશકનો પ્રયાસ સફળ છે. પુસ્તકના કાગળ, છાપકામ, ગેટઅપ પણ એટલુંજ સુંદર છે.

**શાલિભદ્ર :** લેખક : શ્રી ચંદુલાલ એમ. શાહ પ્રકાશક: શ્રી નવરસ ગ્રંથાવલિ ૨૨૦, ફોકાસ્ટ્રીટ મુંબઇ ૨, ક્રાઉન સોળ પેજી ૨૫૪ પેજ મૂલ્ય ૪–૦–૦ નવરસ ગ્રંથાવલિના ૧લા વર્ષનું આ ૧ લું પુસ્તક છે. શાલિભદ્રના નામથી ભાગ્યેજ કોઇ અજાણ હશે. શાલિભદ્રજીના જીવનમાંથી વાચકને ઘણી અવનવી વાતો જાણવા મળે એમ છે. લેખકે આધુનિક શૈલિયે કથાને રજુ કરી છે. છૂટક ખરીદનારને પુસ્તકના કદના હિસાબે મૂલ્ય વધુ લાગે એમ છે.

**નીતિકથાઓ :** લેખક: શ્રી જયભિક્ખુ પ્રકાશક: શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ ક્રાઉન સોળ પેજી ૮૫ પેજ મૂલ્ય ૧–૦–૦ લેખક અને લેખકની કૃતિઓ જગજાહેર છે. આ પુસ્તકમાં સાત વાર્તાઓનો સંગ્રહ છે. કથાનો સાર નીતિપોષક છે. શૈલિ સરળ અને બાળભાગ્ય હોવાથી દરેકને વાંચવી ગમે એવી છે.

**પર્યુષણ સ્તવનાદિ :** પ્રકાશક : શ્રી ફુલચંદ નાગરદાસ અમદાવાદ ક્રાઉન બત્રીસ પેજી ૨૭૨ પેજ મૂલ્ય ૧–૦–૦ પર્યુષણનાં ચૈત્યવંદનો, સ્તવનો, થોયો અને સજ્ઝાયોનો સંગ્રહ છે. ક્રિયારૂચી શ્રાવક–શ્રાવિકાઓને માટે આ પુસ્તક ઉપયોગી છે.

**સમેતશીખર** [જૈન તીર્થ ભૂમિઓ.] લેખક: સ્વ. પૂ. મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજ પ્રકાશક: શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા–ભાવનગર ક્રાઉન સોળ પેજી ૧૫૨ પેજ મૂલ્ય ૨–૦–૦ ૪૦ ઉપરાંત પ્રાચીન તીર્થ ભૂમિઓનો સળંગ જાણવા જોગ ઈતિહાસ છે. ૧૯ જેટલાં ચિત્રો આપી પુસ્તકનું આકર્ષણ વધાર્યું છે, સમેતશીખરની યાત્રાએ જતાં સાથે રાખવા જેવું આ સુંદર પ્રકાશન છે.

**શ્રાવક આલોયણા :** સંપાદક : શાંતમૂર્તિ રૂપચંદ્રજી મહારાજ સંશોધક: આચાર્ય શ્રી ગુલાબચંદ્રજી મહારાજ, ક્રાઉન સોળ પેજી ૯૫ પેજ પ્રકાશક: શ્રી નાનાલાલ મોતીલાલ ઠે, વેકળામાં કચ્છ–માંડવી વિસ્તૃત ભૂમિકા સુરેન્દ્રનગરવાસી શ્રી મગનલાલ મોતીચંદ શાહે લખી છે. શ્રાવકને પોતાના જીવનમાં જે દોષો લાગ્યા હોય તેનો કેવી રીતે પશ્ચાતાપ અથવા તો આલોચનો કરવી તે બતાવ્યું છે, તથા બીજો કેટલોક સંગ્રહ છે.

**દેવવંદનમાલા :** પ્રકાશક : મહેતા ફુલચંદ નાગરદાસ ઠે, દોશીવાડાની પોળ, અમદાવાદ ક્રાઉન સોળ પેજી ૧૩૦ પેજ મૂલ્ય ૧–૦–૦ ચાર દેવવંદનનો સંગ્રહ છે.

**દયાનંદ કુતર્ક તિમિર તરણિ :** લેખક: પૂ૦ આચાર્ય દેવ શ્રી વિજલબ્ધિસૂરીશ્વરજી મહારાજ પ્રકાશક: શ્રી ચંદુલાલ જમનાદાસ શાહ સંચાલક, શ્રી લબ્ધિસૂરિજી જૈન ગ્રંથમાળા છાણી. ક્રાઉન સોળ પેજી ૧૧૧ પેજ મૂલ્ય આઠ આના દયાનંદજીના સત્યાર્થ પ્રકાશના ૧૨મા ઉલ્લાસમાં જૈનધર્મને અંગે અઘટિત આક્ષેપો કર્યા છે તે ઉપર પૂ. આચાર્યદેવે વિદ્વતાપૂર્વક નિરસન કર્યું છે. નિરસન હિન્દીમાં છે. વિદ્વાનોને ખાસ વાંચી જવા જેવું છે.

**નિધાન સ્તવનાદિ સંગ્રહ :** પ્રકાશક: શ્રી ફુલચંદ નાગરદાસ ઠે. ડોશીવાડાની પોળ–અમદાવાદ

ક્રાઉન સોળ પેજી ૧૩૬ પેજ મૂલ્ય ૧-૦-૦ પ્રાચીન સજ્ઝાયોનો સંગ્રહ છે.

**સંબોધપ્રકરણ** [ ગુજરાતી અનુવાદ ] અનુવાદક : પૂ. આચાર્ય શ્રી વિજયોદયસૂરિજી મહારાજના શિષ્યરત્ન પૂ. પંન્યાસ શ્રી મેરૂવિજયજી ગણિવર પ્રકાશક : શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા અમદાવાદ ક્રાઉન સોળ પેજી ૩૦૦ પેજ શ્રીમદ્ હરિભદ્રસૂરિજી મહારાજ વિરચિત આ મૂળગ્રંથ છે, તેનો અનુવાદ પૂ. પન્યાસશ્રીએ કર્યો છે. દેવ, ગુરૂ, ધર્મ, સમ્યકત્વાધિકાર, શ્રાવક ધર્માધિકાર, દીક્ષા વિધિ વગેરે ઘણી હકીકતો પર પ્રકાશ પાથર્યો છે. પુસ્તક મનનપૂર્વક વાંચવાથી ઘણો લાભ થાય એમ છે. પુસ્તક એના અધિકારીને ખૂબજ ઉપયોગી છે.

**પ્રારંભિક** : પ્રકાશિકા : શ્રી લબ્ધિસૂરિજી જૈન ગ્રંથમાળા ગારીઆધાર : ક્રાઉન સોળ પેજી ૧૪૦ પેજ મૂલ્ય ૧-૦-૦ શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ પુના સાથે સંકળાયેલી પાઠશાળાઓ તથા કન્યાશાળાઓ માટે ઉપયોગી પુસ્તક છે. પારંભિક પરીક્ષાનો પાઠ્યક્રમ છે. વિદ્યાપીઠની યોજના સુંદર છે, પણ પાઠ્યપુસ્તકની કિંમત નજીવી રાખવાથી સંસ્થાનો તેમજ પાઠ્ય પુસ્તકોનો પ્રચાર સુંદર થશે.

**ગહુંલી સંગ્રહ** : પ્રકાશક : શ્રી નાગરદાસ પ્રાગજીભાઈ ઠે. ફતાસાની પોળ, અમદાવાદ ક્રાઉન સોળ પેજી ૧૨૮ પેજ મૂલ્ય ૧-૪-૦ દીક્ષા અવસરે ગવાતાં ૭૧ ગીતો, વ્યાખ્યાન સમયે ગવાતી ૧૧૨ ગહુંલીઓ અને પૂજાના દુહાઓનો સંગ્રહ છે.

**જિનેંદ્રસ્તવનાવલિ** : પ્રકાશક : સોમચંદ ડી. શાહ જીવનનિવાસ સામે પાલીતાણા [ સૌરાષ્ટ્ર ] ક્રાઉન સોળ પેજી ૧૪૪ પેજ મૂલ્ય ૧-૨-૦ પ્રાચીન ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, સજ્ઝાયોનો સંગ્રહ છે.

**નૂતન સ્તવનાવલિ** : પ્રકાશક સોમચંદ ડી. શાહ પાલીતાણા ફુલસકેપ ૩૨ પેજ મૂલ્ય ૦-૩-૦ સં. ૨૦૦૮ની તદ્દન નવી આવૃત્તિ. સીનેમાની છેલ્લી તર્જોના રાગનાં ૫૦ સ્તવનો છે.

**ગરીબીનું ગૌરવ** : લેખક શ્રી શાંતિકુમાર જ. ભટ્ટ પ્રકાશક : શ્રી નવરસ ગ્રંથાવલિ ૨૨૦/ કીકાસ્ટ્રીટ મુંબઈ-૨. ક્રાઉન સોળ પેજી ૨૫૬ પેજ મૂલ્ય ૪-૦-૦ સામાજિક ૨૪ વાર્તાઓનો સંગ્રહ છે, ગ્રંથાવલિના ૧ લા વર્ષના બીજા પુસ્તકરૂપે પ્રગટ થયું છે, વાર્તાઓનો ઉઠાવ આધુનિક શૈલિયે ઠીક છે, જૈન સમાજમાં આવા પુસ્તકોનો પ્રચાર થવો મુશ્કેલ છે, અને કરવો તે પણ અમારી દૃષ્ટિએ હિતાવહ નથી.

**ભક્તિ સુધા તરંગિણી** : પ્રકાશક : સોમચંદ ડી. શાહ-પાલીતાણા ક્રાઉન સોળ પેજી ૧૦૬ પેજ મૂલ્ય ૦-૧૦-૦ સ્નાત્રપૂજા વિધિસહિત, પૂજાના નૂતન રાગ-રાગિણીયુકત દુહાઓ, ગહુંલીઓ અને રાસ વગેરેનો સુંદર સંગ્રહ છે.

**સ્નાત્ર મહાત્મ્ય યાને શ્રી ભક્તિ સુધારસ** : પ્રકાશક : શ્રી સંભવજિન સ્નાત્ર મંડળ ઠે. નાગજી ભુદરની પોળ-અમદાવાદ ક્રાઉન સોળ પેજી ૧૭૬ પેજ બોર્ડપટ્ટી બાઇન્ડીંગ મૂલ્ય ૧-૮-૦ સ્નાત્રપૂજાના મહિમા અંગેના બે નિબંધો, સ્નાત્રપૂજા, ચૈત્યવંદન, સ્તુતિઓ અને સ્તવનો વગેરેનો સુંદર સંગ્રહ છે. કાગળ, પ્રીન્ટીંગ અને ગેટઅપ આંખને ગમે એવું છે.

**પોષ દશમીનો મહિમા** : લેખક પૂ. મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મહારાજ પ્રકાશક : શ્રી નેમિ-અમૃત-ખાંતિ-નિરંજન ગ્રંથમાળા, ક્રાઉન સોળ પેજી ૪૮ પેજ મૂલ્ય ૦-૮-૦ પોષ દશમીના મહિમા ઉપરની સુરદત્ત શેઠની કથા અને શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ટૂંક જીવન ચરિત્ર છે, સરળ ભાષા અને સચિત્ર હોવાથી બાળજીવોને સહેજે વાંચવું ગમે તેવું છે, ગ્રંથમાળાનું આ ૨૬ મું પુષ્પ છે.

**વિધિયુક્ત પંચપ્રતિક્રમણાદિ** : [ આવૃત્તિ ૩ જી ] સંપાદક : પૂ. પંન્યાસ શ્રી દક્ષવિજયજી મહારાજ પ્રકાશક : શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી જ્ઞાનમંદિર બોટાદ-(સૌરાષ્ટ્ર) ક્રાઉન સોળ પેજી ૩૮૨ પેજ. બોર્ડપટ્ટી બાઇન્ડીંગ મુલ્ય ૩-૦-૦ વિધિસહિત પંચ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપરાંત પૌષધવિધિ, નવપદ ઓળીની વિધિ, અને સ્તવન વગેરેનો ઉપયોગી સંગ્રહ છે.

**અમૃતક્રિયાના દિવ્યમાર્ગે** : લેખક : પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજ, પ્રકાશક : શ્રી વિજયદાનસૂરિજી જૈન ગ્રંથમાળા—ગોપીપુરા-સુરત. ક્રાઉન સોળ પેજી ૫૨ પેજ. આવૃત્તિ ૨ જી. એક

આનાની ટીકીટ ઉપરના સીરનામે મોકલવાથી વિશનગરવાળા શેઠ મોહનલાલ ચુનીલાલ પટવા તરફથી ભેટ મળશે. ધર્મક્રિયા અમૃતરૂપ છે, એનું મહત્ત્વ પૂ. મુનિરાજશ્રીએ ગંભીર અને શાસ્ત્રોક્ત શૈલિયે રજુ કર્યું છે, ક્રિયાને જડ કહેનારાઓએ તો આ પુસ્તકને જરૂર મનનપૂર્વક વાંચવું જોઇએ.

**શ્રી નમસ્કાર મહામંત્ર :** લેખક : પ્રકાશક : વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ ૪૨૦/ માણેકવાડી–ભાવનગર, ક્રાઉન સોળ પેજી ૧૫૮ પેજ મુલ્ય ૧–૦–૦ નમસ્કાર મહામંત્ર, વ્યક્તિ અને સમાજ એ બે નિબંધો ઉપરાંત વચનામૃતોનો સંગ્રહ છે. પ્રસ્તાવનામાં લેખકે શ્રી કેદારનાથ અને શ્રી મશરૂવાળાના સાહિત્ય કરતાં જૈન સંસ્થાઓના પ્રકાશન સાહિત્યને હિન લેખ્યું છે, પણ એ વ્યાજબી નથી કર્યું. પુસ્તક પ્રકાશન કરતી જૈન સંસ્થાઓ પ્રત્યે કેટલાક અઘટિત આક્ષેપો કર્યા છે, એથી પ્રસ્તાવનાનું લખાણ બેશુરૂં બને છે.

**સૌરભ :** લેખક : પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ–ચિત્રભાનુ પ્રકાશક : શ્રી ચિત્રભાનુ ગ્રંથ પ્રકાશન મંદિર સ્ટેશન રોડ–ભાવનગર. ક્રાઉન સોળ પેજી ૧૧૨ પેજ મુલ્ય ૧–૧૨–૦ સૌરભમાં અનેક વિચારરત્નોનો સમુહ છે. પાને–પાને લખાણુને અનુરૂપ ચિત્રો છે, ગેટઅપ સુંદર છે, જેની પ્રસ્તાવના શામળદાસ કોલેજ ભાવનગરના પ્રીન્સીપાલ શ્રી પ્રતાપરાય મોદીએ લખેલી છે.

**સુભાષિત સૂક્ત સંગ્રહ :** સંપાદક : પૂ. આચાર્યદેવ વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પૂ. પંન્યાસ શ્રી ચરણુવિજયજી ગણિવર. પ્રકાશક : શ્રી કેશરબાઇ જૈન જ્ઞાનમંદિર–પાટણુ [ઉ. ગૂ.] ક્રાઉન સોળ પેજી ૨૬૪ પેજ બોર્ડપટ્ટી બાઇન્ડીંગ મુલ્ય : ૨–૪–૦ સંસ્કૃત સુકતોનો સંગ્રહ ઘણો સુંદર છે, પણ એનું શુદ્ધિપત્રક ઘણું મોટું છે, એ ખામી સંપાદકે પોતે પ્રસ્તાવનામાં દુ;ખાતા હૈયે કબૂલી છે, સંસ્કૃત કઠીન અર્થોનો પણ સમાવેશ થય છે.

**મહારાજા વિક્રમ :** [હિન્દી ભાષામાં] લેખક : પૂ. મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મહારાજ પ્રકાશક : શ્રી નેમિ અમૃત ખાંતિ નિરંજન ગ્રંથમાળા અમદાવાદ ક્રાઉન સોળ પેજી ૪૧૬ પેજ મુલ્ય રૂા. પાંચ જૈનો આજે સંવત ચાલે છે એ વીર વિક્રમના નામથી કોણુ અનભિજ્ઞ છે ? ૩૧ પ્રકરણોમાં વિક્રમના જીવન પ્રસંગોને તેમજ ઉપયોગી હકીકતોને ગૂંથી છે. અનેક ચિત્રો મુકી ગ્રંથની વિશિષ્ઠતાને વધારી છે. હિન્દી ભાષામાં છે. આ એક ઉમદા પ્રકાશન છે.

**સિદ્ધચક્ર બૃહત્ પૂજનવિધિ :** પ્રકાશક : ઉપરની જ સંસ્થા નવપદજીના આરાધકોને ખૂબજ ઉપયોગી આ પ્રત છે. છાપકામ, કાગળ વગેરે સુંદર છે. સાથે શ્રી સિદ્ધચક્ર મહાયંત્રનો મોટો પટ આપેલ છે.

**વીતરાગ સ્તોત્રમ્** સંપાદક : પૂ. મુનિરાજ શ્રી શુભંકરવિજયજી મહારાજ પ્રકાશક : ઝવેરી અજિતકુમાર નંદલાલ પાદશાહની પોળ અમદાવાદ મુલ્ય ૦–૪–૦ ૨૨ પેજની આ પુસ્તિકામાં કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજકૃત શ્રી વીતરાગ સ્તોત્રના ૨૦ પ્રકાશ છે. ફક્ત મૂળ ગાથાઓ છે, અભ્યાસીઓને ઉપયોગી છે.

**શ્રમણ મહાવીર :** લેખક : સત્યમ્ પ્રકાશક : લક્ષ્મી પુસ્તક ભંડાર ફરનાન્ડીઝ પૂલ ગાંધી માર્ગ અમદાવાદ ૧૬૮ પેજ મુલ્ય: ૧–૪–૦ લેખકની શૈલિ ઘણી સરળ છે. બાળકો પણ સહેલાઇથી વાંચી શકે એવા બોલ્ડ ટાઇપ અને ભાષા છે, પણ ક્યાંક ક્યાંક પ્રભુ મહાવીરના જીવનને પુરો ન્યાય મળ્યો નથી. પુસ્તકના ૧૬૮ પેજમાં ક્યાંથી મળે ?

**ભક્તિરસ ઝરણાં :** પ્રકાશક : શ્રી ચંદુલાલ જે શાહ ખંભાતવાળા ઠે, ખેતવાડી, ત્રીજી ગલી ડાહ્યાભાઇ ઘેલાનો માળો મુંબઈ ૪ ક્રાઉન સોળ પેજી ૮૪ પેજ મુલ્ય ૦–૧૦–૦ સ્નાત્રપૂજા, નૂતનસ્તવનો. અષ્ટ પ્રકારી પૂજાના દુહા, અને પૂજા ભાવના સ્વરૂપ વગેરેનો સંગ્રહ છે. પૂજા કરનારને હંમેશાં ઉપયોગી પુસ્તક છે.

**પ્રતિક્રમણુ પ્રબોધ ટીકા :** (ભાગ ૨ જો) લેખક: શ્રી ધીરજલાલ ટોકરશી શાહ પ્રયોજક: શેઠ શ્રી અમૃતલાલ કાળીદાસ બી. એ. પ્રકાશક: જૈન સાહિત્ય વિકાસ મંડળ. ઇરલાબ્રીજ, વાલેપારલા–મુંબઇ ૨૪. ક્રાઉન સોળ પેજી ૬૭૨ પેજ મુલ્ય રૂા. ૫–૦–૦ ભગવાનાદિથી માંડી ભરહેસર સુધીનાં સૂત્રોનું અતિ

# સુખ-દુઃખનાં પ્રતિબંધક કારણો

**પૂ૦ પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી ગણિવર**

**સુખ શાથી મળે ? સુખી કેમ થવાય ? એ જાણવાની જેટલી જરૂર છે, તેટલી જ જરૂર દુઃખ શાથી મળે ? દુઃખી કેમ થવાય ? એ પણ જાણવાની જરૂર છે, જ્યાં સુધી એ જાણ્યું નથી, ત્યા સુધી દુઃખનું દુઃખ રહેવાનું જ. ટૂંકમાં દુઃખી થવાનાં કારણો આ પ્રમાણે છે.**

**બીજાને દુઃખ દેવાથી દુઃખી થવાય છે, બીજો દુઃખી થાય યા ન થાય પણ બીજાને દુઃખ થાય એ પ્રકારની વિચારણાથી પણ દુઃખી થવાય છે, બીજાને સુખ થાય એવી વિચારણાથી આચરણ એવું કરવામાં આવે કે, તેને પ્રાણાંત કષ્ટ થાય તો પણ તેથી દુઃખી થવાતું નથી, પણ જો તે વિચારણા ખરેખર વિશુદ્ધ હોય. એવી વિચારણામાં જો સ્વાર્થ-ભરેલો હોય તો તે વિચારણા ખરેખર વિશુદ્ધ રહેતી નથી.**

**દુઃખી થવાના ઉપાયોની આ ઉપનિષદ્ છે.**

**જગતમાં દુઃખો ઘણાં છે, પણ તે સર્વને** બે પ્રકારમાં વહેંચી નાંખીએ તો વ્યક્ત દુઃખો અને અવ્યક્ત દુઃખો એમ બે વિભાગ પડે.

દેવ, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિયાદિ અને નારક એ જીવો મોટે ભાગે જે દુઃખો વેઠે છે તે વ્યક્ત દુઃખો છે, એકેન્દ્રિયાદિ સૂક્ષ્મ જીવો જે દુઃખો વેઠે છે તે અવ્યક્ત દુઃખો છે.

વ્યક્ત દુઃખોમાં પૂર્વે જણાવેલ દુઃખનું પ્રધાન કારણ હોય છે, અને અવ્યક્ત દુઃખોમાં એ કારણ અવ્યક્ત હોય છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચની સ્પષ્ટતા અને અસ્પષ્ટતા ઉપર પૂર્વે જણાવેલ વ્યક્તા-વ્યક્તનો વિચાર નિર્ભર છે.

જીવહિંસા, અસત્ય, ચૌર્ય, મૈથુન અને પરિગ્રહ એમાં અહિતકરણ સામર્થ્ય પૂર્વ દર્શાવેલ કારણને લીધે છે, અને તેથી જ તેના ત્યાગમાં હિતજનક શક્તિ સમાયેલી છે.

આ વાસ્તવ હકીકતની સામે એક પ્રશ્ન કરી શકાય કે, જો ઉપરના કારણોથી દુઃખ જન્મે છે તો કારણ વૃધ્યા કાર્યવૃદ્ધિ: અર્થાત્ કારણ વધે તે પ્રમાણે કાર્યમાં પણ વૃદ્ધિ થવી જોઈએ, અને કારણ પણ ખરેખરૂં તે જ ગણાય કે, જેનો કોઇ પણ વખત કોઈ પણ સ્થળે બાધ ન થતો હોય, પણ કેટલીએ વખત અનેક સ્થળે ઉપરોક્ત વ્યવસ્થા કરતાં સદન્તર વિપરીત પ્રત્યક્ષ દેખાય છે, ત્યાં ઉપરોક્ત વ્યવસ્થા અધૂરી છે કે બીજું કોઈ વિશેષ બલવાન છે, એ સમજવું જરૂરી છે.

---

વિસ્તારથી અષ્ટાંગ વિવરણ કરવામાં આવ્યું છે. પહેલા ભાગ જેવો આ બીજો ભાગ પણ સૌ-કોઇને ઉપયોગી છે. પરિશ્રમ, પૈસા અને સમયનો સારો એવો સદુપયોગ કર્યો છે, ત્રીજા ભાગની તૈયારી ચાલી રહી છે

**પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા :** કર્તાઃ ડો. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા પ્રકાશક : કંચનબેન ભગવાનદાસ મહેતા ૫/ ચોપાટી રોડ-મુંબઈ ૭. કાઉન સોળ પેજી ૩૭૪ મુલ્ય : ૨-૮-૦ પુસ્તકનું કદ અને પાકા બાઇન્ડીંગના હિસાબે મુલ્ય ઓછું છે, પણ લેખક ઉપર રાજચંદ્રના વિચારોની વિશેષ છાયા પડેલી હોવાથી તેમાના જ વિચારોનો વિશેષ પ્રચાર છે, ૧૦૮ શિક્ષાપાઠો ગોઠવ્યા છે, બાળજીવો વાંચે તો અવળા રાહે ચડી જવા સંભવ છે.

આ પ્રશ્ન જેટલો વિષમ છે, તેટલો જ વ્યવસ્થિત સમજવામાં આવે તો સરલ છે.

પૂર્વે જણાવ્યું તેમ દુઃખો અનેક પ્રકારનાં છે, તેમાં કેટલાએક દુઃખો એવાં હોય છે કે, જે દુઃખો પ્રાપ્ત થવામાં લાંબા સમયની અપેક્ષા રહે છે, કારણો સેવ્યાં એટલે દુઃખો મળી જાય એમ નથી.

કાર્ય–કારણભાવની વ્યવસ્થામાં એક એ પણ મહત્ત્વનો ભાવ ભજવે છે કે, જ્યાં સુધી કાર્યને ઉત્પન્ન કરનાર સામગ્રીની વિરોધી સામગ્રીમાંથી કોઈપણ વિદ્યમાન હોય ત્યાં સુધી કાર્ય ઉત્પન્ન થતું નથી, અને જ્યારે એ વિરોધી સામગ્રી સદન્તર વિખરાઇ જાય છે ત્યારે કાર્ય થતાં વાર લાગતી નથી, આ વિરોધી સામગ્રીને તાર્કિક ભાષામાં પ્રતિબંધક શબ્દથી ઓળખાવવામાં આવે છે.

દુઃખને ઉત્પન્ન કરનારાં સાધનો હોવા છતાં દુઃખ નથી થતું તેમાં પ્રતિબંધકની વિદ્યમાનતા એ કારણ છે, એ દૂર થાય એટલે એકઠા થયેલાં સાધનો પોતાનું કાર્ય કરવા સમર્થ બને છે.

સુખનાં સાધનો મળ્યા છતાં સુખ ઉત્પન્ન થવામાં જે વિલંબ થાય છે, તેમાં પણ પ્રતિબંધકની વિદ્યમાનતા કારણ છે, એ સમજવું.

પૂર્વના પુણ્યનો ઉદય એ દુઃખ ઉત્પન્ન થવામાં પ્રતિબંધક છે, અને પૂર્વના પાપનો ઉદય એ સુખ ઉત્પન્ન થવામાં પ્રતિબંધક છે.

આ નિયમને અનુસારે કોઇ આત્મા ઘણા દુઃખનાં સાધનોને એકઠાં કરે છતાં તે કારણો કાર્યક્ષમ બને તે પહેલાં જ તેનામાં રહેલી કાર્યક્ષમતાનો નાશ કરે, તો તે કારણો કાર્ય ઉત્પન્ન કરી શકશે નહિ, અને તેથી તેવા પ્રકારના ઘણાં કારણો સેવનાર દુઃખી ન થાય તેથી વ્યામોહ સેવવાની જરૂર નથી, અને સુખનાં કારણોની સતત સેવના કરવા છતાં સુખરૂપ કાર્ય ઉત્પન્ન ન થાય તો પણ તે કારણોમાં કાર્યક્ષમતા છે કે નહિ, તે તપાસવું જોઇએ. જ્યાં સુધી કારણો કાર્યક્ષમ નથી હોતાં ત્યાં સુધી કાર્ય નથી થતું એટલે છતે કારણે કાર્ય ન થાય તો તેથી પણ વ્યામોહ કરવાની જરૂર નથી.

જો દુઃખી થવું હોય તો કાર્યક્ષમ બને તે રીતે તેનાં કારણો સેવો અને ન થવું હોય તો તે કારણોથી અથવા તેની કાર્યક્ષમતાથી દૂર રહો.

---

## સરકારની નીતિનું સરવૈયું.

૧. જનતાની વાર્ષિક આવક ઘટી ગઇ છે.
૨. લોકની ખરીદશક્તિ તૂટી ગઈ છે.
૩. જનતાની નાની આવકવાળાની બચતો ખરચાઇ ગઈ છે.
૪. ખેડુતો પાસેની બચતો રહી નથી.
૫. ખેડુતની આંટ રહી નથી.
૬. ખેતીનું ઉત્પાદન ઘટયું છે.
૭. જનતાની સુખાકારી ઓછી થઇ છે, વ્યાધિ ને રોગો વધ્યા છે.
૮. યુવાનોના સ્વાસ્થ્યને પોષણ છે જ નહિ.
૯. નૈતિક ધોરણ નીચુ ગયું છે.
૧૦. પેદાશની ધગશ કે પેદાશ ઉત્તેજન નથી.
૧૧. પ્રમાણીકતાનું ધોરણ નીચું ગયું છે.
૧૨. હરામીને સતામણીની તેજી છે, ને નીતિની મંદી છે.

સંદેશ તા. ૧૪–૭–૫૨. **રામરાય મુનશી:**

# ભવજલ તરશું ભાઇ!

**શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા M. A.**

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી જિનેશ્વર દેવના શાસનમાં અનેકાનેક વિશિષ્ટતાઓ રહેલી છે અને તે અપૂર્વતા ત્રિકાલાબાધિતજ હોય છે, એટલે જ શાસન અને શાસનના અધિષ્ઠાતા દેવ અને ગુરૂ લોકોત્તર લેખાયા છે. કાળની વિષમતાને લઇને આ ક્ષેત્રને વિષે દેવતત્ત્વ સાક્ષાત્ સદેહ પ્રાપ્ત થતું નથી, પણ પ્રતિકૃતિ રૂપે સદેહ ભાવનાએજ પૂજાય છે. જ્યારે ગુરૂતત્ત્વ સદેહ સાક્ષત્ પ્રાપ્ત થાય છે. અને અનેકવિધ અનુપમ પ્રેરણાઓના પાન તેમાંથી થઇ શકે છે, પણ તે લાભ સુંદર ભવિતવ્યતા અને પ્રબળ પુણ્યોદયના સંયોગ વિના પ્રાપ્ત થતો નથી,

જે પુણ્યાત્માઓને તથાપ્રકારનો સંયોગ સાંપડયો હોય તેઓએ ગુરૂતત્ત્વની શાસ્ત્રસિદ્ધ ઓળખ કરી સમર્પિત ભાવ કેળવવો એજ આત્મકલ્યાણનો ધોરી રાજમાર્ગ છે પરંતુ તથાપ્રકારની ઓળખ કરવી યા થવી એ બચ્ચાના ખેલ નથી. વિશેષ રીતે જે કાળમાં પવિત્ર ગુરૂતત્ત્વ પ્રત્યે અશ્રદ્ધાનાં આવરણ ઉભાં કરવાં, સીધા યા આડકતરા પણ સંયોજનાપૂર્વકના પ્રયત્નો, બાહ્ય અને આંતરિકપણે પૂરજોસમાં ચાલુ હોય, સમ્યગ્‌જ્ઞાનનો અભાવ વિશેષ પ્રમાણમાં વર્તતો હોય, સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓ કોઇ જુદે જ માર્ગે દોરી રહી હોય, તે કાળમાં ગુરૂતત્ત્વની ઓળખ સાચા રૂપમાં કરવી યા થવી એ ખરેખર પુણ્યોદય વિના શકયજ નથી અને કદાચ ઓળખ થઇ જાય તો પણ જીવનભર તે ઓળખ પ્રત્યે સાચો અણનમ ટેક યા ભક્તિ જળવાઇ રહેવાં, એ શું ઓછી મુશ્કેલ વસ્તુ છે?

આજે ઉત્કૃષ્ટ સાધુ ચર્યાના-સાધુ જીવનના વર્ણનો તરફ આંગળી ચીંધાય છે અને આદર્શો દૃષ્ટિ સમક્ષ એવાજ હોવા જોઇએ એમ એકીમતે કબુલ કરવું જ પડે, પરંતુ સાથે સાથે તેજ શાસ્ત્રોમાં તેજ મહાપ્રભુએ અને મહાપુરૂષોએ વર્ણવેલા અન્ય આલેખનો પ્રત્યે કેમ ઉપેક્ષા સેવાય છે? કેમ આંખ-મીચામણાં થાય છે? કોઇ ઉત્તર આપશે ભલા? પાંચસો ગ્રન્થના પ્રણેતા વાચકવર્ય પૂર્વધર શ્રીમદ્ ઉમાસ્વાતિ મહારાજાએ તત્ત્વાર્થાધિગમ જેવા સર્વતોમુખી પવિત્ર અને સર્વગ્રાહ્ય સૂત્રમાં બકુશ, કુશીલનું વર્ણન કરતાં શું લખ્યું અને કયો ભાવ સર્જ્યો, તે જોવા અને ધ્યાનમાં લેવા પ્રયત્ન થાય તો કેટલાએ પ્રશ્નનો ઉકેલ શું ન થઇ જાય? અને તે પ્રયત્ન પણ આગમદૃષ્ટિએ, માર્ગ પ્રત્યેના પ્રેમે કરીને હોય તોજ ને? આથી કોઇ એમ રખે માની લે, કે શિથિલતાનો કે સ્વેચ્છાચારનો બચાવ કરવા પ્રયત્ન થાય છે. શાસન પ્રત્યે સદ્‌ભાવ ધરાવનારા કોઇપણ ભાવુક, સાધુ સંસ્થામાં કૃત્રિમતા, દંભ કે ઘમંડની વ્યાપકતા અંશે પણ જોતાં હૃદયથી કંપીજ ઉઠે, એટલું જ નહિ પણ છતી શક્તિયે તથાપ્રકારનું વાતાવરણ દુર કરવાને પ્રયત્ન કર્યા સિવાય રહી શકે જ નહિ. પરંતુ આ તો વાત થાય છે આજના વાતાવરણમાંથી ઉદ્‌ભવેલી અશ્રદ્ધાની, અને તેમાંથી જન્મેલ પવિત્ર સાધુ સંસ્થા પ્રત્યેના અસદ્‌ભાવની.

આજનું વાતાવરણ કયું છે? આજના ખાનપાન કેવાં છે? કયા સંયોગો અને સંસ્કારો વચ્ચે બાળકો મોટા થાય છે? આ બધામાંથી

પૂર્વભવગત સંસ્કારોના પ્રતાપે કોક કોક આત્મા સાધુ સંસ્થામાં પ્રવેશ પામે ત્યારબાદ આજના આહાર–પાણી પર સંયમ પોષવાનો, ટકાવાનો અને ત્યાં ગયા બાદ પણ વૈરાગ્ય પોષક અને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું સાધક વાતાવરણ તે આત્મા માટે કેટલા પ્રમાણમાં સર્જાયું? ક્ષતિ છે તો શાથી? તે આત્માની ચિત્ત સમાધિ માટે શી જરૂરીયાત છે? ઇત્યાદિ વિચારવા કે નહિ? શકય એટલું સઘળુંએ કરી છૂટયા કે નહિ?

આ તો કહેશે કે, સાધુ અને રાગદ્વેષ? સાધુ અને કષાય? સાધુ અને સહનશીલતા નહિ? બરાબર છે, પણ કહેવું પડશે કે ભલા આતો રાગદ્વેષ જિતવાનું અનુપમ સ્વધ્યાયમંદિર છે અને સાધુ મહાત્માઓ હજુ વીતરાગ નથી બની ગયા અને સહનશીલતા પણ કાળબળના પ્રમાણમાં હોયને? હા, તે સ્થાનને ન શોભે તેવા પ્રમાણમાં કષાયાદિ દેખાતા હોય તો વિવેકપૂર્વકની યોગ્ય પદ્ધતિએ જરૂર કરવા પ્રયત્ન કરીએ જ.

તથાપ્રકારની વિવેક જાગૃતિ લાવવા સદ્ગુરૂઓને ચરણે સમર્પિત થઈ, શાસ્ત્રાભ્યાસ કરી, બહોળુ જ્ઞાન મેળવી, મતિકલ્પનાના તરંગોમાં વિહરવું મૂકી દઇ, આ શાસનના અતિ ઉંડાણમાં રફતે રફતે પણ ઉતર્યેજ છુટકો અને તોજ શાસન સેવાના સાચા કોડ પૂરા થશે, જો હશે તો! અને તોજ સાધુમહાત્માઓના અમ્મા પિયરો બનવાની લાયકાત આપોઆપ નિપજી આવશે, કે જે લાયકાતથી આ સંસાર સાગર સહેલાઇથી તરી શકાશે.

## —: આ ગા મી અં ક કયારે ? :—

આ ૬–૭ મો સંયુક્ત અંક છે, એટલે હવે પછીનો અંક તા. ૧૫–૯–૫૨ નો અંક બંધ રહેશે, અને ત્યારપછી તા. ૧૫–૧૦–૫૨ ના રોજ અંક પ્રગટ થશે, એની ગ્રાહકબંધુઓ નોંધ લે! કેટલાક ગ્રાહક બંધુઓ સપ્ટેમ્બર મહિનાનો અંક ન મળ્યાની ફરિયાદ જણાવે છે, પણ તે અંક ઓગષ્ટ મહીનાના અંક સાથે સંયુક્તપણેજ રહેલો હોય છે.


## પરદેશના ગ્રાહક બંધુઓને:-

પરદેશમાં ગ્રાહક બન્ધુઓનું વી. પી. થી લવાજમ વસુલ થતું નથી, એટલે લવાજમ પૂરું થયાની ખબર મળેથી તુરત જ મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોષ્ટલ ઓર્ડર, કે નીચેના કોઇ પણ સ્થળે વાર્ષિક લવાજમ રૂા. ૬–૦–૦ ભરી આપશો.

| | | |
|---|---|---|
| ૧ શ્રી દામોદરદાસ આશકરણ | પોષ્ટ બોક્ષ નં. ૬૪૯ | દારેસલામ. |
| ૨ શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | મોમ્બાસા |
| ૩ શ્રી રતિલાલ ઓત્તમચંદ સંઘવી | પોષ્ટ બોક્ષ નં. ૪૪૮ | જંગબાર |
| ૪ શ્રી ખીમજીભાઈ દેવા | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | કીસુમુ |
| ૫ શ્રી તારાચંદ ડી. શાહ | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | નૈરોબી |

# પર્વાધિરાજ પર્યુષણ પર્વ

—: શ્રી મફતલાલ સંઘવી :—



પર્યુષણ પર્વ એટલે ક્ષમાપનાનું મહા માંગલિક પર્વ. તપ, જપ, ધ્યાન અને સ્વાધ્યાયનું જે અનુપમ વાતાવરણ પર્વાધિરાજ પર્યુષણ પર્વના દિવસો દરમ્યાન સર્જાય છે, તેવું વર્ષના બીજા દિવસો દરમ્યાન સર્જાતું હોય તેમ કોઇ જૈન તો ન માની શકે.

પછી તો 'જીસકો જીસસે પ્રીત' બાકી જે જૈનો પર્યુષણ પર્વને મહા માંગલિક અવસર સમાન સમજતા હોય, સન્માનતા હોય, આરાધતા હોય તેમના જીવનને તેનાથી અનેક દૃષ્ટિએ લાભ થાય તેમાં બેમત નથી, કારણ કે પર્વના આઠેય દિવસો દરમ્યાન દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના કરવાની જે સુવિધા શ્રી જૈન શાસ્ત્રે સ્થાપી છે, અને તેને અદ્યાપિ પર્યંત ટકાવી રાખી છે, તે દૃષ્ટિએ જોતાં પર્યુષણ પર્વને જે આત્માઓ ભવસાગર તરવાના અજોડ સાધન સમજીને આરાધે, તેનો બેડો જરૂર પાર થઇ જાય.

પર્વ કે મહોત્સવદિન નિમિત્તે આજે આ દેશમાં વર્ષ દહાડે આશરે ૮૦–૧૦૦ દિવસો ઉજવાતા હશે.

મહા મંગલકારી પર્યુષણ પર્વના પવિત્ર તેજરશ્મિઓ, આપણા જીવનની તે અપૂર્ણતાઓને નાબૂદ કરી શકે, પણ તે ત્યારે જ બનવા પામે કે જ્યારે આપણને આપણામાં રહેલી અપૂર્ણતાઓને નામશેષ કરી નાંખવાની ખરી તાલાવેલી લાગે.

જીવનની સર્વતોમુખી પ્રતિભાને વિકસાવનારા અદ્વિતીય આધ્યાત્મિક પર્વ તુલ્ય પર્યુષણ પર્વની આપણા રોજીંદા જીવન ઉપર બરાબર અસર નથી પડતી તેનું કારણ શું ? પર્યુષણ પર્વને આપણે ક્ષમાપના પર્વ તરીકે આરાધીએ છતાં આપણા અંતરમાં ક્ષમાની સરવાણી ન ફૂટે તેનો અર્થ શો ?

શ્રમણ સંસ્કૃતિ જે વિશિષ્ટ પ્રકારના પર્વો-દ્વારા આપણને સર્વકલ્યાણના મંગલ પાઠો ભણાવે છે, તેનું આપણા સામાજિક અને નૈતિક જીવન ઉપર જોઇએ તેવું વજન કેમ નથી પડતું ? આપણામાં ઉંડે-ઉંડે પણ એવો કોઇ અસાધ્ય વ્યાધિ ઘર કરીને બેઠો હોવો જોઇએ, કે જે આપણા અનેકવિધ પ્રયાસો છતાં દૂર થતો નથી, અને દિન–પ્રતિદિન આપણી સામાજિક સ્થિતિ કથળતી જાય છે.

"સાત્વિક એકતાનો અભાવ" અને "વહેંચીને ખાવાની નીતિનું ઉન્મૂલન" એ આપણા સમાજમાં ઉંડે ઘર કરીને રહેલા મહાવ્યાધિઓ હોય તેમ મારૂં માનવું છે, અને તે વ્યાધિઓની પ્રબળ અસર તળે આવી જવાથી આપણે નિર્લેપ દૃષ્ટિવડે આપણું જીવન આંકી શકતા નથી.

જે સંસ્કૃતિ આપણને વારસામાં મળી છે

તેમજ તેની અસાધારણ શક્તિ છે, તે જોતાં આજે આપણે ઘણા જ કંગાલ છીએ, નિસ્તેજ છીએ.

પર્યુષણ પર્વની આરાધનામાં 'સ્વામી-વાત્સલ્ય'નું પણ એટલું જ મહાત્મ્ય જ્ઞાની ભગવંતોએ દર્શાવ્યું છે, જેટલું તપ-જપનું. એના સિવાય પર્વની આરાધના અપૂર્ણ જ ગણાય-ગણાત. પોતાના ધર્મબાંધવોને સાથે રાખીને જ જીવન ગાળવાનો જ્ઞાની ભગવંતોનો આદેશ આપણે માથે ચડાવવો જ જોઇએ.

સામાજિક જીવન કથળ્યું તેની સાથોસાથ આપણું નૈતિક જીવન પણ ઝાંખું પડયું, નીતિનું જે મૂલ્ય આપણા પૂર્વજોએ ઠેરવ્યું હતું, તેમાં આપણે મોટું પરિવર્તન કરી નાખ્યું, આપણા જૈનત્વને પ્રગટાવનારૂં બળ, તેજ અને નીતિને આપણી ભાવનામાં જીવાડનારૂં બળ તે આધ્યાત્મિક. પરંતુ જો નીતિ ઘસાવા માંડે તો પછી આધ્યાત્મિક જીવે જ કઇ રીતે ?

અજ્ઞાન—તિમિરને હણવાની છે શક્તિ જેનામાં તે પર્યુષણ પર્વની આરાધના ટાણે આપણે આપણી સંસ્કૃતિના ગૌરવને હીણપત લાગે તેવું એક પણ કાર્ય ન કરવાની પ્રતિજ્ઞા લેવી જોઇએ. આપણો આધ્યાત્મિક પ્રભાવ ઓસરી જવાને કારણે જ આજે આપણા શાસન પર અણધારી આફતનાં વાદળાં ચઢી આવે છે, જો આપણું સામાજિક અને નૈતિક જીવન પહેલદાર હીરા જેવું વિશુદ્ધ અને અખંડિત હોત તો સરકાર ટ્રસ્ટ એકટ જેવો સંસ્કૃતિ વિઘાતક કાયદો અમલમાં મૂકવાની હામ ભીડી ન શકત. મતલબ કે, આપણો એક આધ્યાત્મિક સંસ્કૃતિ પ્રધાન પ્રજા તરીકેનો જે પ્રભાવ હોવો જોઇએ તે નથી એટલે નબળા બળો આપણા ઉપર સ્વાર થવામાં કારગત નીવડે છે.

ભૂલો સહુનીય થાય, પણ જે તેને સુધારી શકે તે ડાહ્યા અને દૂરંદેશી !

પર્યુષણ પર્વ જેવા મહા કલ્યાણકારી આધ્યાત્મિક પર્વની આરાધનાને આપણે બધા આપણા મંગલ જીવનની આરાધનાના પર્વ તરીકે ઉજવીશું તો આપણામાં એક પ્રકારની ખુમારી અવશ્ય પેદા થશે, કે જેનો પ્રતાપ આપણને મુશ્કેલીમાં પણ આગળ લઇ જઇ શકશે.

સમાજશુદ્ધિ, જીવનશુદ્ધિ અને સર્વકલ્યાણના ઉત્કૃષ્ટ પર્વ તુલ્ય પર્યુષણ પર્વનું મહાત્મ્ય આપણે તો સમજીએ જ છીએ, છતાં પણ તેની આપણા જીવન ઉપર ખાસ અસર ટકતી નથી, કારણ કે, અંતર અને મનથી આપણે જાગૃત હોઇએ તેમ જણાતું નથી.

જે પ્રજાની પાસે પોતાની સંસ્કૃતિનો અઢળક ખજાનો છે, તે પ્રજા કેવળ હુંસાતુસી, રાગ-દ્વેષ અને મમતાને કારણે 'ગરીબ' બને તેના જેવી કઈ કમનશીબી ગણાય બીજી ?

સમયના પારખુ પૂ. જૈનાચાર્યો અને દૂરંદેશી જૈન આગેવાનો શ્રમણ સંસ્કૃતિના નિર્મળ પ્રવાહને સતત વહેતો રાખવા માટે સમાજની અને શાસનની વ્યવસ્થાને મજબૂત બનાવે અને પ્રત્યેક જૈનને પોતાના જૈનત્વનું સાચું જ્ઞાન-નીર પાય.


જૈનને પોતાની સાચી જીવન સ્થિતિનું દર્શન કરવું હોય, તો તે પર્યુષણ પર્વની વિધિપૂર્વક આરાધના કરે, અને તે આરાધના કાળ દરમ્યાન અને તે પછી તેના મન, અંતર અને બુદ્ધિમાં જે જે જાતના ફેરફારો થાય, તેનો અભ્યાસ કરે એટલે તેને સમજાશે કે, સાચું જીવન કયું ? ભોગ અને રાગમાર્ગે વીતે તે, કે તપ અને ત્યાગમાર્ગે ખીલે તે ?

પર્વાધિરાજ પર્યુષણ પર્વરૂપી દીવડો જે શાસનને અજવાળે છે, તે શાસનના શણગારરૂપ જૈનોને અજ્ઞાન, ગરીબી કે કંગાલિયતમાં રખડવાનું હોય જ શા માટે ?

# શ્રી વીરવિજયજી મહારાજની જીવન ઝરમર

શ્રી સેવંતિલાલ વી. જૈન

અમદાવાદ, કે જે ગુજરાતનું પાટનગર ગણાય છે અને જૈનોની વિશેષ વસ્તી આદિના કારણે જે જૈનપુરી તરીકે વિખ્યાતિને પામેલું છે, તેમાં આ મહાપુરુષનો જન્મ થયો હતો. 'ઘીકાંટા' તરીકે ઓળખાતા રસ્તો, કે જે રસ્તા ઉપર અમદાવાદના જૈન નગરશેઠનો વંડો આવેલો છે, તે રસ્તે એક 'શાંતિદાસનો પાડો' એ નામે મહોલ્લો આજે પણ વિદ્યમાન છે. એ મહોલ્લામાં યજ્ઞેશ્વર નામે એક ઔદીચ્ય-સહસ્ત્ર બ્રાહ્મણનો પણ નિવાસ હતો. તેઓને એક પુત્ર અને એક પુત્રી હતાં, જેમનાં અનુક્રમે કેશવરામ અને ગંગા એવા નામો હતાં.



આસો શુદ ૧૦ ના દિવસે સંવત ૧૮૨૯માં કેશવરામનો જન્મ થયો હતો. નાનપણમાં કેશવરામને માત્ર તેટલોજ અભ્યાસ કરવાની તક મળી, કે જેટલો એક બ્રાહ્મણના પુત્રને માટે અનિવાર્ય ગણાતો હતો: એટલે તે અભ્યાસમાં કાંઇ મહત્તા જેવું ન હતું.

કેશવરામ પંદર વર્ષની વયે પહોંચતાં તો તેમના પિતા મૃત્યુ પામ્યા અને ઘરનો સઘળોય બોજો કેશવરામને શિરે આવી પડયો. બે-એક વર્ષ બાદ, રળીઆત નામની દેહગામની બ્રાહ્મણ પુત્રી સાથે કેશવરામનું લગ્ન થયું.

લગ્નને વિશેષ સમય થયો નહિ હતો, ત્યાં તો કેશવરામ કાંઇ કારણસર ભીમનાથ નામના ગામે ગયા અને તે દરમ્યાનમાં જ તેમના ઘરમાં ચોરી થઇ. આ ચોરીએ કેશવરામની માતાને કેશવરામ પ્રતિ ઉશ્કેરી. ભીમનાથથી કેશવરામ પાછા આવ્યા, તેની સાથેજ તેમની માતાએ તેમને આવેશમાં આવી કર્કશ વચનો સંભળાવ્યાં. કેશવરામ માટે એ વચનોનું શ્રવણ અસહ્ય થઇ પડયું, પણ માતાની સામે ઉદ્ધતાઇ ન કરતાં ઘર તજીને ચાલ્યા જવાનો જ તેમણે નિર્ણય કરી લીધો. કેશવરામને પણ એમ થયું કે, મારે આ ઘર, કે જયાં મારૂં આ જાતીનું અપમાન થાય છે, તે ન જોઇએ. આથી તેઓ ઘરમાં કોઇને પણ-પોતાની પત્નિને પણ કાંઇ કહ્યા વિના રોચકા નામના ગામે ચાલ્યા ગયા.

પહેલાં તો વિજકોરબાઇએ માણસોદ્વારા કેશવરામની તપાસ કરાવી, પણ કાંઇ પત્તો લાગ્યો નહિ, એટલે વિજકોરબાઇ પોતાની બહેનની સાથે કેશવરામની શોધખોળ કરવાને નિકળ્યાં. બનતી મહેનત કરવા છતાં પણ જ્યારે પુત્ર કે પુત્રના સમાચાર મળ્યા નહિ, ત્યારે વિજકોરબાઇએ દુઃખ ભર્યા હૈયે અમદાવાદનો માર્ગ લીધો, પણ તે સુખરૂપ અમદાવાદ પહોંચી શકયાં નહિ, માર્ગમાંજ તેમનું મૃત્યુ થયું.

હવે આ તરફ કેશવરામનું શું થયું તે જોઈએ, કેશવરામ અમદાવાદથી રોચકા ગયા હતા અને ત્યાંથી ભીમનાથમાં જઇ વસ્યા હતા. ભીમનાથમાં કેશવરામ માંદા પડયા હતા, અને તેમનો વ્યાધિ દિવસે દિવસે

અસાધ્ય બનતો જતો હતો. આ દરમ્યાનમાં ત્યાં શ્રી **શુભવિજયજી** નામે મહામુનિરાજ પધાર્યા.

ભીમનાથ જેવું નાનું ગામ અને તેમાં જૈન મુનિની પધરામણી, એટલે એ બ્રાહ્મણોથી છૂપું શાનું રહે? કેશવરામને ખબર પડી, એટલે કેશવરામે શ્રી શુભવિજયજી મહારાજનો પરિચય સાધ્યો. ક્રમે ક્રમે એ પરિચય વધતો ગયો, એ પરિચય દરમ્યાનમાં કેશવરામને, મુનિરાજ શ્રી શુભવિજયજીએ કર્મની વિચિત્રતા અને વિષમતા સમજાવી. કેશવરામના સદ્‌ભાગ્યે આ રીતિએ તેમનો ભાવરોગ જેમ ઘટતો ગયો, તેમ દ્રવ્ય રોગ પણ ઘટતો ગયો. તેમનો અસાધ્ય મનાતો વ્યાધિ થોડા જ દિવસોમાં નામશેષ થઇ ગયો. વ્યાધિરહિત બનેલા કેશવરામે પણ પૂ. મૂનિરાજ શ્રી શુભવિજયજીની સાથે ભીમનાથ છોડયું, કારણ કે હવે તો તેઓ તેમના શિષ્ય જેવા જ બની ગયા હતા.

કેશવરામે ગૃહસ્થદશામાં પણ પાદવિહારદ્વારાજ તેઓની સાથેજ સ્થલે-સ્થલે વિહરવા માંડયું. ભીમનાથથી નિકળી ગ્રામાનુગ્રામ વિચરી તેમણે શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની યાત્રા કરી અને ત્યાંથી એજ રીતિએ વિચરતા તેઓ ખંભાત તરફ આવ્યા. આ દરમ્યાનમાં કેશવરામની વૈરાગ્યભાવના ખૂબ ખૂબ વધતી ગઇ. સં. ૧૮૪૮ ના કાર્તિક મહિનાની કૃષ્ણ પક્ષમાં શુભમુહૂર્તે તેમને પાનસરા મુકામે દીક્ષા આપવામાં આવી અને '**વીરવિજયજી**' એવું તેમનું શુભનામ સ્થાપિત કરાયું. ગુરુદેવની હયાતી દરમ્યાનમાં જ પૂ. પંડિતપ્રવર શ્રી વીરવિજયજીએ કાવ્યોની રચના શરૂ કરેલી અને દિવસે દિવસે તેમનાં કાવ્યો ખૂબ જ પ્રસિદ્ધિને પામેલાં. મહાસતી શ્રીમતી સુરસુન્દરીનો રાસ પણ સં. ૧૮૫૬માં રચાયેલો. મુંબઈના સુપ્રસિધ્ધ વ્યાપારી અને દાનવીર શેઠ શ્રી મોતીશાએ શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર નવી ટુંક બંધાવીને સં ૧૮૯૩ માં જે શ્રી અંજનશલાકાનો મહોત્સવ કર્યો, તેમાં તથા અમદાવાદમાં શેઠ હઠીસીંગ કેસરીસીંગે દિલ્હી દરવાજા બહાર બાવન જિનાલય દેવાલય બંધાવ્યું, તેનો સંવત ૧૯૦૩ માં શ્રી અંજનશલાકાનો મહોત્સવ કર્યો, તેમાં બન્નેય મહોત્સવોના પ્રતિષ્ઠાવિધિમાં પૂ પં. શ્રી વીરવિજયજી અગ્રેસર હતા. પૂ. પંડિતપ્રવર શ્રીમદ વીરવિજયજી મહારાજ સં. ૧૯૦૮ ના ભાદરવા વદિ ૩ ને ગુરુવારે પાછલા પહોરે સ્વર્ગવાસી થયા.

કવિવર શ્રી વીરવિજયની પૂજામાં ભારે ચમત્કાર છે. એમનું શબ્દ લાલિત્ય એટલું સુંદર છે, કે એમની પૂજાઓ સાંભળ્યા પછી એ દિવસો સુધી કાનમાં ગુંજારવ કરે છે. એમણે પૂજા જેવા વિષયમાં વ્યવહાર અને તત્ત્વજ્ઞાનનું અજબ મિશ્રણ કર્યું છે. પૂજાની કૃતિઓમાં તેઓનું સ્થાન ઘણું વિશિષ્ટ છે, અને નિર્વિવાદપણે પ્રથમ સ્થાન તેઓ લે છે. પૂજાઓની કૃતિઓ સોળમી શતાબ્દિથી શરૂ થઇ છે, પણ તે સર્વની ઉપર કળશ વીરવિજયજીએ ઓગણીશમી સદીની આખરે ચઢાવ્યો છે.

સ્વ. પંડિત-પ્રવર શ્રી વીરવિજયજી પ્રત્યેની ભકિતથી પ્રેરાઈને, તેમના ભકતોએ ભઠ્ઠીની પોળના ઉપાશ્રયની વાડીમાં એક દેરી બંધાવી તેમાં સ્વ. નાં પગલાંને સં. ૧૯૦૯ ના મહા સુદ ૬ ના દિને પ્રતિષ્ઠિત કર્યાં છે, અને દરેક વાર્ષિક તિથિએ તો ખાસ કરીને ત્યાં આગી રચવામાં આવે છે.

# 'એ શું કરે ?'

શ્રી પ્રશાંત

'કલ્યાણ'ના ચાલુ વર્ષના પહેલા અંકમાં 'એ શું કરે ?'ના શિર્ષક હેઠળ પૂ. પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી મ. દ્વારા બે પ્રશ્નો રજુ થયા હતા, ત્યારબાદ ૩ જો પ્રશ્ન પણ ત્રીજા અંકમાં તેઓશ્રી તરફથી રજુ થયો, આ પ્રશ્નો–મૂંઝવણો આ વિભાગમાં રજુ થયા પછી એ વિભાગે અમારા હજારો વાંચકોમાં આકર્ષણ ઉત્પન્ન કર્યું છે, આ વિભાગને વ્યવસ્થિત રીતે 'કલ્યાણ'માં પ્રસિદ્ધ કરવાની વાંચકોની માંગણીને માન આપી આજથી 'કલ્યાણ'માં આ વિભાગ ઉઘડે છે, તેના સં૦ 'શ્રી પ્રશાંત'ના સંપાદનતળે પ્રસિધ્ધ થતો આ વિભાગ અવશ્ય લોકપ્રિય બનશે, શકય હશે તે રીતે આ વિભાગ નિયમીત પ્રસિધ્ધ થયા કરશે, તો સૌ કોઇ વાંચકો આનો રસપૂર્વક લાભ લેતા રહે તેવી અમારી અભિલાષા છે. —સં૦ 'કલ્યાણ'

## વાંચકોની સાથે વાતચીત.

'કલ્યાણ'ના આ વિભાગનું સંપાદન આજથી હું સંભાળું છું. 'એ શું કરે ?' વિભાગમાં સહુને રસ લેતા કરવાનો મારો મનોરથ છે, મારી પાસે કેટલીયે ટપાલ પડી છે, ધીરે ધીરે તેનો હું નિકાલ કરતો રહીશ, તે વિષે એના લેખકો નિઃશંક રહે.

અત્યાર સુધી આ વિભાગમાં ૪ કોયડા–પ્રશ્નો મૂકાયા છે, તેમાં ત્રણ પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર તરફથી, અને ચોથો શાંતિલાલ ચંદુલાલ શાહનો; આ ચારમાંથી બેના જવાબો પ્રસિદ્ધ થઇ ગયા છે, ત્રીજાનો જવાબ આજે અહિં પ્રસિધ્ધ થાય છે, આને અંગે અમારી પાસે આવેલા જવાબોમાંથી 'શ્રી બાબુભાઈ રતિલાલ દોશી–મુંબઇ'નો જવાબ અમને ગમ્યો છે, તો તેમને રૂા. ૨) નાં પુસ્તકો અથવા 'કલ્યાણ' છ મહિના સુધી ફ્રી મોકલાવાશે, તો તે ભાઇ પત્ર લખી મંગાવી લે.

આ અંકમાં ચોથાના જવાબો તથા અન્ય નવા પ્રશ્નો મૂકાયા છે, તો તેનો યોગ્ય જવાબ આમાં રસ લેનારા વાંચકો, પોતાને જે સૂઝે તે અમને અવશ્ય લખી મોકલાવશે. જેની યોગ્યાયોગ્યતાનો નિર્ણય કરી અમે અહિં પ્રગટ કરતા રહીશું, તેમજ જે કોઇને પોતાના જીવનમાં, આજુબાજુના સંસારમાં તથા જાણવા–જોવામાં જે જે હકીકતો આવી હોય, તેઓ અમને પ્રશ્નો, કોયડા, મૂંઝવણોરૂપે લખી મોકલવી, જે ઉચિત રીતે અહિં પ્રસિદ્ધ થતા રહેશે.

તદુપરાંત જે જે જવાબો અહિં રજુ થયા હોય, તેની યોગ્યાયોગ્યતા માટે કારણો, યુક્તિઓ, દલીલો અમે અમારા તરફથી મૂકીશું, તેમજ તમને પણ જે કાંઇ લાગે તે તમારા તરફથી પણ મોકલતા રહેજો ! આ વિભાગ માટે લેખો મોકલનારે એટલું ધ્યાનમાં

---

પૂ. પંડિત–પ્રવર શ્રીમદ્ વીરવિજયજી મહારાજે '**શ્રી પ્રશ્નોત્તર ચિન્તામણિ**' નામનો પણ સંસ્કૃત ભાષામાં ગદ્ય ગ્રંથ લખેલો છે, કે જેનો ગુજરાતી અનુવાદ પુસ્તક રૂપે પ્રગટ થયો છે.

આ બધા ઉપરથી વાંચકો જોઇ શકશે કે, એક બ્રાહ્મણ કુળમાં જન્મ લઇને પણ શ્રી વીરવિજયજી મહારાજ સાહેબે જૈન શાસનની સુંદર એવી સેવા બજાવી છે, અને જિનશાસનની ધ્વજા જગતમાં લહેરાવી છે.

રાખવું કે, 'એ શું કરે ?' વિભાગ માટે' આ રીતે મથાળા પર લખાણ કરીને, કાગળની એક બાજુએ, હાંસીયા પાડીને શાહીથી ચોકખા અક્ષરોમાં લખાણો મોકલતા રહેવું. લખાણો મોકલનારે લેખના અંતે નામ, ઠામ, વય આદિ લખીને મોકલવું, ભાષાશુદ્ધિ તથા શબ્દશુદ્ધિ ઉપર લખનારાઓએ લક્ષ્ય આપવું જોઇએ.

કિશોરના પ્રશ્ન અંગે અમારી ઉપર અનેક જવાબો આવ્યા છે, તેમાં ૭ ના જવાબો અમને ઠીક લાગ્યા છે, જે ક્રમથી અમને પસંદ પડ્યા છે, તે લેખકોનાં નામો નીચે મુજબ છેઃ–

૧ રમેશચંદ્ર મણિલાલ ગાંધી–વિજાપુર; ૨ બાબુભાઇ રતિલાલ દોશી–મુંબઇ; ૩ રમેશચંદ્ર ઠાકોરલાલ–ખંભાત; ૪ કિશોરકાંત દલસુખભાઈ ગાંધી–લીંબડી; ૫ રમણલાલ કે. શાહ; ૬ રમણિકલાલ વી. જૈન; ૭ પ્રાણજીવન રતનજી શેઠીઆ.

**નવા પ્રશ્નો અમારી પાસે ઘણા આવ્યા છે, તે ક્રમશઃ અહિં રજુ કરતા રહીશું, તેના સર્વશ્રેષ્ઠ જવાબો માટેની અમારી પારિતોષિક ઇનામી યોજના ચાલુ છે, જેને અંગે વધુ વિગતો આગામી અંકમાં રજુ થશે.** —સં૦

## 'એ શું કરે ?' નવી મૂંઝવણો.

(૫)

### રંજનબહેન તથા પ્રવીણભાઇએ શું કરવું ?

રંજનબ્હેન શહેરનાં પ્રતિષ્ઠિત કુટુંબમાં જન્મ પામેલાં છે. પિતા શાંતિદાસ તથા માતા શારદાબ્હેનના સુશીલ, સંસ્કારી સ્વભાવનો વારસો રંજનબ્હેનને મળ્યો છે. બાલ્યવયથી તેઓ શાંત, નમ્ર તથા ધર્મશીલ છે, ધર્મની ક્રિયાઓમાં તેમને રસ છે; ચાર પ્રકરણ, કર્મગ્રંથ આદિનો તેમણે અભ્યાસ કર્યો છે, પૂ. આચાર્યદેવાદિનાં વ્યાખ્યાન સાંભળે છે, પોળના ઉપાશ્રયમાં સાધ્વીજી મહારાજ પાસે પણ તેઓ જાય–આવે છે, દીક્ષાની વાતો તેમના માટે સંભળાતી હતી, પણ શારીરિક તથા માનસિક નિર્બલતાના કારણે તેઓ સંસારમાં રહ્યાં.

તેમનું લગ્ન શહેરના સારા કુટુંબમાં ભાઇ પ્રવીણચંદ્ર સાથે તાજેતરમાં થયું છે. પ્રવીણચંદ્ર પણ સુશીલ અને સસ્કારી છે, બન્નેનો સુમેળ સારો છે, પણ ઘરમાં રંજનબ્હેનના સાસુ—સસરા, જેઠ—જેઠાણી, નણંદ, આદિનો વિશાળ પરિવાર છે.

ઘર મોટું અને પ્રતિષ્ઠાપાત્ર છે. સાસરે આવ્યા પછી રંજનબહેનને ઘણી ઘણી બાબતોમાં આઘાત ઉપજે તેવું બન્યા કરે છે. સાધુ–સાધ્વીની ભક્તિ, પૂજા, સામાયિક, આદિ ધર્મક્રિયાઓ રંજનબહેન કરે છે, તે કોઇને ગમતી નથી. રંજનબહેનની આ પ્રવૃત્તિઓ જોઇ, બધા નાકનું ટેરવું ચઢાવે છે. ફકત પ્રવીણભાઇ રંજનબહેનને પ્રત્યેક પ્રવૃત્તિઓમાં પ્રોત્સાહન આપે છે.

અસાડ સુદિ. ૧૪ નો દિવસ છે. રંજનબહેનની ભાવના પૌષધ કરવાની છે. મા–બાપને ત્યાં તેઓ આવી મ્હોટી તિથિઓમાં પૌષધ કરતા હતા. આજે ઇરાદાપૂર્વક સાસરામાં કોઇને બોલવાનું ન મળે તો સારૂં. માની તેમણે પૌષધ નથી કર્યો. બપોરે દેવવંદન કરવા ઉપાશ્રયે ગયા, એટલે પાછળ સાસુ, તથા જેઠાણી બોલ્યાં 'લ્યો હાલી નીકળ્યાં ધરમ કરવા, ઘરનું કાંઈ કામ–કાજ કરવું નહિ, ને આમ ફર્યા કરવું છે દેરે–ઉપાસરે.' રંજનબહેન ૫ વાગ્યે આવ્યાં. થોડીવારમાં

ચોમાસી પ્રતિક્રમણ કરવા તેઓ નીકળ્યાં, એટલે તેમના સાસુએ સામે ચઢીને કહી દીધું 'વહુ, આ ભઠીયારખાનું કાંઇ અમારા માટે નથી, તે લો હાલી નીકળ્યાં! તારા સસરા, જેઠ તથા પ્રવીણ બધાયને આજે જમવાનું છે, તો રસોઇ કરવાની, રસોડામાં.' સાસુના આ ઉકળાટમાં અધૂરામાં પૂરૂં જેઠાણીએ થોડો વઘાર મૂકયો. 'લો આ, ધરમ કરવા નીકળ્યાં, જાણે ઘરને અને પોતાને કાંઇ લાગતું-વળગતું જ નથી ?'

આ સાંભળીને રંજનબહેનને લાગી ગયું. તેઓ મૌન રહ્યાં. રસોડામાં રસોઇ કરવા ગયાં. આજે તેમને ચઉવિહારો ઉપવાસ હતો, પ્રતિક્રમણ ન થયું. સાંજે પ્રવીણભાઇને આ બધી ખબર પડી. તેમને પણ ઘણું લાગી ગયું. રાત બન્ને જણે ઉદ્વેગમાં પસાર કરી. કેવળ વડિલોની મર્યાદા ન લોપાય તો સારૂં, આમ માંની બેઉ જણા હજુ આ બધુ સહન કરે છે, પણ દિનપ્રતિદિન આ કલેશ વધતો રહ્યો છે, તો આ સ્થિતિમાં એમણે શું કરવું જોઈએ ?

પં. ક. વિ.

## 'એ શું કરે ?' (૪) ના જવાબો.

### ( ૧ )

આજે આપણા દેશમાં હજારો આવાં બાળકો છે કે, જેમની માતા નાનપણમાં જ કંઇ પણ લાડ લડાવ્યા સિવાય સ્વર્ગે સિધાવી ગઇ હોય છે, આવાં બાળકો સદા દુઃખમાં જ મોટાં થાય છે, અને ભાગ્યેજ તેમની અપરમાતા તેમને સુખ આપતી હોય છે, તેવીજ રીતે આપણો કિશોર પણ આવા બાળકોમાંનો એક છે, જેને તેની અપરમાતા દુઃખ દે છે, અને તેમાં પણ વળી તેની અપરમાતાને પુત્ર અવતર્યો, એટલે તો પછી કિશોરને માથે વધારે દુઃખ આવી પડયું. તેનો પુત્ર રમેશ ભણવામાં "ઠ" હતો, અને કિશોર ભણવામાં હોંશિયાર હતો, એટલે કિશોરને અપર મા'ના ત્રાસમાંથી મુક્ત થવું હોય તો મારા ખ્યાલ મુજબ રમેશને સમજાવી પોતાની સાથે ભણવા બેસાડવો, તેને દરેક બાબતમાં સમજણ પાડવી, તેની સાથે હળીમળીને રહેવું, ઘરમાં રમેશ વિષે સારી વાતો કરવી, બહાર પણ તેની પ્રતિષ્ઠા વધારવા કિશોરે પ્રયત્ન કરવો, આ દેખાવથી આપોઆપજ કિશોરની અપર માતાને કિશોર પ્રત્યે ભાવ અને લાગણી ઉત્પન્ન થશે, અને જરૂર કિશોર પ્રત્યે મમતા દાખવશે, જો કિશોરના સ્થાને હું હોઉં તો ઉપર પ્રમાણે બધું જ કરૂં, અને અપરમા'ની પ્રીતિ સંપાદન કરૂં.

—રમેશચંદ્ર મણીલાલ ગાંધી:

### ( ૨ )

કિશોરે પોતાની સાવકી માતાની સાથે ક્રોધ નહિ કરતાં ક્ષમા રાખવી. તેણે ગયા ભવમાં જે કર્મો કર્યાં છે, ને કર્મોનું દેવું ઓછું કરવામાં સાવકીમાનો મોટો ઉપકાર છે, એમ માનવું જોઇએ. જો ક્રોધ કરીએ તો કર્મોનું દેવું ચુકવવાને બદલે દેવું વધે છે. કર્યાં કર્મ તો આપણે ભોગવવાં પડે છે. ખુદ તીર્થંકર ભગવાનને છોડયા નથી તો આપણે કયા હિસાબમાં. ભવિષ્યમાં કર્મને કાબુમાં રાખવાં એ આપણા હાથમાં છે. કર્મને કાબુમાં રાખવા હોય તો ક્રોધના ઠેકાણે ક્ષમાના પ્યાલા પીવા પડશે. ત્યાગ, તપશ્ચર્યા અને વિનયમાં આત્માને વણવો પડશે. આ જગતમાં અનેક જોડે અનેક સંબંધો બાંધ્યા છે, તેમાં આ સંબંધ પણ થયો છે, એટલે મારી અપર મા છે. કોઇને નહી ને મને આમ કેમ થયું. કર્મ બાંધતાં વિચાર કર્યો નથી, તો છોડતાં કેમ રડવું પડે. દુઃખથી કંટાળી જઇને આપણે જો આપણા હાથે આપણો ઘાત કરીએ તો એમાં કર્મના થોક વધે છે, માટે જે કર્મ આવે તેને શાંતિથી અનુભવવામાંજ આત્મકલ્યાણ છે. જો હું કીશોરની જગ્યાએ હોઉં તો ક્રોધના ઠેકાણે ક્ષમના પ્યાલા પીઉં. કીશોરને જે વિચાર કરવો જોઇએ તે હું કરું, તેમાંજ આત્મકલ્યાણ છે.

—શ્રી બાબુભાઈ ર. દોશી મુંબઇ

( ૩ )

કિશોરે સાવકી મા તરફ અણગમો ન રાખતાં તેના તરફ એટલો બધો પ્રેમ રાખવો, કે જેથી માતા સ્તબ્ધ થઇ જાય, અને જો કિશોર તેના તરફ પ્રેમ રાખશે તો સાવકી માતા તેના તરફ કુદરતી રીતે ઓછો-વત્તો પ્રેમ રાખે જ. કારણ કે, સ્ત્રીનું હૃદય એટલુ બધું ક્રૂર ન જ હોય, એટલે તે જરૂર ઓછો-વત્તો પ્રેમ રાખે જ. બીજું તે સાવકી માને ખુશ રાખવા અવરનવર ઘરમાં જે કાંઇ કામ હોય તે તરત કરી આપવું, જેથી માતાનું કામ ઉગરે અને ખુશ થાય, આ રીતે માતૃપ્રેમ પહેલાં જીતી લો.

બીજું સાવકો ભાઈ 'રમેશ' કે જે ભણવામાં "ઢ" છે, તેના તરફ પણ કિશોરે અનહદ પ્રેમ વર્તાવવો જોઇએ, એટલે તે ભણવામાં હોશીયાર નથી એટલે સાવકીમા કિશોર તરફ ચીડાય છે, તે દૂર કરવા કીશોર પોતાના ટાઇમમાંથી કલાકનો સમય કાઢી રમેશને પાસે બેસાડી શીખવાડવું અને ભણે તેમ તેને સારી વાર્તાઓ કહેવી, એટલે તેના જીવનનું ઘડતર સારૂં થાય, જેમ જેમ રમેશ ભણશે તેમ તેમ કિશોર તરફ સાવકી માતાનો પ્રેમ વધશે. કારણ કે, તે કિશોરનો પ્રતાપ છે, કિશોરે પોતાનો અભ્યાસ ધ્યાનથી કરવો, અને બની શકે તેટલું આગળ વધવું, જો તે સાવકી મા તરફ પ્રેમ બતાવશે તો તે પિતા પણ તેના તરફ પ્રેમ રાખશે. કારણ કે, આ વખતમાં પિતૃપ્રેમ, માતૃપ્રેમ ઉપર આધાર રાખે છે, માટે કિશોરે તે તરફ જરૂર પ્રેમ બતાવવો અને રમેશ તરફ પણ પોતાના સગાભાઇ જેવો પ્રેમ બતાવવો, તો ભવિષ્યમાં ભાગ લેતી વખતે મોટું મન રાખશે. અને માતા પણ તે પ્રત્યે સરખો પ્રેમ રાખશે, જો કિશોર આવી કપરી કસોટીમાંથી પસાર થશે તો આગળ ઉપર મહાન બનશે.

**—શ્રી રમેશચંદ્ર ઠાકોરભાઇ ખંભાત:**

( ૪ )

જ્યારે કિશોરે જાણ્યું કે, પોતાની હૃદયહીન સાવકી મા પોતાના પુત્ર રમેશનું ભાવિ ઉજ્જવળ બને, એ માટે અથાગ પ્રયત્નો કરી રહી હતી અને તે માટે ઓરમાન પુત્ર (કિશોર)ને ઝેર આપતાં પણ અચકાઈ નહિ ત્યારે કિશોરે તેના ઓરમાન ભાઇ રમેશ તથા સાવકીમાના માર્ગમાં કાંઇપણ આડખીલી નહિ કરતાં નીકળી જવું જોઇએ.

કિશોરે, પોતાના પિતા મુંબઇથી જ્યારે ઘેર આવે ત્યારે તેમને આ વાતથી વાકેફ કરવા જોઇએ. અને પિતાને સમજાવવું જોઇએ, કે, "હું અહિં રહીને ભણી શકવાનો નથી અને સુખી થઈ શકીશ નહિ, માટે મને સુખી કરવો હોય તો કોઈ શહેરની સારી બોર્ડિંગમાં દાખલ કરાવી અભ્યાસ કરવા દેવો જોઇએ."

મને નથી લાગતું કે તેના પિતાનું હૃદય માતૃહીન બાળકની આજીજીથી ન પીગળે અને બોર્ડિંગમાં દાખલ થઇ અગર કોઇ સગાને ત્યાં રહી કિશોરે ગમે તેટલું દુઃખ વેઠીને આગળ અભ્યાસ કરવો જોઈએ, પહેલાં દુઃખ પડશે એ સ્વાભાવિક છે, કારણ કે પોતાનું ઘર, વહાલું વતન તથા મિત્રો છોડી બહાર કોઈ સાવ અજાણી જગ્યાએ જવું એ દુઃખદાયક છેજ.

હવે કિશોર જો બહારગામ કોઇ બોર્ડિંગમાં દાખલ થઇ જાય તો તે સાવકીમાને જરૂર ગમશે, તેથી કિશોર જો તેની નજર સામેથી દુર થશે, ત્યારે તેનું દુઃખ ઓછું થશે, અને સાથે સાથે કિશોરના પિતાને પણ ગમશે, કારણ કે તે જાણે છે કે, સાવકીમા જેટલું બાળકને દુઃખ આપશે, તેનાં કરતાં બોર્ડિંગમાં જરૂર ઓછું કષ્ટ પડશે.

વળી કિશોર ભણવામાં હોંશિયાર છે એટલે જરૂર આગળ વધી શકશે અને ભવિષ્યમાં સુખી થશે. જે માણસ દુઃખી હોય છે તે સદા દુઃખી રહેતો નથી, પણ દુઃખ પછી સુખ અવશ્ય આવે છે, એ ન્યાયે કિશોર પણ ભવિષ્યમાં સુખી થશે અને દુઃખ પછીનું સુખ તેને વધુ મીઠું લાગશે. બીજું કિશોરે પોતાની સાવકીમાએ પોતાને ઝેર આપવા પ્રયત્ન કર્યો હતો, એ વાત તદ્દન ભૂલી જવી જોઇએ. અને સાવકીમાને સગી મા ગણી તેની સાથે તે રીતે વર્તવું જોઇએ, તોજ કિશોર ભવિષ્યમાં વધુ સુખી બની શકે અને સાવકીમાને પોતાના દુષ્ટકૃત્ય માટે પસ્તાવો થાય, જો એનામાં થોડી પણ માનવતા હશે તો. ન હોય એમ પણ કેમ માની શકાય?

**—કિશોરકાંત દલસુખભાઇ ગાંધી**

( ૫ )

'હે માતા ! મારી કંઇ ભૂલ થઈ હોય તો ક્ષમા યાચુ છું. જેમ રમેશ તમારો પુત્ર છે, તેમ હું પણ તમારો જ છું અને સદાકાળ તમારા ચરણોમાં રહીશ...હો ! માતા ! તમારા આત્માને દુઃખ આપવું મારે યોગ્ય નથી, તેમજ મારી તથા રમેશના જીવનની ઉન્નતિ કરવા, જીવન જયોત સદા અખંડ રાખીશું, અને અમે બન્ને માતાના પ્રેમના ભૂખ્યા, તમારા ચરણોમાં જ આજીવન શિર નમાવીશું, તેમજ 'સાવકી મા' એજ 'ખરી મા' છે એ દુનિયાને બતાવીશ. તમારી મમતાથી હું ધીરે ધીરે આગળ વધીશ, તમે મારા પર તમારા પુત્ર જેવું હેત રાખજો !

હું જો 'સાવકી' તેમજ 'દયાહીન' માતાના હાથમાં હોઉં તો માતાને યથાયોગ્ય, યથાશક્તિ પ્રમાણે, ઉપરે મુજબ સમજાવું તેમજ માતાના હૃદયની ઊર્મિઓને ઉછાળવા પ્રયત્ન કરૂં અને 'સાવકી મા' પણ 'ખરી મા' બની શકે છે. એમ સંસારમાં કરી બતાવું.

—રમણલાલ કે. શાહ

( ૬ )

કિશોરે નાના ભાઇને એકાંતમાં બોલાવી તેને કહેવું જોઇએ કે, "ભાઈ જો તને નિશાળમાં સમજાતું નહોય તે હું તને ઘરે શીખવીશ" અને તેને ઘરે બરાબર કિશોરે ભણાવવો જોઇએ. અને જ્ઞાન સાથે અનેક રસભરી વાતો કરી કિશોરે તેના ભાઇનું મન અભ્યાસમાં કેંદ્રીત કરવું જોઇએ અને તેના નાના ભાઇને નાની તેમજ સારી વાર્તાની ચોપડીઓ વાંચવા આપી તેને સાહિત્યમાં રસ લેતો કરવો જોઇએ. અને તેને બરાબર સુઘડ અને સાફ રાખવો જોઇએ અને તેના સોબતીઓ પણ સારા હોય તે ઉપર તેને ખાસ ધ્યાન રાખવું જોઈએ. જો કિશોર પોતાના નાનાભાઇ પ્રત્યે આટલી કાળજી રાખે અને તેમાં તે સફળ થાય તો મારા માનવા મુજબ તે ચોકકસ સફળ થાય. તેની સાવકી માનો રોષ તેના ઉપરથી ઓછો થાય અને પોતાના પુત્રને સ્વચ્છ, અને અભ્યાસમાં હોશિયાર જોઇને કિશોર પ્રત્યે જે રોષથી જોતી હોય તેમાં કાંઇક જરૂર ઘટાડો થાય અને પોતાને ચામાં ઝેર ભેળવ્યાની જે ખબર છે, તે વાતમાં બિલકુલ મૌન સેવે, અને તેની માતા તરફ એટલાજ પ્રેમથી જોવે તો તે જરૂર સફળ થાય.

—શ્રી રમણિકલાલ વી. જૈન-લીંબડી:

( ૭ )

કિશોરને આમ કરવું જોઇએ. કિશોરને તેની માતા નાનપણમાં જ મૂકીને મરી ગઈ હતી, તેથી તેને સાવકી માની સાથે રહેવું પડે છે, પણ એક વર્ષ પછી રમેશ નામનો બીજો સાવકો ભાઇ જન્મે છે, અને તેથી કિશોર ઉપરથી તેની સાવકી માનો પ્રેમ ઉતરી ગયો, કિશોર ભણવામાં હોશિયાર હતો, અને રમેશ "ઢ" હતો, આવી સ્થિતિમાં કિશોરે રમેશને અભ્યાસમાં શીખવવું જોઇએ, અને ભણવામાં કેમ આગળ વધે તેનું ધ્યાન રાખવું જોઇએ, અને તેના પિતાને બોલાવી તેની તથા તેની માતાની રૂબરૂમાં ચાની અંદર ઝેર ભેળવ્યાની વાત કહેવી જોઇએ, અને વારસદારી મને નથી જોઇતી પણ ઘરની વારસદારી રમેશને જ સોંપી આપજો, અને કિશોરે ભણવા માટે તેના પિતાજી આગળ મુંબઇ રહેવું જોઇએ, હું જો સાવકી અને દયાહીન માતાના હાથ નીચે હોઉં તો ભણવાને માટે તેનાથી દૂર ચાલ્યો જાઉં, અને મહીનામાં એકાદ વખત જ મળવા આવું, જેથી મીઠાશ રહે, અને ભણીને વારસાપણું છોડી દઉં.

—પ્રાણજીવન રતનશી શેઠીઆ-ગોરેગામ:

---


હિન્દી ભાષામાં પ્રગટ થયેલું અનોખું
એક નૂતન પ્રકાશન
**વિક્રમચારિત્ર**
[સચિત્ર] મૂલ્ય ૫-૦-૦
શ્રી સુધીરચંદ્ર રમણલાલ ફડીઆ
ઠે. પાંજરાપોળ અમદાવાદ

# આ સમજાય તો સારૂં !

શ્રી ઉજમશી જુઠાલાલ શાહ.

સરકારની ગાંડી-ઘેલી વાતો અને અધૂરી યોજનાઓથી પ્રજામાં નૈતિક પતન આજકાલ એક સામાન્ય બીના બની ગઇ છે. પ્રજાને હૈયે તેની અરેરાટી રહી નથી. રાજ્યકર્તાઓ રાષ્ટ્રનું ઘડતર કયે માર્ગે ઇચ્છે છે, તે સમજાતું નથી. શુ નીતિને ભોગે રાષ્ટ્ર આબાદ થવાનું છે?

નીતિ અને ન્યાયને માર્ગે સલામત રીતે સુખ-શાંતિથી પ્રજા પોતાનું જીવન વહન કરી શકે તેવા વાસ્તવિક ઉપાયો રાષ્ટ્રિય સરકારે લેવા જોઇએ અને પ્રજાએ મૂકેલા વિશ્વાસનો યોગ્ય જવાબ વાળવો જોઈએ.

પ્રજાને નૈતિક પતન ભણી ખેંચી જતાં જુલમી-અન્યાયી કાનૂનો અને અન્ય જે કાંઇ બૂરાં તત્ત્વો છે, તેને દુર હઠાવવા સરકારે સત્વર પ્રયત્ન કરવો જોઇએ. તે પ્રત્યે લગારે બેદરકારી દાખવવામાં આવશે તો દરેકે દરેક ક્ષેત્ર અનીતિથી એકદમ ભેળાઇ જશે.

યેનકેન પ્રકારે માત્ર ભૌતિક સુખ સગવડતાઓ વધારવા ભણીજ સરકાર પોતાનું દ્રષ્ટિબિંદુ કેંદ્રિત કરશે, તેથી પ્રજાને સાચી શાંતિ પ્રાપ્ત થવી મુશ્કેલ છે.

વિશ્વપર જેમજેમ ભૌતિક સાધનો વધતાં જાય છે, તેમ તેમ આપણે અનુભવીએ છીએ, એમ જનતાની માનસિક પીડામાં ઉમેરો થતો જાય છે. વધતાં જતાં તે ભૌતિક સાધનોનાં પ્રલોભનોએ તો માનવ જીવનમાં આજે હોળી સળગાવી છે, અને સર્વતઃ માનવતા ઝડપભેર હણાઇ રહી છે.

જુવોને! રાષ્ટ્ર ઘડતરનો દાવો કરનાર મુખ્ય ગણાતા રાષ્ટ્રનાયકોએ પોતાના અધિકારનો ખ્યાલ કર્યા વિનાજ, વધી પડેલી હાજતોથી જન્મેલી બેકારી નિવારવા ઉતાવળા થઇ, સંતતિનિયમનની વાતો વહેતી મૂકી, પરિણામે જે હોળી સળગી રહી છે, તે હોળીએ માતાની કૂખે રહેતા માનવગર્ભને પણ જીવતો છોડયો નહિ. સંતતિનિયમન કૃત્રિમ માર્ગે વળ્યું.

જયાં વિજાતીય મર્યાદાઓનો છડેચોક લોપ થતો હોય, મલિન ચિત્રો અને અશ્લીલ વાંચનનો પ્રવાહ ધોધમાર વહી રહ્યો હોય, વળી જ્યાં આત્મધર્મ ઉપદેશની ઠેકડી થતી હોય, તે લોકો સંતતિનિયમન કયે માર્ગે કરે? દેશના તે અધિકારીઓએ અગાઉથી તેનો ખ્યાલ કરવાની જરૂર હતી. જો કે હજુ બહુ મોડું થયું નથી, તે રાષ્ટ્રનાયકો ભૂલને ભૂલરૂપે સમજે તો બગડેલી બાજી હજુ સુધરે તેમ છે.

દિલમાં દેશની જો સાચી દાઝ હોય, દેશની સંસ્કૃતિ પ્રત્યે પ્રેમ હોય અને ભાવિ-પ્રજા પર દેશનો મદાર છે, તેવો ખરો ખ્યાલ હોય તો ગર્ભપાત કરનાર અને કરાવનાર પર સરકારે ખૂનનો મુકદ્દમો ચલાવવો જોઇએ.

માનવગર્ભ એ રાષ્ટ્રનું મુખ્ય અંગ છે, તે ગર્ભનો કાળજીપૂર્વક સારી રીતે ઉછેર થાય તે પણ માનવધર્મ અને દેશસેવા છે.

દેશનાં કેટલાક લોકોમાં શ્રીમંતનો પ્રસંગ ભારે ખુશાલીથી ભવ્ય રીતે જે ઉજવાય છે, તે પણ સૂચવે છે કે, 'સંસારમાં ગર્ભ એ જનતાની આશા છે.'

જો ફરજ છે રાષ્ટ્રના પ્રજાજનોને જીવાડવાની તો માતાની કૂખે પડેલા એ માનવ-

ગર્ભનો–ભાવિપ્રજાનો આડકતરી રીતે સંહાર કરાવતી, આત્મઘાતક અને રાષ્ટ્રઘાતક તે ક્રૂર પાપી યોજનાને કાયમને માટે અભરાઇએ ચડાવી દેજો. નહિતર, દેશદ્રોહની કાળી ટીલી કપાળે ચોટશે અને ગર્ભપાતનું ઘોર પાપ લાગશે.

જીવનું ગર્ભાશયમાં આગમન એજ ગર્ભધારણ છે તે ગર્ભધારણ એજ ત્યાં જીવની હસ્તીનું સૂચક છે, માટે જ તે ગર્ભપાત એટલે માનવજીવની ઘોર કતલ, અહો ! હા ! કેવું ઘોર પાપ ! કેવી ઘોર હિંસા !

જ્યારથી આપણે આત્મધર્મ ભૂલ્યા ત્યારથી આપણું પતન શરૂ થયું છે, આત્મધર્મ ભૂલી આપણે આત્મા, પુણ્ય, પાપ, પરભવ આદિ તત્ત્વોની વિચારણા ચૂકી ગયા, આત્મધર્મના ભાવ વિના ઉગેલા ઉન્માદી વિચારોએ આપણું સત્યાનાશ વાળ્યું, સારીએ જનતા ગાડરની પેઠે એક જ પ્રવાહ ભણી ધસી અને ધરતી પર પાપનો પોરો આવ્યો.

યાદ રાખજો કે, માનવજીવન ઘડતરના પાયામાં નીતિ, ન્યાય અને ધર્મતત્ત્વોની પૂરણી પૂર્યા વિના સારોએ માનવસમૂદાય મનુષ્ય મટી પશુ કે રાક્ષસ બની જશે.

ધર્મને વેચી માનવજાતની આબાદી ઢૂંઢવા નીકળેલા માનવતત્ત્વો રાક્ષસી પ્રવૃત્તિઓનો જ આદર કરે ને ? અને એ રીતે માનવતા, દાનવતામાં જ ફેરવાઇ જાય ને ?

રાક્ષસી વૃત્તિ કોઇને વફાદાર નિવડે ખરી કે ? રાક્ષસીવૃત્તિ પોતાના સ્વાર્થ માટે મા–બાપ કે સગા ભાઇ–બહેનનું ખૂન કરે. પુત્ર–પુત્રી અને પત્નીને પણ હણે. સજ્જન, સ્નેહી કે પાડોશી બધાંને તે ભરખી લે, તે કોઇને પણ ન છોડે, તેની ભૂખ સારાસારનો વિચાર જ ન કરે.

જ્યાં આવી સ્થિતિ પ્રવર્તતી હોય, ત્યાં સલામતી અને આબાદિ કઈ રીતે સંભવે ? સલામતી અને આબાદિ માટે જેને ચાહના હોય, તે સર્વેએ ધર્મનું શરણ સ્વીકારી દયા અને શીલનો સ્વીકાર તો કરવો જ પડશે.


## પંચ પરમેષ્ઠિ મહામંત્ર યાને જૈનધર્મનું સ્વરૂપ

લેખકઃ પૂ૦ પંન્યાસ શ્રીમદ્ ચરણવિજયજી ગણિવર છસો પાના ઉપરાંતનો આ ગ્રંથ હોવા છતાં મૂલ્ય ૪–૦–૦

**સોમચંદ ડી. શાહ પાલીતાણા** [સૌરાષ્ટ્ર]


---

### 'કલ્યાણ' માસિકના સભ્ય બનો !

રૂા. પાંચ ભરી વાર્ષિક ગ્રાહક બનવા કરતાં 'કલ્યાણ' માસિકના પાંચ વર્ષના રૂા. ૨૫) કે બે વર્ષના રૂા. ૧૧) ભરી સભ્ય થવું એ વધુ લાભદાયી છે, અને દર વર્ષે લવાજમ મોકલવાની માથાકૂટ મટી જાય છે, અને ભેટપુસ્તક મેળવવાનો પણ ચાન્સ રહે છે; દર વર્ષે એક વખત સભ્યોની નામાવલિ 'કલ્યાણ'માં છપાય છે.

# સાચો મિત્ર

———: પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ :———



મહારાજા કુમારપાળને પકડવા માટે જ્યારે સિધ્ધરાજના સુભટો પાછળ પડ્યા હતા ત્યારની આ વાત છે.

કુમારપાળની સાથે એક મિત્ર હતો, જે જાતિનો બ્રાહ્મણ હતો, બ્રાહ્મણ ઘેર ઘેર ભિક્ષા માંગી લાવતો અને બન્ને જણ ઉદરપૂર્તિ કરતા હતા. કોઇ વખત ચણા ખાઇને ચલાવતા, વખતે ત્રણ-ત્રણ દિવસના ઉપવાસ પણ થઈ જતા.

એક વખત એક નગરમાં બ્રાહ્મણ મિત્ર ભિક્ષા લેવા ગયો, ત્યાંથી થોડી ભિક્ષા સાથે એક બાઇએ કરંબો ભરેલો ઘડો આપ્યો, બ્રાહ્મણ કરંબો વિગેરે ભિક્ષા લઇને કુમારપાળની પાસે આવ્યો, બન્ને જણાએ સમયસર લાવેલ ભિક્ષાને ન્યાય આપ્યો, પણ પેલો કરંબો ભરેલો ઘડો કુમારપાળને બતાવ્યો નહિ, ને સંતાડી રાખ્યો, રાતના વખતે બ્રાહ્મણે ઉઠી ઘડામાંથી કરંબો ખાવા માંડયો, આ દૃશ્ય કંઇક સુતા અને જાગતા કુમારપાળ મહારાજાએ જોયું, મનમાં થયું; વાહ રે મિત્ર! એકલો-એકલો ઝાપટે છે, પૂછતો ય નથી; ઠીક એ તો સૂઈ ગયા.

પ્રાતઃકાળ થતાં બ્રાહ્મણે કહ્યું; 'મહારાજ! આ ઘડામાં કરંબો છે, આપ વાપરો.'

મહારાજાએ જણાવ્યું, 'મિત્ર! રાતના તો એકલા જ ઝાપટવા લાગ્યા હતા, તે વખતે તો પૂછ્યું પણ નહિ, અને હવે કહે છે, વાપરો.'

ત્યારે મિત્રે જવાબ વાળ્યો, 'મહારાજ! કરંબાનો ઘડો આપનાર બાઇએ મને આપતાંની સાથે જ એ જણાવ્યું હતું કે, આ ઘડો આખી રાત ઉઘાડો પડ્યો હતો, જોઇએ તો સુખેથી લઈ જાવ! મેં એ ઘડાને લીધો તો ખરો, પણ ભોજન સમયે આપને ન બતાવવાનું કારણ એ જ હતું કે, આપ હતા ભૂખ્યા ને વખતે માંગી લ્યો, અને એમાં મને શંકા હતી; કારણ કે, ઘડો રાતના ઉઘાડો પડ્યો હતો, કોઈ ઝેરી જાનવરનું ઝેર-બેર અકસ્માત્ પડ્યું હોય તો આપ જેવા મહાપુરૂષના પ્રાણ ચાલ્યા જાય, માટે જ પહેલાં મેં એની પરીક્ષા કરી જોઇ, કે એમાં કંઇ વિકૃતિ તો નથી ને! મને એ ઠીક લાગ્યું, માટે જ આપને મેં અત્યારે ખાવા માટે પ્રાર્થના કરી.'

મહારાજા કુમારપાળ આ વૃત્તાંત સાંભળી ભારે ખુશ થયા, કે મિત્ર મળે તો આવા મળો કે, જે પોતાના પ્રાણની દરકાર કર્યા સિવાય મિત્રને બચાવવામાં જ પોતાનું સર્વસ્વ સમજતો હતો.

# નવી નજરે

**શ્રી સંજય**

**મુંબઇખાતે શ્વે. જૈન કોન્ફરન્સનો રજત મહોત્સવ ભારે દબદબાપૂર્વક જાણીતા સાહિત્ય-પ્રેમી શેઠ શ્રી અમૃતલાલ કાલીદાસ દોશીના અધ્યક્ષ પદે ઉજવાઇ ગયો. જેમાં જૈનસમાજના ઉત્કર્ષને અંગે અનેક ઠરાવો પસાર થયા હતા.**

—સમાચાર પત્રો

શ્રી જૈન કોન્ફરન્સ દેવી, જૈન સમાજની જુની સંસ્થા છે, એની સ્થાપનાને આજે ૫૦ વર્ષ થઈ ગયાં. પચાસ વર્ષની કારકીર્દીમાં કોન્ફરન્સ મૈયાએ ઘણી લીલી–સૂકી અનુભવી છે. તેમાંએ વચલા લગભગ ૧૫–૧૭ વર્ષના ગાળામાં તો કોન્ફ-રન્સ મૃતપ્રાયઃ થઇ ચૂકી હતી. ફરી છેલ્લા પાંચ વર્ષમાં એ જીવવા માંડી અને સંસ્થાના કાર્યકરો કાંઇક દૂરંદેશી બનતાં સંસ્થામાં ફરી ચૈતન્ય પૂરાવા માંડયું. જો પહેલેથી જૈન સમાજના સામાજિક ઉત્કર્ષનું ધ્યેય રાખીને કોન્ફરન્સે પોતાની સર્વદેશીય પ્રવૃત્તિઓ સક્રિયપણે હાથ ધરી હોત તો કોન્ફરન્સનું સ્થાન આજે સમાજમાં ખૂબજ ગૌરવયુકત હોત. ખેર, ભૂતકાળની વાત ભૂલી જઇએ. હજુ પણ એના સેવાભાવી કાર્યકરોએ કોન્ફરન્સ દ્વારા જૈન સમાજના સામાજિક ઉત્કર્ષની પ્રવૃત્તિઓને હાથ ધરવાની જરૂર છે. ધાર્મિક ક્ષેત્રમાં કે ધાર્મિક પ્રશ્નોમાં માથું મારવામાં એની પ્રતિષ્ઠા જોખમાય છે, એ ભૂલવા જેવું નથી. છતાં દુઃખ એ થાય છે કે, શ્રી અમૃત-લાલ દોશી જેવા પીઢ, અભ્યાસી તથા ધીર–ગંભીર પ્રમુખ હોવા છતાં જૈનધર્મમાં માનતી કોઇ પણ વ્યકિત્તને જૈન તરીકેના અધિકારો ‘આપવાનો’ જે ઠરાવ આ અધિવેશનમાં થયો છે. એ કોઇ રીતે ઉચિત નથી જ થયું. આમાં દુરંદેશીપણું કે વ્યવ-હારૂ બુદ્ધિનો અભાવ જણાઇ આવે છે. કોન્ફરન્સે જૈન સાહિત્ય પ્રકાશન કે પ્રચારની પ્રવૃત્તિઓને પણ વધારવી જોઇએ, એમ અમે જરૂર માનીયે છીએ. પણ સાહિત્ય સેવાના નામે ધર્મશ્રધ્ધાહીન જૈન પંડિ-તોને દર મહિને સેંકડો રૂ. ના પગારો આપી. જૈન સમાજના પૈસાઓનો દુરૂપયોગ થવા દેવો એ કોઇ રીતે ઉચિત નથી જ. હજુ પણ સંસ્થાના કાર્યકરો જૈનસમાજના ઉત્કર્ષની વ્યવહારૂ યોજનાના પ્રશ્નમાં પોતપોતાની તમામ શકિતઓ રેડી, સંસ્થાદ્વારા જૈન સમાજની સેવા કરવા જાગ્રત બને ! તેમજ ધર્મની વાતોમાં તેના મતભેદો કે ધાર્મિક પ્રશ્નોમાં ચૂકાદો આપવાની ઉતાવળ કરવાનું મૂકી દે, વ્યકિત-ગત રાગ–દ્વેષ, ઇર્ષ્યા, અભિમાન, ડંખ ઇત્યાદિ ભૂલી જાય ! તો ખરેખર સમાજ માટે તેઓ ઘણું ઘણું કરી શકે તેમ છે. સમાજ તેમને અવસરે પરમશ્રદ્ધાભાવે અપનાવી લેશે, એ નિઃશંક છે. શેઠ શ્રી અમૃતલાલ દોશીના નેતૃત્ત્વનીચે કોન્ફરન્સદેવી નવચેતનને પ્રાપ્ત કરો. એમ આપણે જરૂર ઇચ્છીએ.

**તાજેતરમાં અમદાવાદ ખાતે મુંબઇ સરકારના બહુલક્ષી વેચાણ વેરાના વિરોધ માટેની જાહેર સભામાં ભાષણ કરતાં હિંદના જાણીતા ઉદ્યોગપતિ તથા જૈન સમાજના અગ્રગણ્ય આગેવાન શેઠ શ્રી કસ્તૂરભાઇએ કહ્યું હતું કે. પ્રધાનો થયા પહેલાં જનતા માટે તેઓનું જે દૃષ્ટિબિંદુ હોય છે, તે દૃષ્ટિ–બિંદુ પ્રધાનો થયા પછી તેઓ રાખતા નથી. આજથી સવા વર્ષ પહેલાં સરકારે ટ્રસ્ટ બીલ પસાર કર્યું. ટ્રસ્ટના હિસાબ બરાબર ન રહેતા હોય કે તેમાં ખાઉકી ચાલતી હોય તો આવો કાયદો કરવો જોઇએ, પરંતુ એ ઓછા ખર્ચે થઇ શકે એમ છે. મેં જયારે આ અંગે સૂચના કરી, ત્યારે મને સુધારાઓ લખી મોકલવાનું કહેવામાં આવ્યું અને તે પ્રમાણે મેં સુધારા સૂચવેલા. પરંતુ મને જવાબ મલ્યો કે, અમારા સુધારા બરાબર છે, તમારાની જરૂર**

**નથી. પ્રધાન પદ મળ્યા પછી, આવું માનસ પ્રધાનોનું થાય છે. સંદેશ તા. ૨૩-૭-૫૨**

શેઠ શ્રી કસ્તુરભાઈ, હિંદના અગ્રગણ્ય પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ છે, હિંદભરની પીઢ, વ્યવહારૂ તથા વિચક્ષણ વ્યક્તિઓમાં તેઓનું સ્થાન મહત્ત્વનું ગણાય છે. તેઓ જે કાંઈ બોલે કે બહાર પાડે, તે ખૂબ જ ગંભીરપણે શબ્દો ગણી-ગણીને જ, તેમનો આ સ્વભાવ છે. તેઓ બહુ ઓછાબોલા અને કામમાં માનનારા આગેવાન સદ્‌ગૃહસ્થ છે, મુંબઇ સરકારના પ્રધાનમંડળ માટે એમણે જે વાત કરી છે, તે અક્ષરશઃ યથાર્થ છે, પ્રધાનપદ ન મળ્યું હોય ત્યાં સુધી જનતાને મોટાં-મોટાં વચનો આપીને તેઓ વશમાં લેવા પ્રયત્નો કરે છે, પણ પ્રધાનપદની ખુરશી પર આવ્યા પછી જનતાને તે લોકો ભૂલી જાય છે. મુંબઇ પ્રાંતના પ્રધાનોએ પ્રજાના કોઇપણ વર્ગને સંતોષ આપ્યો જ નથી. પ્રજાના ધાર્મિક, સામાજિક, આર્થિક તથા સંસ્કારિક, પ્રત્યેક પ્રશ્નોમાં પ્રજાને અસંતોષ આપવા સિવાય તેમણે કર્યું છે શું ?

'ધર્માદા ટ્રસ્ટ એક્ટ'ના ધારાથી ધર્માદા સંસ્થાઓ, ધર્મસ્થાનો તથા ધાર્મિક વહિવટીક્ષેત્રોની સ્વતંત્રતા સ્પષ્ટ રીતે ઝૂંટવાઇ રહી છે, એ વસ્તુ જેમ જેમ એ કાયદાની એકે એક કલમનો અભ્યાસ થશે, તેમ તેમ સમાજને સમજાઇ જશે, આ આખોયે કાયદો મુંબઇ સરકારની શુભનિષ્ઠામાં સ્પષ્ટ રીતે અશ્રદ્ધા જન્માવે છે, આને અંગે વધુ સ્પષ્ટતા હાલ કરવી નિરર્થક છે. આ આખાયે કાયદાને પડકારતો 'ટ્રસ્ટકેસ' હાલ હાઇકોર્ટમાં નોંધાયો છે, એટલે એ વિષે જ્યાં સુધી ચૂકાદો ન આવે ત્યાં સુધી આ બીલને અંગે અમે મૌન રહીએ છીએ.

પણ મુંબઈ સરકારના પ્રધાનમંડળ તરફથી પ્રજાના પ્રત્યેક વર્ગની સાથે જે રીતે વર્તન થઈ રહ્યું છે, તે કોઈ રીતે ઉચિત નથી જ. પ્રજાની સરકાર પ્રજાને હમદર્દીપૂર્વક ન સાંભળે એને પ્રજા કઇ રીતે ક્યાં સુધી સાંખી શકશે ? વધુ ખરાબ વસ્તુ તો એ છે કે, વહિવટી તંત્રની અનઆવડત, તથા ગમે તે ક્ષેત્રના માણસોને ગમે તે ક્ષેત્રમાં બેસાડી દેવા, આ વસ્તુ કોઇ રીતે પ્રજાના હિતને માટે યોગ્ય નથી જ. ગઇ કાલ સુધી ડોકટરી લાઇનમાં પ્રવીણ ગણાતા ડો. જીવરાજ મહેતા આરોગ્યપ્રધાન બનવાને બદલે નાણાપ્રધાનની ખુરશી પર આજે બેસી ગયા છે, ત્યારે કાયદાના પુસ્તકોનો અભ્યાસ કરનારા શ્રી શાંતિલાલ શાહ આજે આરોગ્યપ્રધાન બન્યા છે, દિનકરરાય દેસાઇ, જેઓ છેલ્લા કેટલાયે વર્ષોથી મુંબઈ સરકારના પુરવઠાપ્રધાન હતા, તેઓ આજે શિક્ષણપ્રધાન બન્યા છે, પરિણામે 'વહિવટીતંત્રમાં છબરડા ન વળે તો થાય શું ?

છતાં દરેકની ભૂલોને જાહેરમાં મૂકીને તે લોકોને ઠપકાવનારા પ્રધાનો પોતાના વહિવટીક્ષેત્રની ક્ષતિઓ, અણઆવડત કે ખામીઓને જોવા-સાંભળવા પણ તૈયાર નથી, એ કેવી કમનશીબ પરિસ્થિતિ ગણાય ! શિસ્તના નામે કોંગ્રેસપક્ષના બધા સભ્યોને કોંગ્રેસ સરકારની દરેક વાતોમાં હા' કહેવી જ પડે. જે પ્રજાએ એમને ચૂંટીને ધારાસભાની ખુરશી પર બેસાડ્યા હોય, તે પ્રજાના હિતની વિરૂદ્ધ સરકાર તરફથી કાંઇ પણ કાર્ય કે કાયદો થતો હોય તો યે પોતાના આત્મસ્વાતંત્ર્ય કે અંતરના અવાજને ગૂંગળાવી દઇને, પ્રજાના હિતને પણ બાજુએ મૂકીને કોંગ્રેસસભ્યોએ 'શેઠ કહે સાગરનું પાણી મીઠું, તો કહે હા જી હા.' ની જેમ ગાડરીયા ટોળા બનવું જ જોઇએ, ખરેખર સત્તા પર રહેલાઓ જ્યાં સુધી નિઃસ્વાર્થ સેવાભાવ, અડગ પ્રમાણિકતા તથા એકનિષ્ઠ કર્તવ્ય પરાયણતા. આ બધું નહિ કેળવે, ત્યાં સુધી સત્તા પર રહીને પ્રજાહિતની યોજનાઓના નામે ગમે તેટલી બૂમો મારશે છતાં એ તંત્ર પ્રજાનું સર્વદેશીય ભલું નહિ કરી શકે, એ ચોક્કસ છે.

**મધ્યપૂર્વ એશીયાના દેશોમાં ઇજીપ્ત તથા ઇરાનનું રાજકીય વાતાવરણ ડોળાતું રહ્યું છે, એક પછી એક એમ નવા નવા પ્રધાનમંડળો રચાતાં જાય છે, અને જુના પ્રધાનો રાજીનામું આપીને ખસતા જાય છે, છેલ્લે ઇરાનમાં ડો. મુસાદ્દિકનું પ્રધાનમંડળ સત્તા પર આવ્યું છે, જ્યારે ઇજીપ્તમાં અલી મહેરપાશાનું પ્રધાન મંડળ સત્તાપર આવ્યું છે. તેમજ રાજા ફારૂકને ગાદી ત્યાગ કરીને ચાલ્યા જવું પડયું છે, અને ઇરાનના માજી વડાપ્રધાન દીવાનની ધરપકડ કરવામાં આવી છે. પી. ટી. આઇ.**

હમણાં હમણાં દરેક દેશોના રાજ્યતંત્રો અસ્થિર બનવા માંડયાં છે. પ્રધાનોનો તથા રાજાઓનો સત્તા-ત્યાગ એ તો રોજબરોજનો સામાન્ય બનાવ થઇ ગયો છે. ઇજીપ્ત તથા ઇરાન દેશમાં હમણાં હમણાં જે રીતે સત્તા પલટાઓ થઇ રહી છે, એ ખરેખર ભલભલા આંતરરાષ્ટ્રીય જાણકારોને પણ વિચાર કરતા કરી મૂકે તેવા બનાવો છે. આમાં પ્રજાના આગેવાનોની અસ્થિર મનોદશા, અને તેનો, સત્તાસ્થાનને પચાવી પાડનારા લાગતા-વળગતા વર્ગે કરવા ધારેલો દુરૂપયોગ એજ વસ્તુ મહત્ત્વના કારણરૂપ છે. જગતના દેશોમાં બનતા આ બધા બનાવો સત્તાસ્થાને રહેલા વર્ગને સ્પષ્ટ ચેતવણી આપી રહ્યા છે, કે 'સત્તાને પ્રાપ્ત કર્યા પછી આપખુદપણે તેનો અમલ કરી પ્રજાને જો સંતોષવામાં પ્રમાણિકપણે વહિવટ કરવામાં નહિ આવે તો જ્યારે વિરાટ જાગશે, ત્યારે ભલભલાને સત્તાસ્થાન પરથી ઘડિના છઠ્ઠાભાગમાં ફેંકી દેશે, એ વસ્તુ નિઃશંક છે.' યૂરોપ, એશીયા તથા હિંદુસ્તાન, પાકીસ્તાન વગેરેના સત્તાધીશોએ આ બધા જગતના તખ્તાપર ભજવાઇ રહેલા નાટકોના કરૂણ અંજામને નજર સામે રાખી, જાગતા રહેવું જોઇશે. આજે તમને બહુમતિથી ચૂંટીને સત્તાના સિંહાસનપર બેસાડનારી પ્રજા આવતીકાલે તમારો હુરીયો બોલાવી તમને ફેંકી દેશે. માટે ઓ આજના સત્તાધીશો! તમને જે કાંઈ સત્તાનાં સૂત્રો હાથ આવ્યાં છે, એ દ્વારા પરોપકાર, નિઃસ્વાર્થ સેવાભાવ, તથા દુઃખ પીડિતોના આંસુ લુંછવાની હમદર્દી, નમ્રતા, પ્રામાણિકપણે વહિવટી તંત્રનું સંચાલન આ બધાથી જગતમાં-સંસારમાં તમારી પ્રતિષ્ઠા, કીર્તિ તથા યશની સુવાસ ફેલાવી જજો! સત્તા અને સંપત્તિ ચાર દિનની ચાંદની છે, એ રખે ભૂલતા, માટે એના નશામાં અંધ બની માનવતાને ગળે ટૂંપો દઇ ગૂંગળાવી ન દેતા.

........


## વિવિધ પૂજા સંગ્રહ

જેમાં નવપદજીની વિધિ, શ્રી વીરવિજયજી કૃત પૂજાઓ, બારવ્રતની પૂજા, પંચકલ્યાણક પૂજા, સત્તર ભેદી પૂજા, અને નવપદ આરાધનની પૂજાઓ વગેરે છે.

પાકું પુઠું, મોટા ટાઇપ, સારા કાગળ, ૩૨૫ પેજ છતાં મૂલ્ય રૂા. ત્રણ પોષ્ટેજ અલગ. અગાઉથી પાંચ નકલ કરતાં વધારે નકલો ખરીદનારનાં નામે પુસ્તકમાં છપાશે. પુસ્તક મળે પૈસા મોકલવાના છે, ઓર્ડર નોંધાવો!

### સ્નાત્ર મહોત્સવ

મુંબઈ શહેરમાં હંમેશાં સંગીત સાથે સ્નાત્રપૂજા, શાંતિકળશ અને અષ્ટપ્રકારી પૂજા સવારના સાત વાગે શ્રી લાલબાગ મોતીશા શેઠના દહેરાસરે ભણાવાય છે, તો દરેક ભાઇઓને પધારવા વિનંતિ છે.

**શ્રી લાલબાગ સ્નાત્રમંડળ**

ખેતવાડી, ૩ જી ગલી ડાહ્યાભાઇ ઘેલાનો માળો

૧ લે માળે મુંબઈ ૪

**શા. ચંદુલાલ જે. ખંભાતવાળા**

**શા. સોહનલાલ મલુકચંદ વડગામવાળા**

ઓ. સેક્રેટરીઓ.

## શ્રી સમેતશીખરજી વિગેરે તીર્થોની યાત્રાએ

મુંબઇથી સં ૨૦૦૮ આસો વદિ ૧ શનિવારે થર્ડ કલાસ ટુરીસ્ટ બધી સગવડતા સાથે ૪૦ યાત્રાળુનો રીઝર્વ ડબ્બો લગભગ ૩૬ દિવસની મુસાફરીએ નીકળશે અને ૩૬ તીર્થસ્થાનોનાં દર્શન કરાવશે.

રેલ્વે, મોટર, ભાડું, ચા-નાસ્તો, ભોજન વગેરેની બધી વ્યવસ્થા સર્વીસ કરશે. ગઇ દિવાળીએ ઘણાને ટીકીટો માટે ના પાડવી પડી હતી.

**દિવાળી...પાવાપુરી...કારતકી...કલકત્તા થશે.**

જેઓ આવી યાત્રા ફર્સ્ટ, સેકેન્ડ કે થર્ડ રીઝર્વ ટુરીસ્ટમાં કરવા માંગતા હશે તેઓને બધી જાતની ગોઠવણ કરી આપીશું.

વધુ વિગત માટે તથા ટીકીટો માટે નીચેના સીરનામે લખો-

**કોઠારી જૈન યાત્રા સર્વીસ**

**C/o ઝવેરી ગભરૂચંદ ઉત્તમચંદ**

૧૦૪, શેખમેમણ સ્ટ્રીટ મુંબઈ, ૨

# દાનેશ્વરી જગડુશાહ

—: શ્રી ફુલચંદ હરિચંદ દોશી: મહુવાકર :—

[ ગતાંકથી ચાલુ ]

### પ્રવેશ ૪

( સિંધુરાજની સલાહ )

( મંત્રી અને પીઠદેવ વાતો કરતા આવે છે )

**મંત્રી**—મહારાજ ! દિવસે દિવસે જગડુશાહનું જોર વધતું જાય છે, આપે સાંભળ્યું ને ? જગડુશાહે ભદ્રેશ્વરમાં એક મોટો એનમુન કિલ્લો બંધાવ્યો છે, તેનું ઉદ્દઘાટન હમણાંજ થયું, અને હજારો લોકો જોઇને વિસ્મિત થઈ ગયા.

**પીઠદેવ**—એક વણિક અને રાજ-રાજેશ્વરથી વધુ પ્રભાવશાળી ! નથી જોવાતું, નથી સહેવાતું મંત્રી તમે શું કહો છો ?

**મંત્રી**—મહારાજ ! સૂર્ય સામે ધૂળ ઉડાડવાથી આપણા સામેજ પડે છે ને ? ફરી સાહસ કરવું, એ હિતાવહ નથી.

**પીઠદેવ**-મંત્રીજી, તમે જ આવા નબળા વચનો કેમ કાઢો છો ? રાજા તો રણમેદાને લડવા અને મરવા સરજાએલા હોય છે, કુમળી શૈયા તેને કંટક સમાન ભાસે, હું મારી કીર્તિને કલંકિત કરવા નથી માગતો.

**મંત્રી**—મહારાજ ! આપ ગમે તે માનો, આ કાર્યમાં જગડુશાહની સામે લડવા આપને કોઈ સહાય નહિ કરે.

**પીઠદેવ**—શું બધા રાજાએ એનાથી ડરી ગયા હશે ?

**મંત્રી**—મહારાજ ! જગડુશાહની કીર્તિનો સૂર્ય આજે સોળે કળાએ ખીલી રહ્યો છે.

**પીઠદેવ**—મંત્રી ! હું આજે સિંધુરાજને મળવા જવાનો છું, માટે વ્યવસ્થા કરો.

**મંત્રી**-જેવી મહારાજની આજ્ઞા.

( સિંધુરાજ અને પીઠદેવ મળે છે. )

**સિંધુરાજ**—આવો, આવો પીઠદેવ ! એકાએક આવવાનું કારણ ?

**પીઠદેવ**—સિંધુરાજ ! હું તમારી પાસે મિત્રતાના હકે મદદ માટે આવ્યો છું.

**સિંધુરાજ**-શાની મદદ ?

**પીઠદેવ**—જગડુશાહે મારૂં અપમાન કર્યું છે, તેણે બંધાવેલો ભદ્રેશ્વરનો કિલ્લો હું ફરી તોડી પાડવા માંગુ છું.

**સિંધુરાજ**—પીઠદેવ ! હું નથી માની શકતો, કે જગડુશાહ જેવો માણસ તમારૂં અપમાન કરે.

**પીઠદેવ**—સિંધુરાજ ! જગડુશાહે મને મોકલેલો સંદેશો આપે સાંભળ્યો છે ?

**સિંધુરાજ**—હા, મેં જાણ્યું છે.

**પીઠદેવ**—શું તે મારૂં અપમાન નથી ?

**સિંધુરાજ**—સાંભળો, પીઠદેવ ! જગડુશાહની ગેરહાજરીમાં તમે કિલ્લો તોડી પાડવાનું અવિચારી સાહસ કર્યું ન હોત તો આ સંદેશો તમારે સાંભળવો ન પડત.

**પીઠદેવ**—સિંધુરાજ ! શૌર્ય તો વીરપુરૂષનું ભૂષણ છે.

**સિંધુરાજ**—નહિ પીઠદેવ ! ન્યાય અને ક્ષમા એ વીરપુરૂષનાં ભૂષણો છે, પહેલાં અન્યાય તમેજ કર્યો છે, પીઠદેવ એ કિલ્લો એવો તો એનમુન અને મજબૂત થયો છે કે, એ કિલ્લાનો નાશ કરવો એ બચ્ચાના ખેલ નથી, અને આવા જુલ્મી કાર્ય માટે સિંધુરાજ મદદ પણ શી રીતે આપે !

**પીઠદેવ**—ત્યારે મારે શું શાન્ત બેસી રહેવું ?

**સિંધુરાજ**—પીઠદેવ ! હંમેશાં શક્તિ જોઇને હિંમત કરવી, તમે મારા મિત્ર છો, તેથી મારે તમને સાચી સલાહ આપવી જોઇએ, કે જગડુશાહ જેવા બહાદૂર નરની સાથે બાથ ભીડનારનો નાશ જ હોય, જો તમે તમારો નાશ ઇચ્છતા હો, તો તમે ભદ્રેશ્વરના કિલ્લાને તોડવાનું સાહસ કરજો, પણ મારી તો તમને ફરીથી સલાહ છે કે, તમો એ વિચાર માંડી વાળો, અને એકાદ વખત છુપા વેશે ભદ્રેશ્વરના કિલ્લાનું અવલોકન કરી આવશો એટલે તે કિલ્લો અજેય છે, તેની કલ્પના આવશે.

( જુદા પડે છે )

## પ્રવેશ ૫ મો
## બંધવ બેલડી

**રાજ**-મોટાભાઇ પ્રણામ !

**જગડુશાહ**-રાજ, આવ ભાઇ, આજ આટલો વહેલો કેમ ? ઉદાસ કેમ દેખાય છે ? તારે વળી શી ચિંતા છે ? આજે દંપતી લડી પડયાં નથી ને ?

**રાજ**-વડિલબંધુ ! તમે તો મારા પિતા તુલ્ય છો. તમેજ મને સંસ્કાર અને શિક્ષણ આપ્યું છે પણ.......

**જગડુશાહ**-પણ શું સંકોચ ન રાખ મનમાં જે વાત હોય તે કર તું તો મારો નાનો ભાઇ છે. પણ મારે મન તો તું મારા પુત્રથી વિશેષ છે, અને મારે બીજું કોણ છે ? પુત્રી તો કર્મયોગે વિધવા બની છે. તું, તારાં બાળકો મારાંજ છે ને ?

**રાજ**-મોટાભાઇ હું બધુંય સમજું છું, પણ રાજલ્લ સમજતી નથી.

**જગડુશાહ**-પણ રાજલ્લને શું જોઈએ છે ? ઘર-બાર રાચ—રચીલું ધન—ધાન્ય જર—જવેરાત સોના-ચાંદી ખેતર-પાદર બધું તો તેનું જ છે. છતાં-

**રાજ**-મુરબ્બી, રાજલ્લને પોતાના બાળકોની ચિંતા થઇ પડી છે.

**જગડુશાહ**-રાજ ! એ બાળકો તો મારાંજ બાળકો છે હું મારા જીવથી તેમને વિશેષ ગણું છું. આ બધું હું તમારા માટે જ મૂકી જવાનો છું ને ? મારે કયો વસ્તાર છે ? હા, તારી ભાભી સાથે ન રહેવું હોય તો મારો ઉપાય નથી.

**રાજ**-બંધુ ! મારાં ભાભી તો માતા તુલ્ય છે. તેમને અમારા પ્રત્યેનો પ્રેમ તો અનુપમ છે તેમનો માયાળુ સ્વભાવ, વિશાળ દિલ, હસતું વદન અને પ્રેમભાવ તો અજેય છે.

**જગડુશાહ**-તો પછી છે શું ? રાજલ્લની જુદા થવાની હઠ છે ને ? સમજ્યો, સમજ્યો, આ કિલ્લો બંધાવી લાખ ખરચ્યા. આ મંદિરમાં લાખ ખર્ચાશે, આ રાજા-મહારાજા, મહેમાન-પરોણાને માટે ખર્ચ થાય છે. મારો હાથ જરા વિશેષ છુટો છે. મારી પાસે આવનાર કોઇ પાછો જતો નથી. હું માગ સ્વામીભાઇઓને ભૂખ્યાં જોઇ શકતો નથી, જે પુણ્યથી લાખો મળ્યા છે તે ભંડારમાં ભરી રાખવા કે પટારામાં પૂરી રાખવા માટે નથી, પણ ધર્મ, દેશ, રાષ્ટ્ર અને માનવ કલ્યાણ માટે છે, તેમ હું માનું છું. જો તે તમને કે રાજલ્લને પસંદ ન હોય તો હું લાચાર છું.

**રાજ**-વડીલ ! એમ ન કહો.

**જગડુશાહ**-એમજ છે નહિ તો એકજ માતાના ધાવણથી ઉછરેલા ભાઈઓ શા માટે એક બીજાથી વિખુટા પડવાની ભાવના સેવે ! એકજ પિતાના સંસ્કારે રંગાએલા બન્ને પુત્રો શા માટે જુદા થવા કલ્પના કરે ! આ વિચારથી મારૂં હૈયું તો વલોવાઇ જાય છે, ભાઈ ! મારો આત્મા દુભાય છે, બાળકો મને પ્રિય નથી ? આ લક્ષ્મી હું સાથે લઇ જવાનો છું ? મારા કલ્યાણ કામોમાં તારો પુણ્યનો હિસ્સો નથી ? એક કુટુંબને છિન્નભિન્ન કરવું છે શું ? મારૂં જીવન તારે ઝેર કરવું છે શું ?

**રાજ**-હું તો જુદા થવાની કલ્પના પણ ન કરૂં.

**જગડુશાહ**-રાજ ? તું તો ભોળો છે. પણ રાજલ્લને કહેજે, કોણ કોના નસીબે વાપરે છે. કોણ કોના નસીબે પામે છે ? આપણી લક્ષ્મી શું આપણી છે ? જાણો છો ને ? કરોડો કમાનાર બધું છોડી ચાલ્યો જાય છે, સગાઓ તો સ્મશાન સુધી જાય છે પણ લક્ષ્મી પટારામાંથી નજર પણ ઉંચી કરતી નથી. સત્કર્મ, સેવા અને આત્મકલ્યાણનું ભાથું જ સાથે આવે છે. ઘેર ઘેર ભટકતી ચંચળ લક્ષ્મીના મોહમાં અંધ બનીને આપણી કીર્તિને, કુળને કલંકિત કરવાની લોભવૃત્તિ જાગશે, તો તો જીવતર ઝેર બની જશે. તારી ભાભી તને માતાની ખોટ જણાવા દે છે ? પ્રીતિમતી જેવી ભત્રીજી પ્રાપ્ત કરવા વરસોનાં તપ કરવા પડે.

**રાજ**-મોટાભાઇ, મારી ભૂલ થઇ મને માફ કરો.

**જગડુશાહ**- એમાં તારો દોષ નથી. રાજલ્લને લક્ષ્મીની ભૂખ જાગી છે, પણ સાંભળ, ભગવાન ઋષભદેવને લક્ષ્મી ઓછી હતી ? ભગવાન નેમનાથ અને ભગવાન મહાવીરે રાજપાટ શા માટે ત્યજ્યાં ? ભગવાન ઋષભદેવને બાળકો નહોતાં ?.

લક્ષ્મી અને સંતતીને ત્યાગનાર એ મહાપુરૂષોએ

ભૂલ કરી હતી ને ? ક્ષણભંગુર દેહ અને માયાવી મોહમાં ફસાઇ આ જીવતર આપણે વેડફી નાખવાનું છે ?

સાંભળ ભાઈ,

લક્ષ્મી નથી તે કહે છે કે અમારે ધર્મકાજે ધન વાપરવું છે, મંદિરો બંધાવવાં છે. ગરીબો માટે અન્નક્ષેત્રો ખોલવાં છે, વાવ, કુવા, ધર્મશાળાઓ બંધાવવી છે, સંઘો કાઢવા છે, વિદ્યામંદિરો સ્થાપવાં છે, યાત્રાઓ કરવી છે, પણ પરમાત્માએ અમને લક્ષ્મી નથી આપી તેથી લાચાર છીએ, જ્યારે તારી પાસે, રાજલ્લ પાસે કરોડો છે. રિધ્ધિ, સિધ્ધિ તારી રાજલ્લના ચરણ આગળ પડી છે, તેનો ઉપયોગ થતો જોવાતો નથી. કોઇ ભાગ્યશાળી જીવજ લક્ષ્મીનો કલ્યાણ માટે ઉપયોગ કરે છે.

લક્ષ્મી છાતીએ નહિ બંધાય.
સાથે નહિ કેઇ જવાય.
કરો કલ્યાણનાં કામો;
લક્ષ્મી તો જવાની છે.
માનવતાને જગાડો;
દુઃખીનાં દર્દ પીછાનો
ભાઇ ભાઈને બચાવો;
સળગતા સમાજને ઠારો.
સ્નેહ સૌરભ મહેકાવો;
સર્વોદયનાં ઝરણાં રેલાવો.
જીવતર ધન્ય બની જશે;
સ્વર્ગ નીચે ઉતરી આવશે.

(પડદો પડે છે.)

—અપૂર્ણ.


# નવરસ ગ્રંથાવલિનાં સુંદર પ્રકાશનો

જેની અનેક પત્રોએ તેમજ વિદ્વાનોએ મુક્તકંઠે પ્રશંસા કરી છે તે-

**ત્યાગવીર શાલીભદ્ર**

: લેખક :

ચંદુલાલ એમ. શાહ

મૂલ્ય રૂા. ૪-૦-૦ ટપાલખર્ચ જુદું

જેમાં સંસાર જીવનની અનેક સમસ્યાઓ છુપાએલી છે તે :

**ગરીબીનું ગૌરવ**

લેખક : શાંતિકુમાર જ. ભટ્ટ M. A.

સંપાદક : મુંબઈ સમાચાર (સામાહિક)

મૂલ્ય : રૂા. ૪-૮-૦ [ટપાલ ખર્ચ જુદું.]

એકજ મહામોલા નવકારમંત્રે જેને અગ્નિમાંથી બચાવી લીધો તે :

**પુણ્યાત્મા અમરકુમાર** નું જીવન સમજાવતી સુંદર સંસ્કારી નવલકથા

લેખક : ચંદુલાલ એમ. શાહ મુલ્ય રૂા. ૪-૮-૦

: લખો :

નવરસ ગ્રંથાવલિ, : ૨૨૦, કીકાસ્ટ્રીટ, મુંબઇ. ૨

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરોડ, ફુવારા સામે, અમદાવાદ.

સોમચંદ ડી. શાહ. પાલીતાણા.

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
કીકા સ્ટ્રીટ, ગોડીજીની ચાલી, મુબઈ ૨

રત્નાણી એન્ડ કંપની
બાબુગેનુ રોડ, કાલબાદેવી રોડ. મુબઇ ૨




આવો આવો આમ, હે મિત્રો ! તમામ.

પ્રિય મિત્રો ! ગયા મહિને આપણે મલી શકયા ન હતા. આજે બે મહિને ફરી પાછા આપણે મલીએ છીએ. તમને બરાબર ખ્યાલ હશે કે, પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વના પવિત્ર દિવસો હવે નજીકમાં આવી રહ્યા છે. આત્માને પાપના મલથી દૂર કરી, નિર્મલ બનાવનારૂં આ પર્વ, દર વર્ષે આપણા જીવનમાં આવે છે.

આ વેળા પર્યુષણા પર્વની સુંદર પ્રકારે આરાધના કરજો, પૂજા, પ્રતિક્રમણ, સામાયિક, પૌષધ, તપ, જપ તથા વ્યાખ્યાન શ્રવણ કરી પર્વને દીપાવજો ! આવા પર્વ દિવસોમાં જુગાર, પાના રમવાં, નિંદા, મશ્કરી, આ બધાં પાપોથી દૂર રહેજો. તમે જાણુતા હશો કે, બાલ્ય-વયમાં જો આવી ખરાબ કુટેવો જીવનમાં પડી જાય તો આખું યે જીવન બરબાદ થાય છે, તે ભૂલતા નહિ.

દોસ્તો ! 'કલમ કે દોસ્તો'નું મંડળ સ્થાપવાનો આપણે જે નિણય કર્યો છે, તેને અંગે ઘણાયે બાલમિત્રો વિગતો પૂછાવે છે, તો જવાબમાં જણાવવાનું કે, આ મંડળની સભ્ય ફી વાર્ષિક ચાર આના છે. સભ્ય ફી ભરી મંડળમાં સભ્ય તરીકે નામ નોંધાવનારનાં નામો 'બાલજગત'માં ક્રમશઃ પ્રસિધ્ધ થતાં રહેશે. પત્રવ્યવહાર કરવામાં નંબર યાદ રાખવો જોઇશે. મંડળના સભ્ય બનનારને ખાસ લાભ એ કે, જ્યારે જ્યારે મંડળ તરફથી નિબંધ હરિફાઇ જાહેર થશે, ત્યારે તેમાં આ નોંધાયેલા સભ્યોજ ભાગ લઇ શકશે. એવી એક નિબંધ હરિફાઇ આ અંકમાં પ્રગટ થઇ છે, તો તમે બધા જલ્દી-જલ્દી સભ્ય ફી મોકલી, મંડળના સભ્ય બનો !

મિત્રો ! 'બાલજગત' માટે સર્વ શ્રેષ્ઠ વાર્તા, નિબંધ કે પ્રવાસ વર્ણન માટે વર્ષ આખરે પસંદ કરી તેના લેખકોને પારિતોષિકો આપવાની જે જાહેરાત આપણે કરેલી હતી, તેમાં તો કોઈ પણ 'બાલજગત'ના શુભેચ્છકો ભાગ લઇ શકે છે, પણ 'બાલજગત'માં લેખ લખી મોકલનારાઓને સૂચના કરવાની કે, લેખ જેમ બને તેમ ટૂંકો, મુદ્દાસરનો તથા કોઇ પણ પુસ્તકમાંથી ઉતારીને નકલ કરેલો ન હોવો જોઇએ. કાગળની એકજ બાજુ શાહીથી લખવો જોઇએ, ભરચક લખાણ અને હાંસીયા કે પેરેગ્રાફો પાડયા વિનાનાં લખાણો ઉપર ધ્યાન દેવામાં નહિ આવે. હરિફાઇ માટે લેખો મોકલનારે લેખના મથાળા પર ' સર્વ શ્રેષ્ઠ લેખ હરિફાઇ 'બાલજગત' માટે ' આ રીતે લખાણ લખીને લેખો મોકલવા. આ બધી સૂચનાઓનો અમલ કરીને જેઓ લેખો મોકલશે, તેઓના લેખોને સ્થાન મળશે. સૂચના પર ધ્યાન નહિ આપનારના લેખો રદ-બાતલ ગણાશે.

પ્રિયમિત્રો ! પર્યુષણની આરાધના કરીને, સંવત્સરીના માંગલિક દિવસે સંવત્સરી પ્રતિક્રમણ ભાવપૂર્વક કરી, સહુને શુદ્ધ, નિર્દોષ ભાવે ક્ષમાપના કરજો, કોઇની સાથે આમળો, ડંખ કે દ્વેષ નહિ રાખતાં. માનવ જીવન ટૂંકું છે, આયુષ ચંચલ છે, માટે હૃદય નિષ્પાપ, પવિત્ર તથા ગંગા પ્રવાહ જેવું સ્વચ્છ રાખજો ! એમાંજ માનવની મોટાઇ છે, એ રખે ભૂલતા !

વહાલા બંધુઓ ! 'બાલજગત'ના 'એ શું કરે ?' વિભાગે વાંચકોનું ઠીક-ઠીક આકર્ષણ જમાવ્યું છે, એમ અમારા પર આવતા થોકબંધ લેખો, પત્રો વગેરે પરથી કહી શકાય છે. તમે કોઇ પણ વિષય પર વિચાર કરીને તમારા વિચારો છુટથી રજુ કરી શકો, અને તમારી બુદ્ધિની કસોટી થાય, તમને નવું-નવું જાણવાનું મળે, આ જ એક આશયથી આ વિભાગ રજુ થાય છે, વાંચકોની માંગણીને વશ થઇ 'કલ્યાણ' માં 'એ શું કરે ?' નો વિભાગ સ્વતંત્ર રીતે પ્રસિધ્ધ કરીએ છીએ.

મિત્રો ! 'લેખન હરિફાઈ' માં ભાગ લેનારે પોતાનું નામ, ઠામ, વય, અભ્યાસ અમને લખી મોકલવા જોઇએ, તો જ તે લેખમાં પ્રગટ થયેલા વિચારો, લેખની શૈલી આદિ પરથી તેના લેખકને ન્યાય આપી શકાય.

દોસ્તો ! પર્વાધિરાજના મંગલ દિવસોમાં તમે તેની નિર્મલ આરાધનામાં જોડાઇ જશો. સવત્સરી પ્રતિક્રમણ કરીને સહુ ખમાવશો, એ વેળા અમે તમને બધાયને ખમાવવા પહોંચી શકીએ તેમ નથી, માટે આજે તમારી સહુની સાથે ક્ષમાપના માંગું છું, તમે સહુ અમને ક્ષમાપના આપજો ! કેમ બરાબર છે કે ? લ્યો ત્યારે હવે પર્યુષણા પર્વ પછી આપણે મળીશું, જય જય નમસ્તે !

*

## લેખકોને:

'એ શું કરે ?'ના અંગે લેખો મોકનારાઓએ 'એ શું કરે ?' વિભાગ ધ્યાનપૂર્વક વાંચી લેવો, 'કલ્યાણ' માં તેમજ 'બાલજગત' માટે લેખો મોકલનારાઓએ 'અમે અને તમે' વિભાગ જોઇ લેવો.

## 'કલમ કે દોસ્તો' મંડળની નિબંધ હરિફાઈ

નિયમ : મંડળના જે સભ્યો સત્તાવાર રીતે નોંધાયા હશે, તેઓ જ આ હરિફાઇમાં ભાગ લઇ શકશે, સભ્યની વય ૨૦) ની ઉપર ન હોવી જોઇએ, સભ્ય ફી વાર્ષિક : ૦-૪-૦

### વિષય : તમારી પાસે રૂા. ૫) લાખ હોય તો તમે આજે એનો ઉપયોગ શો કરો ?

તા. ૧૫-૧૦-૫૨ સુધીમાં આ વિષય પર જે સભ્યો ફુલ્સકેપ ૩ પાનાનો નિબંધ લખી મોકલશે, તે નિબંધ સ્વીકાર્ય ગણાશે, જેનો નિબંધ પરીક્ષક સમિતિ પસંદ કરશે તેને રૂા. ૧૧) નાં પુસ્તકો ભેટ મોકલાવાશે. નિબંધ સ્વતંત્ર હોવો જોઇએ, નિબંધ મોકલતી વેળા લેખકનું નામ-ઠામ, વય, અભ્યાસ આદિ સાથે લખી મોકલવાં. નિબંધના મથાળે 'કલમ કે દોસ્તો' મંડળની નિબંધ હરિફાઇ માટે' આટલું લખવું. નિબંધને પ્રસિધ્ધ કરવાનો હક્ક હરિફાઇ યોજકોનો રહેશે, એક કરતાં વધારે નિબંધ પસંદ પડશે તો બધા વચ્ચે રૂા. ૧૫) સુધીનાં પુસ્તકો ભેટ મોકલાવાશે.

વ્યo 'બાલજગત' કલ્યાણ પ્રકાશન મંદિર;
પાલીતાણા [સૌરાષ્ટ્ર].

## દેહનો સાર તપ છે.

જે શરીર કેવળ અશુચિથી ભરપુર છે. નિરંતર અશુચિ વહ્યા કરે છે. સ્વાદિષ્ટ અન્ન પણ ખાધા પછી વિષ્ટા રૂપે પરિણમે છે, પવિત્ર શુદ્ધિ કરનાર ગાયનું દૂધ પણ મૂત્ર રૂપે થાય છે. મોટા દિવસોમાં સુગંધી દ્રવ્યો કે તેલો-અત્તર શરીરે ચોપડવાથી તે શોભાને પામતું નથી પણ વ્રતતપ આદિથી શોભાયુકત થાય છે. તેથી ડાહ્યા માણસોએ અશુચિમય હોવા

છતાં શરીર, મોક્ષ સુખ આપવાને સમર્થ છે, તે તેમાંથી મેળવવાનું છે. ચાર ગતિમાંથી જો સુખ મેળવવું હોય તો કેવળ મનુષ્ય ગતિજ છે. દેવતાઓ પણ મનુષ્યના દેહની ઈચ્છા કરે છે, તેઓ સંયમ, વ્રત, નિયમ પાળી શકતા નથી. સર્વવિરતિ સંયમ મનુષ્ય દેહ સિવાય બીજા દેહમાં નથી. સંયમ–ચારિત્ર વિના મોક્ષ મળવો સુલભ નથી. માટે આ દેહનો ઉપયોગ વ્રત-સંયમ–ચારિત્રાર્થે કરવામાં આવે તોજ દેહની ખરી સાર્થકતા કહેવાય. પર્યુષણ નજીક આવી રહ્યાં છે. સૌએ શક્તિ પ્રમાણે વ્રત, તપ કરવાં અને સર્વશ્રેષ્ઠ પર્યુષણ પર્વનું ચોથું આવશ્યક કૃત્ય 'અઠ્ઠમની તપશ્ચર્યાનું વિધાન શ્રી જિનેશ્વર ભગવંતોએ કરેલું છે. ન બને તો છેવટે સાઠ નવકારવાળી ગણી આપવી જોઇએ. નહિતર જિનેશ્વર ભગવંતની આજ્ઞા ઉલ્લંઘનનો દોષ લાગે છે. નાગકેતુ અઠ્ઠમ તપના પ્રભાવે તેજ ભવને વિષે પ્રત્યક્ષ ફળને પામ્યા છે, તે આપણે વ્યાખ્યાનમાં (પર્યુષણ પર્વમાં) શ્રવણ કરીશું. નાગકેતુની માફક તમે પણ તમારા દેહને ખવડાવવા–પીવડાવવાનું બંધ કરી પર્વના દિવસોમાં વ્રત–પ્રત્યાખ્યાન કરી '**देहस्य सारं व्रतधारणं च**' એ કથન સત્ય કરશો !

—શ્રી પ્રવીણચંદ્ર મ. શાહ.

## મંત્રનો મહિમા

સુંદરપુર નામે એક ગામ હતું, તે ગામમાં જૈનના ૧૫ થી ૨૦ ઘર હતાં. સુંદરપુરથી ૫ માઇલ દુર એક મોટું અને ભયાનક જંગલ હતું. આ જંગલમાં વાઘ કે વરૂનો ભય નહોતો, પણ ચોર અને લુંટારૂનો ભય હતો.

એક વાર સુંદરપુરમાં બે મહારાજ સાહેબ વિહાર કરતા–કરતા આવી પહોંચ્યા. મહારાજ સાહેબે ગામના લોકોને સારો ઉપદેશ આપ્યો. જ્યારે મહારાજ સાહેબ વિહાર કરી જંગલને રસ્તે બીજે ગામ જવા લાગ્યા ત્યારે ગામવાલાઓએ કહ્યું, એ રસ્તે ન જશો, કારણ કે ત્યાં ચોર–લુંટારૂનો ભય બહુ છે ત્યારે મહારાજ સાહેબે કહ્યું, ચોર અમારી પાસેથી શું લેવાના છે ?'

જ્યારે મહારાજ સાહેબ ભર જંગલમાં આવ્યા ત્યારે તેમને ચાર ચોર મળ્યા અને કહ્યું. 'એ બાવા. તમારી પાસે જે હોય તે આપી દો' ત્યારે મહારાજ સાહેબે કહ્યું 'હું તમને કંઈક આપીશ' આમ કહી તેમને ચોરોને મહાન પુરૂષના જીવન ચરિત્રો સંભળાવ્યાં. આ સાંભળી ચોરો પૂ. મુનિવરોનાં ચરણોમાં પડયા, અને ક્ષમા માગી અને કહ્યું, 'અમને બચાવો ! આથી મહારાજ સાહેબે કહ્યું, તમે જૈનધર્મનું રહસ્ય સમજી સાધો ત્યારબાદ ચારે ચોરોએ જીવનને પવિત્ર કર્યું. અનાચાર ત્યજી સદાચારનો માર્ગ સ્વીકાર્યો.

—શ્રી ગુણવંતકુમાર સી. શાહ,

## હાથે તે સાથે

એક વાણિયો હતો. તેને ચાર દીકરા હતા. તે છોકરાઓ જ્યારે ઉંમર લાયક થયા, ત્યારે વાણિયાએ છોકરાઓને મિલ્કત સરખે ભાગે વહેંચી આપી અને થોડીક મિલ્કત પોતાની પાસે રાખી. અને વિચાર કર્યો કે, આ મિલ્કતમાંથી આવતા વર્ષે દવાખાનું, પાઠશાળા વગેરે સંસ્થા ખોલીશ.

એવામાં વાણિયો એકાએક માંદો પડ્યો. બોલવાનું બંધ થઇ ગયું, ઇશારાથી છોકરાઓને સારા માર્ગે ધન ખર્ચવાનું કહ્યું, પણ છોકરાઓએ સ્વાર્થને લીધે તે તરફ કંઇ ધ્યાન આપ્યું નહિ, આથી વાણિઆને ઘણો આઘાત લાગ્યો, આવી સ્થિતિમાં વાણિયાના પ્રાણ ચાલ્યા ગયા, મનની ઈચ્છા મનમાં રહી ગઇ; જો તેણે ઇચ્છા થતાંજ પૈસાનો ઉપયોગ પોતાને હાથે કર્યો હોત તો આવી સ્થિતિ ન થાત, પણ કહેવત છે કે, 'હાથે તે સાથે' માટે સમજો. જીંદગી ક્ષણની છે, જીંદગી પર ભરોંસો નહિ રાખો, જો સારા કામમાં પૈસા વાપરવાની મરજી થાય તો તે કામ તરત કરી લો, વખત ગુમાવવો નહિ, ગયેલો સમય ફરી આવતો નથી.

શ્રી રસિકબાળા લાલજી શાહ:

## પ્રમાણિકતાનો પૈસો.

એમનું નામ હતું અમૃતલાલ. નાનકડા ગામડામાં રહેતા, છતાં પણ 'સંસ્કાર અને વિવેક' માં એમની જોટે કોઇ આવે નહિ, તેમનામાં નામ પ્રમાણે ગુણો હતા.

ગામડામાં 'કપાસ' તેમજ બીજી પરચુરણ વસ્તુનો વેપાર કરતા. પુણ્યયોગે તેમને સારી એવી લક્ષ્મી પ્રાપ્ત થઇ હતી. તેથી તેમણે દેવપૂજા માટે પોતાના ગામમાં સુશોભિત દેરાસર બંધાવ્યું. તેમજ ગરીબ, દુઃખી દરિદ્રોની અનુકંપામાં તેમણે લક્ષ્મીનો સદુપયોગ કર્યો હતો, આમ સત્કાર્યમાં લક્ષ્મીનો ઉપયોગ થવાથી તેમને લક્ષ્મી વધુ પ્રાપ્ત થવા લાગી.

ફક્ત ગુજરાતી ત્રણ જ ચોપડીઓ ભણેલા છતાં એમનામાં તેજસ્વિતા, નિડરતા, ચપળતા, આવા ઉત્તમ ગુણો જોઇને દરેક લોક એમની તારીફ કરવા લાગ્યા, કે આવા ગામડીયાને ઉત્તમ ગુણોના પાઠ કોણે શીખવ્યા. ચતુરાઇ, બુદ્ધિ અને ચર્ચાના વિષયમાં તો તે ભલભલાને પાણી પાય. અસત્ય, હિંસા, ચોરી, સામાને નુકશાન કરવું વગેરે બાબતો પર તેમને પહેલેથી જ અણગમો હતો.

સત્ય અને પ્રમાણિકતાના તો એ પૂજારી હતા. એકદા શેઠને ત્યાં ચાર ચોર આવ્યા અને શેઠને કહ્યું, રૂા. ૫૦૦૦) આપી દો, નહિ તો ગોળીએ ચઢાવીશ.

શેઠે કહ્યું કે, લ્યો ભાઇ...હવે કાંઇ વધુ.

ચોરો તો આ જવાબથી નવાઇ પામી ગયા, અને તેમાંનો એક જણ બોલી ઉઠયો, 'દેખાય તો છે, યુક્તિબાજ.'

ચોરો તો પલાયન થઇ ગયા, અને વાત વાયે ચાલી; દરેક કહેવા લાગ્યા કે, અમૃતલાલ શેઠના ઘરમાં ચોરી થઇ, વાતવાતમાં ગામ ભેગું થઇ ગયું, અને કહેવા લાગ્યું કે, જાહેરાત કરો, ત્યારે શેઠે ઉત્તર આપ્યો, ભાઇ શું કામ 'ખાતર ઉપર દીવેલ' સત્ય અને પ્રમાણિકતાનો પૈસો કોઇ પચાવી શક્યું નથી. હવે ચોરો તો આનંદમાં નિદ્રાને ખોળે પડયા, પરંતુ ઝુટવેલો આનંદ નિદ્રામાં ખલેલ કરતો હતો. તેઓને તે જ રાત્રીએ સ્વપ્નું આવ્યું કે, પ્રમાણિકતા અને સત્ય જ્યાં છૂપાયાં છે, તે લક્ષ્મી તમને પચી શકશે નહિ, ચોરો લવી ઉઠયા, 'પચશે નહિ ! પચશે નહિ !' એટલે તેઓ વહેલી સવારે શેઠને આંગણે આવ્યા, અને તેમના પૈસા સુપ્રત કર્યા, અને શેઠ પાસે માફી માગી, અને કહ્યું કે,

આજથી અમો એક નવો પાઠ શીખ્યા છીએ કે, જે માણસ અનીતિનું ધન લે છે, તેની હાલત બૂરી થાય છે, પરંતુ સત્ય અને પ્રમાણિકતાનો પૈસો વાપરવા છતાં તે પુષ્કળ વૃદ્ધિમાં વધારો કરે છે.

ત્યારથી જ તેઓ ચોરી, લૂંટફાટનો ત્યાગ કરી સત્ય અને પ્રમાણિકતાના પંથે પડયા.

—શ્રી શાંતિલાલ ચંદુલાલ શાહ:

## ત્રણ વસ્તુઓ.

વસ્તુઓ કેળવો:-ડહાપણ, દયાભાવ અને સદ્ગુણ.
વસ્તુઓ શીખો:-સત્ય, સહનશીલતા અને સમર્પણ.
વસ્તુઓ ચાહો:-હિંમત, ઉદારતા અને નિઃસ્વાર્થતા.
વસ્તુઓ અંકુશમાં રાખો:-મીજાજ, જીભ અને વર્તન.
વસ્તુઓની કદર કરો:-સૌજન્ય, નમ્રતા અને સારો સ્વભાવ.
વસ્તુઓને બચાવો:-માન, દેશ અને મિત્રો.
વસ્તુઓ તિરસ્કારો:-ક્રૂરતા, અજ્ઞાનતા અને કૃતઘ્નતા.
વસ્તુઓનું અનુકરણ કરો:-કામ, ખંત અને વફાદારી.
વસ્તુઓથી દૂર રહો:-જુગાર, વ્યસન અને ચોરી.

—ગુલાબદાસ:

## ડોશીમાની વાતો.

એક વૃધ્ધ ડોશીમા જરા બહેરાં અને બોલકાં હતાં, તે આંગણા આગળ છાણાં થાપતાં હતાં, એવામાં તેનો કોઇ સ્નેહી આવી ચઢયો, તેણે પૂછ્યું. 'કેમ ડોશીમા શાં ખબર છે?' ડોશીમાએ તેનું કહેવું સાંભળ્યું નહિ, અને ઉત્તર આપ્યો; 'ભા. છાણાં થાપું છું' સ્નેહીએ કહ્યું. 'છૈયા-છોકરાં સારાં છે?' ડોશી બોલી; 'જેટલા થાય તેટલાં બાળું છું' ડોશીમા સાંભળતાં નથી, તેમ ધારીને જોરથી કહ્યું. 'બાજી તમારે ઘેર તો દીકરાને ઘેર દીકરા અવતર્યા, તેથી તમારાં ધનભાગ્ય.'

**ડોશી**–અરે ભા ! મારા મો'માં ધૂળ પડી.

**સ્નેહી**-કેમ માડી ?

**ડોશી**–કેમકે આજસુધી જે કાંઇ મિષ્ટાન્ન આવે તેમાંથી મને પણ મળતું, હવે તો નાના બાળકને મૂકીને મને કોણ આપે ?

**સ્નેહી**–ડોશીમા એવું શું બોલો છો ? એ તો ઘડપણમાં તમારી ચાકરી કરશે.

**ડોશી**-ભાઈ ! કોણ જાણે કે તે ચાકરી કરશે કે લાકડી મારશે ?

**સ્નેહી**–તમારો દીકરો તમારી બરાબર સંભાળ લે એવો છે.

**ડોશી**-એ તો લોચો-પોચો સાડીનો, ને છેલ-છબીલો લાડીનો !

**સ્નેહી**–તો ય કાંઇ મા ઉપરનો પ્રેમ જાય ?

**ડોશી**–ચકલી પોતાના બચ્ચાને ખવરાવવા ચાંચમાં દાણા લાવે છે, અને તેને કાળજીપૂર્વક ઉછેરે છે, બચ્ચુ મોટું થયા પછી માળામાંથી ઉડી જાય છે, ને માને પછીથી ઓળખતું પણ નથી.

**સ્નેહી**–એ તો ખરું, પણ મનુષ્યજાત એવી હોતી નથી.

**ડોશી**–સઘળા મનુષ્યો એવા ન હોય, પણ કેટલાક તો ગરજ સરી એટલે વૈદ્ય વેરી થઇ જાય છે, કેટલાક એવા હોય છે કે, ઘરડા માવતરને મારવા તૈયાર થાય છે, કેટલાક તો વહુ ઘરમાં આવી એટલે જુદા જ થાય છે.

**સ્નેહી**-પણ તમારા પુત્રવધૂ તો ભલાં છે ને ?

**ડોશી**–ભલા હતા ત્યારે હતાં, પણ હવે તો બકરી આદુ ખાતાં શીખી છે, સામા શીંગડાં મારતાં વાર નથી લાગતી, પણ ભાઇ આપણે શું ? ભેંસના શીંગડાં ભેંસને ભારે, એને જ્યારે સાસુ થવાનો વખત આવશે ત્યારે ખબર પડશે ?

**—શ્રી કાંતિલાલ ગુલાબચંદ-ધ્રાંગધ્રા:**

## ત્રણ આશ્ચર્યો !

ખુલ્લાં જેનાં નવ દ્વારો, પાંજરે પ્રાણ પંખીડું;
પુરાઇ રહે તે કૌતુક. ઉડી જાતાં નવાઇ શી !

નવ દરવાજા વાળું પાંજરૂ શરીર છે વળી નવે દરવાજા ખુલ્લા પડયા છે, એ એકેય બંધ નથી. તોપણ પ્રાણરૂપી પક્ષી તેમાં પુરાઇ રહે છે, અને ઊડી જતું નથી અને માણસો ઊંધી સમજને લીધે ઊડી જવાની ઘટનાને આશ્ચર્યકારક ગણે છે તે આશ્ચર્ય.

રોજનેરોજ જાયે છે, પ્રાણીઓ યમ મંદિરે;
માને અમર પોતાને, એથી બીજી નવાઈશી !

રોજને રોજ જગતમાં માણસો મરતા નજરે દેખાય છે. મરનારનાં સ્નેહીઓજ મડદાને બાળે છે કે દાટે છે. આવું રોજ નજરે જોતાં છતાં પણ માણસ પોતાને અજર અમર માને છે, બાળવા જનાર કે દાટવા જનારમાંથી કોઇનેય એવો વિચાર સરખોય નથી આવતો કે એક દિવસ મારી પણ આજ ગતિ થવાની છે, એ કંઇ ઓછું આશ્ચર્ય નથી.

સાધ્ય છે ઇશ્વર નામ, જીભ છે જપવા વળી;
છતાં નર્કે પડે પ્રાણી,એથી બીજી નવાઇશી !

આ ઉપરનું ત્રીજું આશ્ચર્ય નવાઇ પમાડે તેવું છે. ઇશ્વિરનું નામ બહુજ સુલભ છે, વળી માણસને પસંદ પડે તે નામ લેવાથી પણ ચાલે તેમ છે. નામ લેવામાં કંઇ દામ બેસતા નથી તેમજ કંઈ ખાસ પરિશ્રમ પણ કરવો પડતો નથી, કારણ જીભ તેના મોઢામાંજ છે અને તેમાં હાડકું ન હોવાથી જેમ વાળે તેમ વળે તેવી છે, આટલી બધી સગવડ હોવા છત્તાં માણસો ઇશ્વરનું નામ લેતાંજ નથી. તેના જેવું બીજું શું આશ્ચર્ય હોય ?

(અખંડ આનંદ) **સં. શ્રી છનાલાલ રવચંદ.**

## તો કેવું સારૂં ?

કોઇ ઉત્સવ અથવા પ્રસંગ નિમિત્તે પોતાના મિત્રો તથા સાહેલીઓને પાર્ટીમાં આમંત્રણ આપે છે, પણ તેના કરતાં સાધર્મિક ભાઇબહેનોનું સ્વામિ-વાત્સલ્ય કરતા હોય **તો કેવું સારૂં !**

આજે ચાલતાં-હરતાં-ફરતાં ઘણાખરા સીનેમાનાં ગાયનો ગણગણતા હોય છે, પણ પૂ૦ આચાર્યો,

મુનિમહારાજે રચિત પ્રાચીન તથા ભાવવાહી પ્રભુ ભકિતનાં સ્તવનો ગાતા હોય **તો કેવું સારૂં ?**

**સીનેમા-નાટયગૃહોમાં** જવામાં મોટાઇ સમજનારા, સ્નાત્ર કે વ્યાખ્યાનમાં જવામાં ખરી મોટાઇ છે, એમ સમજતા હોય **તો કેવું સારૂ ?**

**નવા** જમાનાના યુવકો પોતાના મનપસંદ-દિલચસ્પ કપડાં પહેરવામાં તથા ટાપટીપમાં રચ્યામચ્યા રહે છે, પણ મહામંગલકારી જિનેશ્વરદેવની આંગી રચવામાં ધ્યાન આપતા હોય **તો કેવું સારૂ ?**

**આજે** ઘણીખરી બહેનો અને કેટલાક ભાઈઓ સ્નો, પાવડર વગેરે લગાડવામાં જેટલો સમય પસાર કરે છે તેટલો સમય અષ્ટપ્રકારી જિનપૂજા કરવામાં પસાર કરે **તો કેવું સારૂં ?**

**—શ્રી સેવંતિલાલ જો. શાહ-પુનાકેંપ**

## કરકસર

"તમે જાણો છો મોટામાં મોટો સદ્‌ગુણ કયો ?"

"કરકસર."

"કરકસર એટલે શું ?"

"ખપ પુરતો ખર્ચ કરવો એટલે કે નકામો ખર્ચ ન કરવો તેનું નામ કરકસર."

સમસ્ત બંધુઓએ આ ગુણ અપનાવવો જોઇએ. આપણે નાનામાં નાની ચીજનો સંગ્રહ કરવો જોઇએ, કે જે કોઇ સમયે કામ પણ આવે. આપણે તો મામુલી વસ્તુ જાણીને ફેંકી દઇએ છીએ તો તેમ ન કરવું જોઈએ, અને વસ્તુને સાચવીને રાખતાં શીખવું જોઇએ.

આપણે નાની સરખી ટાંકણી, નાનો એવો પેન્સીલનો ટુકડો કે ઝીણું એવું રબ્બર ફેંકી ન દેતાં તેને રાખી મુકતાં શીખવું જોઇએ. સમયે પાછું ખપ લાગે.

જે માણુસ પૈસો ખોટે માર્ગે, ખોટા વ્યસનોમાં મોજ-મજા, અમન-ચમન કે જુગાર જેવા દુર્ગુણોમાં વેડફે છે ને દેવામાં ઉતરે છે, તે ભવિષ્યમાં કદી પણ ઉંચો આવતો નથી, અને તેને પડી ટેવ જતી નથી.

આપણે જાણીએ છીએ કે, હુમાયુ એક મોટા રાજાનો શાહજાદો હતો છતાં પણ તેને ભિખારીની માફક ભિખ માગવાનો વખત આવ્યો. તેની પાસે ઘણાં રાજ્યો હતાં, તો આમથી તેમ શા માટે ભટકવું પડયું...?

"શું તે પણ મોજ-મજા, વૈભવમાં રચ્યો પચ્યો રહેતો હતો ?"

"હા......તેથીજ તેની આવી કફોડી સ્થિતિ થઇ હતી." આવા આવા તો ઇતિહાસમાં કેટલાય દાખલાઓ જોવા મળે છે.

'જ્યારે માણુસ સત્તાસ્થાને આવે છે ત્યારે નશાખોર, જુગારી બનતો જાય છે. મોજ-વિલાસ વૈભવમાં રચ્યો-પચ્યો રહે છે. પાયમાલીને પોતે જ આવકારી રહ્યો હોય છે.'

કરકસર માત્ર ગરીબ માટે જ નથી પણ શ્રીમંત માટે પણ છે, તેમાંય વિદ્યાર્થીઓએ તો ખાસ કાળજીપૂર્વક કરકસરથી જીવતાં શીખવું જોઇએ.

ઘણા લોકો ખપ પુરતો જ પૈસો વાપરતા હોય છે ત્યારે તેની પાસે રહેતા મિત્રો કે સંબંધી તેને શું કહે છે, જાણો છો ?

"કંજૂસાઇ...... !"

તેવા લોકોને સમજવું પડશે, કે 'કરકસર' અને કંજૂસાઇમાં ઘણો તફાવત છે. કરકસર મોટામાં મોટો સદ્‌ગુણ છે," માટે આપણે દરેકે યોગ્ય કરકસર કરીને જીવતાં શીખીએ જેથી ભવિષ્યમાં પસ્તાવાનું ન રહે.

**—શ્રી હર્ષદરાય કાન્તિલાલ શાહ**

## હઠાગ્રહ ભારે પડયો.

**સૌરાષ્ટ્ર** દેશની વાત છે. નાના સરખા એક ગામમાં એક શેઠ રહેતા હતા, તે પૈસાદાર હતા, પણ કાળની બલિહારી છે, વખત જતાં શેઠ ગરીબ જેવા થઇ ગયા.

શેઠને એક પુત્રી હતી, તેનું નામ વસુમતિ હતું, નામ જેવા તેનામાં ગુણ હતા, એકલું રૂપ કોઇક વખત અનર્થ કરી બેસે છે, પણ વસુમતિમાં તો ગુણ સાથે રૂપ હતું, તેના વિવાહ નાનપણથી જ પડખેના મોટા શહેરમાં રહેતા નગરશેઠના દીકરા સાથે

કર્યાં હતા, શેઠના પુત્રનું નામ ચંદ્રકાન્ત પૈસાદાર હોવાના કારણે અહંકારનું પુતળું હતું.

એક વખત પુત્રીવાળા શેઠે પોતાના વેવાઇને લગ્ન માટે કહેણુ મોકલાવ્યું, આ બાજુ પુત્રવાળા શેઠને એમ થયું કે, આવા ગરીબની કન્યા કોણુ લે? માટે તેમણે કહેવરાવ્યું કે, મારા દીકરાનાં લગ્ન બહુ ઠાઠમાઠથી થવાં જોઇએ. પુત્રીવાળા શેઠ તો આ સાંભળીને આભાજ બની ગયા. તેને થયું કે, ઘરે ખાવાના ઠેકાણાં નથી અને લગ્ન શી રીતે કરૂં? તે બહુ મૂંઝાયા, પણુ કરે શું, ઉપાય જ કયાં હતો? શેઠે તો વ્યાજે રૂપીયા લાવી અને લગ્ન લીધાં, લગ્નનો દિવસ નક્કી પણુ થઈ ગયો, અને જાન આવવાની તૈયારી પણુ થઇ ચૂકી હતી. જાન આવી, લગ્નની પણુ સંપૂર્ણ તૈયારી થઇ ચૂકી, લગ્નને ફક્ત બે-ત્રણુ કલાક જ બાકી રહ્યા હતા, તે વખતે વરરાજા અને બીજા મિત્રો વાતોના તડાકા મારતા હતા, તેવામાં એક મિત્રે આવીને વરરાજાને એક બાજુએ બોલાવીને, કહ્યું 'તેં તારી ભાવિપત્નિને જોઈ છે? વરરાજાએ ના પાડી, ત્યારે પેલાએ કહ્યું, 'તો તું બરોબર ફસાઇ ગયો છે, તારી સ્ત્રી તો સાવ કાળી, બુડથલ અને ગામડાની, આવી સ્ત્રીને તું પરણી જ કેમ શકે? પેલાએ તો વરરાજાને ચડાવ્યો અને કહ્યું કે 'તું જોઇતો આવ, પછી મને કેજે કે સાચું કે નહિ? વરરાજા કહે કે, મારે જવું કઇ રીતે? ત્યાં અત્યારે ઘણાં માણસો હોય, ધમાલ હોય ને હું કઇ રીતે જઉં. પેલાએ કહ્યું, તું તો સાવ અક્કલ વિનાનો જ રહ્યો. તું તારા બાપાને કહે કે, અત્યારે ને અત્યારે મારે મારી સ્ત્રીને મળવું છે.' એટલે બધું પતી જશે, આ વરરાજાને તો આટલું જ જોઇતું હતું, તેણે તો તેના પિતાશ્રીને વાત કરી. પહેલાં તો તેના પિતાશ્રીએ ના પાડી પણુ થોડી રકઝકે છેવટે હા પાડી, અને વેવાઇને બધી વાત કરી. પુત્રીના પિતા તો આ સાંભળીને હેબતાઈ ગયા કે, પરણુવાને તો ફકત ચાર-પાંચ કલાકની જ વાર છે અને ત્યાં તો બધા મહેમાનો આવી ગયા છે, અને હવે તો કોઇ-પણુ રીતે આ વાત બની શકે એવું નથી, તેણે તો વેવાઈને ઘણી આજીજી કરી, પણુ છોકરાનો બાપ એકનો બે ન થયો, છેવટે આ વાતની કન્યાને ખબર પડી, તેણે પોતાની સખીદ્વારા તેના પિતાશ્રીને બોલાવ્યા, અને કહ્યું કે, 'તમે શુ કામ ગભરાવ છો, ' આવવા દોને! હું બધું પતાવી દઇશ, પણુ તેના પિતા આ વાત કઈ રીતે માને, ઘણી રકઝક પછી આ વાત માનવી પડી અને વરરાજા જ્યાં કન્યાને પરણુવાના લુંગડા પહેરાવીને સજ્જ કરવામાં આવી હતી, તે ઓરડામાં આવ્યા. વરરાજા આવતા વેંતજ આભો બની ગયો અને કાંઇ પૂછી શકયો નહિ, થોડીવાર સુધી નહિ બોલતાં કન્યાએ પૂછયું, કેમ હું ગમી? મહા પરાણે વરરાજાએ હા પાડી. કારણુ કે મિત્રે જે કહ્યું હતું તેના કરતાં તો સાવ જુદું જ હતું. કન્યાએ કહ્યું, હું તમને ગમી તે બહુ સારી વાત છે, પણ મને તો તમે નથી ગમતા, માટે અહીંયાંથી ચાલ્યા જાવ,' વરરાજા તો આ સાંભળીને ગભરાઇ જ ગયા, બહાર ઉભેલા તેના (પુત્રીના) માતા-પિતાએ કહ્યું કે, 'પુત્રી આમ ન થાય, ઘણી સમજાવી પણુ કન્યા એકની બે ન થઈ અને વરરાજાને વીલા મોંએ પાછા ફરવું પડયું.

**—શ્રી નવનીતલાલ રતિલાલ:**

## વિચારીને વાંચો.

જોE Vચારી, સમGને વાંચો.

- Dનેશ આJ PAઠશાળાએ જવાનો છે.
- ૧૦૦મવાર A ચંદ્રનો વાર છે.
- કાનGને ાનાં રમતાં આવડે છે.
- Cતા રામચંદ્રજીનાં સુશીલ પત્ની હતાં.
- રામના Pતાનું નામ ૧૦રથ મહારાજા હતું.

**—શ્રી ચંદ્રકાંત ભોગીલાલ શાહ-ખંભાત:**

## એક પ્રસંગ.

રવિવારનો દિવસ હતો, એટલે નિશાળે તો રજા હતી. સાંજના સમયે હું મારા મિત્રો સાથે ફરવા જતો હતો. પણુ વચમાં એક બનાવ બન્યો. મને થયું કે આ શું છે? આ બધા દોડાદોડ શેની કરે છે?

થોડાક આગળ ગયા કે, આઘેથી ધુમાડા નિકળતાં જોયા. મેં મારા મિત્રોને તે તરફ આંગળી ચીંધી,

# આપ્તમંડળની યોજના

## ધર્મ, સમાજ, સાહિત્ય, શિક્ષણ તથા સંસ્કારનું અગ્રદૂત માસિક 'કલ્યાણ' ઉદ્દેશ અને યોજના.

**ઉદ્દેશ:** જૈન સમાજના ધાર્મિક, સામાજિક, રાજકીય પ્રશ્નોમાં સમાજને યોગ્ય માર્ગદર્શન મળે, એ ખૂબજ મહત્ત્વનું ઉપયોગી કાર્ય છે, આમ જણાતાં આજથી નવ વર્ષ પૂર્વે 'કલ્યાણ' માસિકનું પ્રકાશન કાર્ય હાથ ધર્યું હતું. જે કાળે રાજકીય દૃષ્ટિને હદ ઉપરાંત પ્રાધાન્ય આપીને ધર્મ તથા સમાજના આધ્યાત્મિક વિકાસને અવરોધવા પ્રયત્નો થઇ રહ્યા હોય તે સમયે આવા સાહિત્યનું પ્રકાશન અનિવાર્ય ઉપયોગી છે. 'કલ્યાણ' નો ઉદ્દેશ આજ કારણે સમાજ, ધર્મ તથા શાસનના પ્રત્યેક પ્રશ્નોમાં પૂ. પાદ આચાર્યાદિ સાધુ ભગવંતો તથા ધર્માનુરાગી સદ્‌ગૃહસ્થોની દોરવણીદ્વારા શ્રી સંઘને-જૈન સમાજને સમયોચિત યોગ્ય માર્ગદર્શન આપવાનો છે.

**વ્યવસ્થા ;** આઠ પેજી ક્રાઉન સાઇઝમાં દર મહિને ૬ ફર્મા લગભગનું વાંચન કલ્યાણ આપે છે. વર્તમાનકાલમાં મોંઘવારી અતિશય પ્રમાણમાં વધી રહી છે, છતાં અનેક ઉપયોગી વિષય-વિભાગો દ્વારા 'કલ્યાણ' વિવિધ વિષયસ્પર્શી મનનીય સાહિત્ય જૈન સમાજની સેવામાં રજૂ કરી રહ્યું છે, આમાં મુખ્યપણે મહત્ત્વનો ફાળો 'આપ્ત મંડળની યોજનાનો છે. પૂ. પાદ આચાર્યાદિ મુનિવરોની શુભ-પ્રેરણાથી તથા ધર્મશીલ સાહિત્યપ્રેમી સદ્‌ગૃહસ્થોની સહાયથી આવા વિકટ કાલમાં 'કલ્યાણ' પ્રસિદ્ધ થતું રહ્યું છે, ને ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહ્યું છે. રૂા. પાંચના વાર્ષિક લવાજમમાં આ રીતે દર મહિને ૬ ફર્માનું વાંચન આપવામાં 'કલ્યાણ'ને ખોટ રહે છે, પણ ઉપરોકત 'આપ્ત મંડળની વ્યવસ્થાદ્વારા અત્યાર સુધી દર વર્ષે 'કલ્યાણ'ની આવક-જાવક સરભર રહી છે, તે માટે આપ્ત મંડળના સભ્યો તથા તેમાં પ્રેરણા આપનાર પૂ. પાદ આચાર્યાદિ મુનિવરોના અમે મહદ્અંશે ઋણી છીએ.

**સાહિત્ય વિભાગ:** લબ્ધપ્રતિષ્ઠિત લેખકોથી માંડી ઉગતા લેખકોના લેખો 'કલ્યાણ'માં પ્રસિદ્ધ થયાજ કરે છે. સાહિત્યનાં વિવિધ અંગો ઉપદેશ, કથા, નિબંધ, નાટિકા, પ્રવાસ, આદિ વિષયો પરના લેખો અહિં પ્રગટ થાય

---

અને અમે સઘળા તે જોવા દોડ્યા. જોયું તો ભયંકર આગ ચોમેર ફેલાઇ ચૂકી હતી. હવે એ આગ જલ્દીથી કાબૂમાં આવે એમ ન હતી.

'ખાડો ખોદે તે પડે' એ કહેવત સાચી પડી. પાનવાળાની દુકાનમાં તેનો છોકરો બેઠો હતો. રસ્તામાં ઘાસથી ભરેલી ગાડી જતી હતી, તેમાં તે છોકરાએ એક કાંડી સળગાવી નાખી, અને તેનું આ પરિણામ હતું. આગ ચોમેર ફેલાતી તેની દુકાનને ભસ્મ કરી ચૂકી હતી. તેના માતા-પિતા ઢીલા મોંએ તે તરફ આવ્યા અને છોકરાને માર પણ દીધો. પણ પાછળથી શું થાય! 'થવાનું હતું તે થઇ ગયું' પાછળથી પસ્તાવો કરવાથી શો ફાયદો !

હજારો રૂપિયાનું નુકશાન તો થયું.

સાચે એ પણ અનુભવ મળ્યો કે, યાદ રાખો બીજાનું હિતાહિત જોયા વિના જે કામ કરો છો, તેનું પરિણામ એક દિવસ તમારે પણ ભોગવવાનું આવશે.

શ્રી કુંદનમલ જૈન.

છે. તદુપરાંત પહેલા પેજ પર શ્રી.' નો કોઈ-પણ ઉપયોગી વિષય પરનો ચિંતન લેખ, શંકા સમાધાન, બાલજગત, મધપૂડો, ઈત્યાદિ વિભાગો 'કલ્યાણ'ની વિશિષ્ટતા છે. 'બાલજગત' વિભાગે તો સમાજની ઉગતી પ્રજામાં ખૂબજ રસ તથા પ્રેરણા રેડી છે, તેમાં નિબંધો, લેખો દ્વારા ઇનામી હરિફાઈ અમે યોજી છે, જેથી બાલકિશોરો સ્વયં વિચાર કરી લેખો લખતા થાય. દિન-પ્રતિદિન આ વિભાગ લોકપ્રિય બની રહ્યો છે. તેમજ હમણાં હમણાં 'કલ્યાણ'ના હજારો વાચકોમાં અપૂર્વ આકર્ષણ જેણે જન્માવ્યું છે, તે 'એ શું કરે ?' વિભાગ જે નવમા વર્ષના પહેલા અંકથી 'કલ્યાણ'માં શરૂ કર્યો છે, તે વિભાગને સ્વતંત્ર વિભાગ તરીકે અમે પ્રસિદ્ધ કરી રહ્યા છીએ. જેમાં સમાજ, ધર્મ તથા સંસારની આજુબાજુ ચાલી રહેલી પરિસ્થિતિને વણીને કોયડારૂપે રજુ કરવામાં આવે છે, જેના તરફના આને અંગે જવાબો આવે છે, તે જવાબોમાં શ્રેષ્ઠ જવાબના લેખકોને ઇનામોની વહેંચણી થાય છે, આ રીતે 'કલ્યાણ'નો સાહિત્ય વિભાગ દિન-પ્રતિદિન સમૃદ્ધ બનવા સાથે લોકપ્રિય બનતો જાય છે.

**કલ્યાણની લોકપ્રિયતા :** આ બધી સિદ્ધિઓ 'કલ્યાણે' પ્રાપ્ત કરી છે, તે માટે અમે અમારા સર્વ લેખકો, શુભેચ્છકો તથા હજારો વાચકોના અનેક રીતે ઋણી છીએ. 'કલ્યાણે' આજે જૈન-જૈનેત્તર વર્ગનો ચાહ મેળવ્યો છે. આજે સહુ કોઈ 'કલ્યાણ'-ની પ્રગતિ ને પ્રશંસાનાં પુષ્પોથી સન્માની રહ્યા છે, આના જેવું ધાર્મિક, સામાજિક તથા રાજકીય દૃષ્ટિએ સમાજસ્વાસ્થ્યની હિત-ચિંતાનું સમર્થક માસિક સમગ્ર જૈનસમાજમાં એક પણ નથી, એમ અમે ગૌરવપૂર્વક કહીએ છીએ, આ હકીકતની સાબીતી માટે 'કલ્યાણ' નો કોઈ પણ અંક જોવાથી ખાત્રી થઈ શકશે.

**તમારી સહાય જોઈએ છે :** ધર્મ, શાસન તથા સંસ્કૃતિના ઉત્થાનમાં વેગ આપનારા આ સાહિત્ય પ્રચારની આજે સમાજમાં જરૂર છે, વર્તમાન રાજકારણના મલીન વાતાવરણમાં ધર્મસ્વાતંત્ર્ય આજે ચોમેરથી જોખમાઈ રહ્યું છે, આ સ્થિતિમાં આપણે દરેક રીતે જાગતા રહેવાની જરૂર છે, આ માટે દુનિયાના ખૂણે ખૂણે 'કલ્યાણ'દ્વારા સમાજનો અવાજ રજુ કરવા 'કલ્યાણ'ના ઉત્થાનમાં તમારે સહાયક બનવાની અતિશય આવશ્યકતા છે. 'કલ્યાણ'ના સંચાલન માટે અમારી પાસે કોઈ ભંડોળ નથી, ફક્ત આપ્તમંડળની યોજનાદ્વારા 'કલ્યાણ' દર વર્ષે પોતાની ખોટ પૂરે છે. 'કલ્યાણ'ને હજુ પણ વધુ ને વધુ સમૃદ્ધ બનાવવાની અમારી અભિલાષા છે, તો આપ સહુ ધર્માનુરાગી સદ્‌ગૃહસ્થો અમારા કાર્યને વેગ આપવા શક્ય સઘળીયે તન, મન, ધનથી સહાય કરો ! પર્વદિવસોમાં કે સારા પ્રસંગોમાં આપ 'કલ્યાણ'ને યાદ કરી તેના સહાયક ફંડમાં 'ફૂલ નહિ તો ફૂલની પાંખડી' ભેટરૂપે અવશ્ય મોકલાવશો, આપની મમતાભરી લાગણી, કે હૂંફ એ 'કલ્યાણ'ની મહામૂલ્ય મૂડી છે.

**આપ્તમંડળની યોજના :** આપ્તમંડળના સભ્યો એટલે 'કલ્યાણ'નાજ અંગત હિતચિંતકો છે. જેઓ તન, મન, તથા ધનથી 'કલ્યાણ'ને શક્ય સહાય કરવા ઉત્સુક છે, 'કલ્યાણ'ની પ્રવૃત્તિના એ મુખ્ય આધાર-સ્થંભો છે, તમારૂં શુભનામ 'આપ્તમંડળ'ની યોજનામાં નોંધાવી 'કલ્યાણ'ની પ્રવૃત્તિના સ્થંભરૂપ બનો, આપ્તમંડળની યોજના આ પ્રમાણે છે.

રૂા. ૨૦૧, આપનાર આજીવન સંરક્ષક સભ્ય
રૂા. ૧૦૧, આપનાર આજીવન સહાયક સભ્ય
રૂા. ૫૧, આપનાર દશ વર્ષીય શુભેચ્છક સભ્ય
રૂા. ૨૫, " પંચવર્ષીય " "
રૂા. ૧૧, " દ્વિવર્ષીય " "

આ યોજનામાં આપ જોડાઇ, અન્યને જોડાવા પ્રેરણા કરી, 'કલ્યાણ' દ્વારા ચાલતી સાહિત્ય સેવાને વધુ વેગ આપો! આપશ્રીનું શુભ નામ આપ્ત મંડળમાં નોંધાવવાથી 'કલ્યાણ' સંસ્થા તરફથી ભેટ પુસ્તકો પણ આપશ્રીને મળશે. અત્યાર સુધી 'કલ્યાણે' લગભગ ૧૦ જેટલા મ્હોટા-નાનાં પુસ્તકો સભ્યોને ભેટ આપ્યાં છે. આપશ્રી આ યોજનાનો લાભ લઇ અમારા માનદ મુરબ્બી બનો અને 'કલ્યાણ'ને વિશેષ સમૃદ્ધ બનાવો! એ અમારી અભિલાષા છે.

**જાહેરાત માટે ઉત્તમ સાધન:** હાલ 'કલ્યાણ'ની ૨૦૦૦ નકલો છપાઇ રહી છે. હવેથી એ આંકડો ૨૫૦૦ ઉપર જવા સંભવ છે. ગૂજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મહારાષ્ટ્ર, મારવાડ માલવા, મેવાડ. યુ. પી. પંજાબ. મધ્યપ્રાંત, બંગાલ, મદ્રાસ. એડન, આફ્રીકા, મલબાર. કોચીન આદિ દેશ પરદેશમાં 'કલ્યાણ'નો બહોળો પ્રચાર છે. જૈન સમાજમાં ઘેરઘેર વંચાય છે. લાખો જૈનો 'કલ્યાણ'ને મમતાથી આવકારે છે. આપણો સમાજ વ્યાપારી સમાજ છે, 'કલ્યાણ'દ્વારા વ્યાપાર-વ્યવસાયનો દેશ-પરદેશમાં ફેલાવો કરી, તમારે તમારૂં ગ્રાહક મંડળ વિસ્તૃત કરવું હોય તો તમે અમને જાહેરાત માટે જણાવો. જાહેરાતના ભાવ બહુજ ઓછા છે. અશ્લીલ તથા અશિષ્ટ જાહેર ખબરો 'કલ્યાણ'માં લેવાતી નથી.

'કલ્યાણ' અંગેનો સઘળોયે પત્ર વ્યવહાર આ સીરનામે કરવો.

**શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર**
**પાલીતાણા [સૌરાષ્ટ્ર].**

# 'આપ્તમંડળ'ના સભ્યોની શુભ નામાવલી

## (૧) રૂા. ૨૦૧, આપનાર સંરક્ષણ મંડળના આજીવન સભ્યો.

| | | |
|---|---|---|
| ૧ | શેઠ શાંતિલાલ મણીલાલ શ્રોફ | ખંભાત |
| ૨ | ,, રમણલાલ દલસુખભાઇ | મુંબઇ |
| ૩ | ,, કાંતિલાલ ઉજમશી શ્રોફ | ખંભાત |
| ૪ | ,, બાબુભાઇ છગનભાઇ ,, | મુંબઇ |
| ૫ | ,, કલ્યાણભાઇ છગનલાલ નાણાવટી | ,, |
| ૬ | શ્રી. સી. પી. દોશી એન્ડ કું. હા. શેઠ મગનલાલભાઇ | મુંબઇ |
| ૭ | રાવબહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી | મુંબઇ |
| ૮ | ,, ,, દામજીભાઇ જેઠાભાઇ જે. પી. | દાદર |
| ૯ | શેઠ મણીલાલ વનમાળીદાસ | કલકત્તા |
| ૧૦ | ,, ભાઇચંદ અમુલખભાઇ | ઘાટકોપર |
| ૧૧ | જૈનશાળા સંઘ | ખંભાત |
| ૧૨ | શેઠ શ્રી ભોગીલાલ મગનલાલ મહાલક્ષ્મી મીલ્સવાળા | ભાવનગર |

## (૨) રૂા. ૧૦૧, આપનાર સહાયક મંડળના આજીવન સભ્યો.

| | | |
|---|---|---|
| ૧ | શેઠ જયંતિલાલ બહેચરદાસ દોશી | મુંબઈ |
| ૨ | ,, પોપટલાલ પરશોતમદાસ | ,, |
| ૩ | ,, રમણલાલ વજેચંદ | ખંભાત |
| ૪ | ,, ભોગીલાલ ગીરધરલાલ | મુંબઇ |
| ૫ | ,, ઝવેરચંદ પ્રાગજીભાઇ ઝવેરી | જામનગર |
| ૬ | ,, છોટાલાલ હેમચંદ પટણી | રાજકોટ |
| ૭ | ,, મનુભાઇ લાલભાઈ ચંદુલાલ ઝવેરી | અમદાવાદ |
| ૮ | ,, કનુભાઇ લાલભાઇ ચંદુલાલ ઝવેરી | ,, |
| ૯ | ,, જગજીવનદાસ શેષકરણ | જુનાગઢ |
| ૧૦ | દોશી સૌભાગ્યચંદ કુંદનમલ | મુંબઈ |
| ૧૧ | શેઠ રમણલાલ ડાહ્યાભાઇ ઝવેરી | અમદાવાદ |
| ૧૨ | ,, ફુલચંદ પરશોતમદાસ તંબોળી | જામનગર |
| ૧૩ | ,, ત્રંબકલાલ છગનલાલ | વઢવાણકેમ્પ |
| ૧૪ | શ્રી નંદરબાર જૈન સંઘ | નંદરબાર |
| ૧૫ | શ્રી શાંતિભુવન જૈન ઉપાશ્રય | જામનગર |
| ૧૬ | શેઠ નરોતમદાસ છગનલાલ મોદી | રાણપુર |
| ૧૭ | શ્રી લાલબાગ જૈન ઉપાશ્રય | મુંબઇ |
| ૧૮ | શ્રી સરીયદ જૈન સંઘ | સરીયદ |
| ૧૯ | શેઠ ગુલાબચંદ ગફલભાઇ | હળવદ |
| ૨૦ | શ્રી અજિત જૈન મંડળ | બગવાડા |
| ૨૧ | શેઠ હિંમતલાલ ભગવાનજી | દાદર |
| ૨૨ | ,, રમણલાલ સી. શાહ | કલકત્તા |
| ૨૩ | ,, મુળચંદભાઇ વાડીલાલ શાહ | મુંબઈ |
| ૨૪ | ,, જેઠાભાઇ નેણસીભાઇ | માટુંગા |
| ૨૫ | ,, શાન્તિલાલ અમૃતલાલ | મુંબઇ |
| ૨૬ | ,, ફુલચંદભાઇ વનમાળીદાસ | સાવરકુંડલા |
| ૨૭ | ,, રામચંદ માણેકચંદ | મુંબઇ |

## (૩) રૂા. ૫૧, આપનાર શુભેચ્છક મંડળના સભ્યો.

| | | |
|---|---|---|
| ૧ | શેઠ માણેકચંદ પુંજાભાઇ | મુંબઇ |
| ૨ | ,, કેશવલાલ વજેચંદ કાપડીયા | ખંભાત |
| ૩ | ,, મુળચંદ ડાહ્યાભાઇ દલાલ | ,, |
| ૪ | ,, હિરાલાલ ઉમેદચંદ | ,, |
| ૫ | ,, અમરચંદ મંગુભાઇ | ,, |
| ૬ | ,, ચંદુલાલ કેશવલાલ | ,, |
| ૭ | શ્રી સીપોર જૈન સંઘ | સીપોર |
| ૮ | શેઠ વાડીલાલ છોટાલાલ | વીસનગર |
| ૯ | ,, મોહનલાલ સખારામ | પુનાસીટી |
| ૧૦ | ,, કાંતિલાલ હંસરાજ | રાજકોટ |
| ૧૧ | ,, મફતલાલ મોહનલાલ | અંધેરી |
| ૧૨ | સંગીતરત્ન હીરાલાલ દેવીદાસ | અમદાવાદ |
| ૧૩ | શેઠ મણીલાલ ડોસાભાઇ ખાંડવાળા | પાટણ |
| ૧૪ | શ્રી કાશીપુરા જૈન ઉપાશ્રય | બોરસદ |
| ૧૫ | શેઠ ચતુરદાસ નગીનદાસ | બેલગામ |
| ૧૬ | ,, ભોગીલાલ બબલદાસ | મુંબઇ |
| ૧૭ | ,, બાબુલાલ છોટાલાલ | નંદરબાર |
| ૧૮ | ,, હિંદુમલજી જીતરાજજી | કોલ્હાપુર |
| ૧૯ | ,, ફોજાજી મેરામચંદ | નંદરબાર |
| ૨૦ | ,, ઉમેટા જૈન સંઘ | ઉમેટા |
| ૨૧ | ,, દેવચંદ હરખચંદ | પુના |
| ૨૨ | શેઠ કાંતિલાલ મહાદેવભાઇ | માંડવી |
| ૨૩ | ,, વાડીલાલ વીરચંદ | સુરત |
| ૨૪ | ,, માણેકચંદ પોપટલાલ | થાનગઢ |
| ૨૫ | ,, કેશરીચંદ બાલુભાઇ ઝવેરી | મલાડ |
| ૨૬ | ,, ચતુરદાસ ચીમનલાલ | અમદાવાદ |
| ૨૭ | ,, અમુલખ સુંદરજી કપાસી | મુંબઈ |
| ૨૮ | ,, કાંતિલાલ કકલભાઇ દસાડીયા | ,, |
| ૨૯ | ,, અમૃતલાલ મગનલાલ | ,, |
| ૩૦ | શેઠ લીલાધર મેઘજીભાઇ | દાદર |
| ૩૧ | સંઘવી મોહનલાલ ગોકળદાસ | મુંબઈ |
| ૩૨ | શેઠ ચંપાલાલ જુમખરામ | મુંબઇ |
| ૩૩ | ,, બેચરદાસ હરીચંદ | ,, |
